


ગ્રામદક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર : આંબલા

આ જ લેખકનાં
બીજાં પુસ્તકો

*

સાગરસમ્રાટ
સાહસિકોની સૃષ્ટિ
પાતાળપ્રવેશ
ખજાનાની શોધમાં
મહાન મુસાફરો
૮૦ દિવસમાં
પૃથ્વીપ્રદક્ષિણા
ચંદ્રલોકમાં
ધરતીને મથાળે
અંધારના સીમાડા
નાનસેન
લા'મિઝરેબલ (બે ભાગ)

હવે પછી

અબ્રાહમ લિંકન
ઓલિવર ટ્વિસ્ટ
ડેવીડ લિવિંગ્સ્ટન

ગ્રામદક્ષિણામૂર્તિ પ્રકાશન – ૯

ગગનરાજ

મૂળ લેખક
જુલે-વર્ન

ગુજરાતીમાં ઉતારનાર
મૂળશંકર મો. ભટ્ટ

મુખ્યવિક્રેતા
ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
ભીમરાજ બિલ્ડિંગ, કાલબાદેવી : મુંબઈ-૨
ફરનાન્ડિઝ પુલ નીચે, ગાંધીમાર્ગ : અમદાવાદ

પહેલી આવૃત્તિ
૧૧૫૦ નકલ

પ્રાપ્તિસ્થાનો

ભારતી સાહિત્ય સંઘ લિ.
મુંબઈ : : : અમદાવાદ

ગ્રામદક્ષિણામૂર્તિ પ્રકાશન
આંબલા – (સોનગઢ)

મૂલ્ય
૨–૦–૦
[ટ. ખ. જુદું]

પ્રકાશક
નાનાભાઈ ભટ્ટ
ગ્રામદક્ષિણામૂર્તિ
આંબલા-સોનગઢ (B.S.RY.)

મુદ્રક
શાંતિલાલ છોટાલાલ પારેખ
શ્રી સરસ્વતી છાપખાનું
દાણાપીઠ : : ભાવનગર

પ્રસ્તાવના

જુલે-વર્નના 'Clipper of the clouds' નામના પુસ્તકનું આ ગુજરાતી ભાષાંતર છે. મૂળ પુસ્તકમાંનું લગભગ બધું જ આમાં ઉતારેલું છે. વિજ્ઞાનની હકીકતો પણ લગભગ બધી જ આમાં રહેવા દીધી છે.

જુલે-વર્ને જેમ 'સાગરસમ્રાટ' દ્વારા સબમરીનની કલ્પના કરેલી, ને તે આજે કલ્પના મટીને હકીકત બની ગઈ છે, તેમજ તેણે બલૂનના યુગમાં એરોપ્લેનની કલ્પના વિજ્ઞાનના સિદ્ધાંતોને આધારે કરેલી. આજે તે કલ્પનાથી પણ ક્યાંય આગળ વિજ્ઞાન પહોંચી ગયું છે. આ રીતે એક વિજ્ઞાનની કલ્પનિક કથામાં ભવિષ્યના વિજ્ઞાનની શાસ્ત્રીય કલ્પનાની સાથે વાર્તાના રસને ગૂંથવાની જૂલે-વર્નની કળા તેનાં બીજાં પુસ્તકોની જેમ આમાં પણ પ્રગટ થાય છે, અને એથી તે કલ્પનાપ્રિય કિશોરમિત્રોને રસિક થઇ પડશે એમ માનીને ગુજરાતીમાં એ કથા ઉતારી છે.

ગ્રામદક્ષિણામૂર્તિ
આંબલા
બેસતું વરસ, ૨૦૦૪

મૂળશંકર મો. ભટ્ટ

અનુક્રમણિકા

પ્રકરણ	નામ	પૃષ્ઠ
૧લું	આકાશી માયા	૧
૨જું	વેલ્ડન સંસ્થા	૯
૩જું	રોબુર	૧૬
૪થું	ભેદમાં ભેદ	૨૬
૫મું	આકાશી કારાગૃહ	૩૩
૬ઠું	આલ્બેટ્રોસ	૪૩
૭મું	ઊડતું કેદખાનું	૫૦
૮મું	અમેરિકાનો છેડો	૬૨
૯મું	વહેલનો શિકાર	૭૨
૧૦મું	ચાલુ વિમાને સમુદ્રસ્નાન	૮૧
૧૧મું	યુરોપના આકાશમાં	૯૬
૧૨મું	મુક્તિદાતા વિમાન	૧૦૨
૧૩મું	દક્ષિણ ધ્રુવ તરફ	૧૧૨
૧૪મું	લંગર નાંખ્યું	૧૨૦
૧૫મું	મુક્તિ	૧૩૩
૧૬મું	આલ્બેટ્રોસનો અંત	૧૪૪
૧૭મું	વેલ્ડન સંસ્થાની બીજી બેઠક	૧૫૧
૧૮મું	આલ્બેટ્રોસ કે તેનું ભૂત?	૧૫૯
૧૯મું	વિજય	૧૬૬

પ્રકરણ પહેલું

આકાશી માયા

ધડુમ ! ધડુમ !

પિસ્તોલના બે ય બાર એકી સાથે થયા. થોડેક દૂર નિરાંતે ચરતી એક ગાયના વાંસામાં એક ગોળી વાગી. સામસામી પિસ્તોલ તાકીને ઊભેલા બંને સજ્જનોમાં-થી કોઈને કંઈ ઈજા નહોતી થઈ.

આપણને ખબર નથી કે આ બંને સજ્જનો કોણ છે. પણ એટલું તો તરત જ જણાઈ આવે છે કે ઉમ્મર-માં મોટા લાગતા સજ્જન અમેરિકન છે અને બીજા ભાઈ અંગ્રેજ છે. અલબત્ત એમાંથી કોઈ એટલા નાના નહોતા કે ગોળી ક્યાં છોડવાની છે, તેની ખબર ન હોય.

ઘાસનું અધુું ચાવેલું તરણું લઈને પોતાના છેલ્લા શ્વાસ લઈને ઢળી પડેલી ગાયનો શોક કરવો મૂકીને આપણે એ જોઈએ કે કઈ જગ્યાએ આ બે બારોના નિશાનબાજ દ્વંદ્વયુદ્ધ ખેલી રહ્યા હતા.

દુનિયાના પ્રખ્યાત નયાગરા ધોધથી ત્રણેક માઈલ ઉપરવાસ નયાગરા નદીના ડાબા કાંઠા પર આ બનાવ બની રહ્યો હતો.

પણ આ ઉગ્ર ઝઘડાનું કારણ પણ આપણે જાણી લેવું જોઈએ.

અંગ્રેજ દેશભક્ત અમેરિકન પાસે જઈને કહે: 'એ ઈંગ્લાંડનું જ રાષ્ટ્રગીત હતું, 'રૂલ બ્રિટાનિયા.''

'અને હું ખાતરીથી કહું છું કે એ અમેરિકાનાં સંયુક્ત રાજ્યોનું રાષ્ટ્રગીત હતું, 'યાન્કી ડુડલ.'

આ ચર્ચા વળી પાછી ઉગ્ર રૂપ ધારણ કરે, અને વળી એકાદ બીજી ગાય ઓછી થાય એ બીકે આ બંને વીરોના સાથીઓ વચ્ચે પડ્યા.

'હવે એમ માનો કે 'રૂલ ડુડલ' અને 'યાન્કી બ્રિટાનિયા' એવું વાગતું હતું તો કંઈ વાંધો છે? તો પછી આપણે નાસ્તાનું કામ પતાવી દઈએ.'

આ રીતે બે ય રાષ્ટ્રગીતો વચ્ચે થયેલા સમાધાનથી અને નાસ્તાના સમાચારથી સંધિ થઈ ગઈ. અને અમેરિકન અને અંગ્રેજ મિત્રો નાસ્તા ઉપર પહોંચી ગયા. હવે એમના નાસ્તામાં આપણે ભાગ નહિ પડાવીએ. પણ આ ઝઘડાનું મૂળ શું હતું તે જોઈએ.

વાત એમ હતી કે છેલ્લા એક મહિનાથી આકાશમાં કંઈક એવી ચમત્કારિક માયા થવા લાગી હતી કે તેણે દુનિયામાં બે ય ગોળાર્ધમાં–પૂર્વ અને પશ્ચિમમાં–ઉપાડો લીધો હતો. હજુ તો ગઈકાલે રાતે જ કેનેડા અને અમેરિકાનાં સંયુક્ત રાજ્યોની બરાબર હદવાળા પ્રદેશમાં આકાશવાણી જેવો અવાજ થયો, અને તેમાં કેટલાક લોકોએ 'રૂલ બ્રિટાનિયા'નું અંગ્રેજોનું રાષ્ટ્રગીત વાગતું

સાંભળ્યું, અને કેટલાકે 'યાન્કી ડુડલ'નું અમેરિકન રાષ્ટ્રગીત સાંભળ્યું. એમાંથી વાદવિવાદ થયો. વાદવિવાદમાંથી ઝગડો અને ઝગડામાંથી વાત મારામારી ઉપર આવી ગઈ. અલબત્ત મારામારીનું પરિણામ નાસ્તામાં આવ્યું એટલું સારું થયું. આપણને એ એમાંથી ગમે તે ગીત વાગ્યું હોય તેની સામે વાંધો નથી સવાલ એ હતો કે આ અવાજ કોનો આવતો હતો.

આજે અમેરિકાના આકાશમાં એ અવાજ સંભળાયો તો બીજે દિવસે પાછો યુરોપના આકાશના વાતાવરણમાં એ સંગીત ગુંજવા લાગ્યું, તો ત્રીજે દિવસે વળી એશિયાના ચીનનું આકાશ બોલવા લાગ્યું.

દુનિયાના તમામ દેશોમાં પહેલાં તો કુતૂહલ જાગ્યું, ને પછી ચિંતા પણ થવા લાગી. આપણે રહેતા હોઈએ તે મકાનમાં કાંઈક ભણકારા થતા હોય, તો આપણે પહેલાં તો એ ભણકારા શેના થાય છે તેની તપાસ કરીએ પણ અંતે કંઈ પત્તો ન લાગે તો શું કરીએ? મકાન બદલી નાખીએ. પણ આ આખી દુનિયામાં આ ભણકારા ગાજી રહ્યા હોય ત્યારે ક્યાં જવું? કંઈક ચંદ્ર કે મંગળ કે શુક્રના ગ્રહમાં રહેવા જવાય છે? એટલે એ અવાજોનું કારણ શોધી કાઢ્યે જ છૂટકો. એક વાત નક્કી કે અવાજ એ પૃથ્વીના વાતાવરણના જ પડમાં થાય છે. કારણકે હવા હોય ત્યાં જ અવાજ હોય, અને હવા પૃથ્વીની આસપાસ બહુ તો છ-સાત માઈલ સુધી ફેલાયેલી છે.

છાપાવાળાઓને તો આવું કંઈક બને એટલે તડાકો

જ પડે. શંકા–કુશંકા, પ્રશ્નો ઊભા કરીને તેના ઉત્તરો પણ ઊભા કરે, અને તેમાંથી નવા પ્રશ્નોની પરંપરા શરૂ થાય. કેટલીયે અટકળો, લોકોમાં કૂતુહલ અને ભય ઊભાં થાય તે હેતુથી જ વહેતી મૂકવામાં આવતી. અને કેટલાય સામાન્ય લોકોના પ્રાણ એ છાપાં સાથે જ ઊડતા હતા.

બીજી બાજુથી દુનિયાની તમામ વેધશાળાઓના ખગોળશાસ્ત્રીઓની ઉપાધિનો પાર નહોતો. આકાશમાં લાખો અને કરોડો માઈલ દૂર આવેલા તારા તથા ગ્રહોને પકડી પાડનાર આ ખગોળશાસ્ત્રીઓ પૃથ્વીથી થોડા જ માઈલ દૂર બનતા આ બનાવને ન શોધી કાઢી શકે તો એ ખગોળશાસ્ત્રીઓને શું ધોઈ પીવા છે ?

ખગોળશાસ્ત્રીઓએ પોતાની વેધશાળામાં બેસીને રાતોની રાતો દૂરબીનનાં ભૂંગળાં માંડીને આંખો ખેંચ્યા કરી પણ એને પરિણામે ઊલટું તોફાન વધ્યું. અત્યાર સુધી છાપાંઓની સાઠમારી ચાલતી હતી. હવે ખગોળ-શાસ્ત્રીઓની શબ્દોની સાઠમારી વધી.

એક વાત નક્કી હતી કે આકાશમાં જુદાં જુદાં સ્થળો વચ્ચે આ પ્રકાશ દેખાવાનો જે સમયનો ગાળો હતો તે ઉપરથી તો એમ લાગતું હતું કે આ પ્રકાશની ગતિ કલાકના ૧૨૦ માઈલથી પણ વધારે હોવી જોઈએ. આ બધી લીલા રાતે જ થતી હતી. દિવસે બધું શાંત.

ઈંગ્લાંડમાં તો વળી ખૂબ ચકચાર જામી હતી. કારણકે તે તો આખી દુનિયામાં બધી જગ્યાએ પોતાના સામ્રાજ્યનો પથારો પાથરીને પડ્યું હતું. આ આકાશમાં

દેખાતી માયા ધરતીને એક છેડેથી બીજે છેડે વ્યાપેલી હતી. ત્યાં તેને ક્યાંથી પકડવી ? આ માટે ખગોળ-શાસ્ત્રીઓએ તેનો નિકાલ આ રીતે કર્યો.

'આકાશમાં કંઈ છે જ નહિ.'

પણ એક જણે કહ્યું: 'એ તો દૃષ્ટિવિભ્રમ હતો.'

બીજો કહે: 'ના એ તો શ્રુતિવિભ્રમ છે.'

ત્રીજાએ બંનેમાંથી વચલો માર્ગ કાઢ્યો: 'એ ભ્રમ જ છે. બીજું કાંઈ નથી.'

વૈજ્ઞાનિકો આ રીતે થાક્યા. પણ સામાન્ય લોકો કંઈ થાકે ? એમણે તો નવા ને નવા સિદ્ધાંતો ઊભા કરવા માંડયા અને કુદરતે આવા સામાન્ય લોકોની સંખ્યા દુનિયામાં વધારે રાખી છે. ખગોળશાસ્ત્રીઓ અને હવામાનશાસ્ત્રીઓ અનેક રાતોના ઉજાગરા પછી માંડ કંટાળીને સૂતાં હતા, ત્યાં વળી એ માયાવી પદાર્થે તેમને ઢંઢોળીને ઉઠાડ્યા. ૨૬, ૨૭ તારીખે નોર્વેમાં આવેલ ફિન્માર્કની વેધશાળામાં, અને ૨૮, ૨૯ તારીખે સ્વીડનના તાબાના સ્પિટ્સબર્ગન પરની વેધશાળામાંથી એવા ખબર આવ્યા કે ઉત્તર ધ્રુવમાં થતા પ્રકાશમંડળમાં (Aurara Borialis) એક મોટું રાક્ષસી કદનું પક્ષી ઊડતું માલમ પડ્યું હતું. તેનો આકાર બરાબર પારખી શકાય તેમ ન હતું, પણ તેના શરીરમાંથી કાંઇક નાના ટુકડાઓ નીકળીને બોમ્બની જેમ ફૂટતા દેખાતા હતા.

આ વેધશાળાના અહેવાલ માટે યુરોપમાં કોઈને શંકા ન હતી. એનું સૌથી મહત્ત્વનું કારણ તો એ હતું કે

પહેલી જ વાત એક બાબત ઉપર આ નોર્વેના તથા સ્વીડનના લોકો એક મતના થયા હતા.

પણ અમેરિકામાં તો આ વાતને એક રમૂજી ટુચકા તરીકે જ ગણવામાં આવતી હતી. દુનિયાને એક ખૂણે ચીન જેવા પછાત દેશમાં આવેલ એક નાનકડી વેધશાળાના પંડિતે વળી એક નવો જ તુક્કો લગાવ્યો. તેણે ખાતરીપૂર્વક કહ્યું કે આકાશમાં દેખાતું એ પક્ષી કોઈ યાંત્રિક બનાવટની વસ્તુ હોવી જોઇએ.

જગતના વૈજ્ઞાનિકોએ તેને ધુતકારી કાઢયો. ચીનો વળી વિજ્ઞાનમાં શું સમજે ?

અમેરિકન વૈજ્ઞાનિકો કેવળ યુરોપીય વૈજ્ઞાનિકોની ઠેકડી કરવામાં જ નહોતા રોકાઈ ગયા. સાથે સાથે એમનું અવલોકનકાર્ય તો ચાલુ જ હતું. ઘણી ખરી વેધશાળાના પંડિતો એક બાબતમાં સહમત થયા હતા, અને તે એ કે આકાશમાં કંઈક વિચિત્ર પ્રકાશિત આકૃતિ દેખાઈ હતી પણ અમેરિકાના એક છેડેથી બીજે છેડે આવેલ દરેક વેધશાળામાં તે આકૃતિ તે જ કલાકે તે જ મિનિટે અને તે જ સેકંડે દેખાઈ હતી એ એક મોટી પંચાત હતી. આના ઉપરથી એક અનુમાન એવું તારવવામાં આવ્યું કે તે પ્રકાશિત આકૃતિ ખરતા તારાની જ હતી. પણ ખરતા તારામાં સંગીતની પણ ગોઠવણ રાખવામાં આવી હોય એ નવી વાત હતી.

આ રીતે અનુમાનોએ અનુમાનોના છેદ ઊડવા લાગ્યા, અને પાછળ રહ્યું શૂન્ય. એક પેલા ચીના વૈજ્ઞાનિક-

નો અભિપ્રાય અવિભાજ્ય અવયવ જેવો હતો પણ એ એ તો ચીનાનો અભિપ્રાય !

આમ પાછું વાતાવરણ શાંત પડવા લાગ્યું હતું ત્યાં વળી પાછું દુનિયાના એક છેડેથી બીજે છેડે સુધી પેલું ચમત્કારી આયાદશ્ય નજરે ચડયું. આ વખતે તો આકાશમાં એક કાળો વાવટો ફરકતો દેખાયો. આ કાળા વાવટામાં ચારે ય કોર તારાઓ સઢેલા હતા. અને વચ્ચે સોનેરી સૂર્ય પ્રકાશતો હતો !

પ્રકરણ બીજું

વેલ્ડન સંસ્થા

'હવે હું કહી દઉં છું કે એક અક્ષર જો વિરુદ્ધ....'

'અરે તમારાથી થાય તે કરી લેજો. જમીન કાંઈ કોઈના બાપની નથી. આ ધરતી ઉપર ઊભા છીએ ત્યાં સુધી ગમે તેની વિરુદ્ધ બોલશું.'

'તે શું મને દબડાવો છો એમ?'

'કહું છું, ખબરદાર! જોઈ વિચારીને બોલજો, ઍટ ફિલન.'

'અને તમે ય જીભ સંભાળીને બોલજો! ડાહ્યા કાકા.'

'મેં કેટલી વાર કીધું કે પંખો પછવાડે જ હોવો જોઈએ.'

'અમે પણ એમ જ માનીએ છીએ.' બીજા પચાસ જેટલા અવાજો એકી સાથે ગાજી ઊઠ્યા.

'ના, એ પંખો આગળના ભાગમાં જ જોઈએ.' ફિલ ઇવાન્સે કહ્યું.

'હા, હા, આગળ જ જોઈએ.' બીજા પચાસ અવાજોએ પાછળ સૂર પુરાવ્યો.

'આ વાતમાં કોઈ રીતે આપણે એકમત થવાના નથી.'

'કદી નહિ, કદી નહિ.'

'તો પછી આ ઝઘડાનો કંઈ અર્થ જ નથી.'

'આ ઝગડો નથી, ચર્ચા છે.'

આ ચર્ચા છે એનો ખ્યાલ ઉપરના સંવાદથી કોઈ રીતે આવે તેમ નથી. પણ ખરેખર આ ચર્ચા હતી. અને તે અમેરિકાના મોટા શહેર ફિલાડેલ્ફિયામાં આવેલ વેલ્ડન સંસ્થાના એક વિશાળ સભાગૃહમાં ચાલી રહી હતી.

ફિલાડેલ્ફિયા રંગબેરંગી શહેર છે. કોઈ પણ પ્રવૃત્તિ–પછી તે રાજકીય હોય કે સામાજિક, ધાર્મિક હોય કે નાટકની–નું એકાદ મંડળ તો આ શહેરમાં ખરું. પણ એમાં હવાઈ ઉડ્ડયનની બાબતમાં શોધખોળ અને તે પ્રવૃત્તિને વેગ આપવા માટે રચાયેલું મંડળ સૌથી મોટામાં મોટું હતું. ૧૨મી જૂને સાંજના આ મંડળની મોટી સભામાં આપણે આવી ચડ્યા હોઈએ તો જ એની ખાતરી થાય.

ધક્કામુક્કી, હાથના ઉછાળાઓ, બૂમરાણ, દલીલબાજી, લાલપીળા થઈને ચાલતી ચર્ચા, આ બધું જોતાંવેંત એમ જ લાગે કે અહીં કોઈ ભારે મોટી કટોકટી ઊભી થઈ હોવી જોઈએ. ઊંચા આસન પર બેઠેલ પ્રમુખ અને ઊંચી બંને બાજુ બેઠેલ મંત્રી તથા ખજાનચીનું આ ધમાલને શાંત કરવાનું ગજું નહોતું. આ બધી ધમાલના મૂળમાં વાત આ હતી:

૧૯મા સૈકાની અંદર બલૂનોની બાબતમાં જે ઘણા પ્રયોગો થયા, તેમાં એક મુશ્કેલી એ હતી કે બલૂન

આકાશમાં તો ચડતું હતું, પણ પછી પવન તેને ફાવે ત્યાં લઈ જાય. અને તો ય તેની અંદર બેઠેલા માણસો કંઈ કરી શકે નહિ. બલૂનકારોને માટે આ એક મોટી મુશ્કેલી હતી. અને સુકાનવાળું અને મશીનવાળું બલૂન બનાવવા માટે કેટલાક વૈજ્ઞાનિકો પ્રયોગો કરતા હતા.

૧૮૫૧માં હેન્રી જીફોર્ડે બલૂનના ડબ્બાને પંખો લગાવીને તેના વડે બલૂનને ચોક્કસ દિશામાં ગતિ આપવાનો પ્રયોગ કર્યો. આ પછી પંખાના કદમાં, પ્રકારમાં, સંખ્યામાં અનેક પ્રકારના પ્રયોગો થયા. અને આમાંથી કેટલાક પ્રયોગો સફળ થયા. બલૂનને પણ હાંકી શકાય ખરું! પણ આ પ્રયોગની કેટલીક મર્યાદા હતી. એક મોટા ઓરડામાં નાનકડા બલૂનને આ પ્રમાણે પંખો લગાનીને ઉડાડી જોયું તો બલૂન બરાબર ધાર્યું ઊડી શકતું હતું. બરાબર ખુલ્લામાં, શાંત હવામાં એટલે કે પવનની ગતિ સેકંડના ૬ થી ૭ વારની હોય ત્યારે પણ તે બલૂન ઊડી શકતું. સેકંડના નવ વારની ઝડપે વાતા પવનમાં આ બલૂન ત્યાંનું ત્યાં રહેતું. સેકંડના ૧૧ વારની ઝડપે પવન વાતો એટલે બલૂન પીછેહઠ શરૂ કરી દેતું. તોફાની પવનમાં તો બલૂન પીછાંની જેમ ઊડવા માંડતું. વાવાઝોડામાં તો બલૂન ક્યાંનું ક્યાં ય અથડાઈને ચૂરેચૂરા બની જતું. સુકાનવાળું બલૂન પણ પવનમાં નકામું હતું.

વળી બલૂનને ગતિ આપવા માટેનાં યંત્રોના પ્રયોગો પણ ઠીક ઠીક થયા હતા. હેન્રી જીફોર્ડનું વરાળયંત્ર, ડુપ્યુ દ લોમે મૂકેલું મનુષ્યના હાથથી ચાલતું યંત્ર,

વીજળીયંત્ર, પોટેશ્યમ બાઈ ક્રોમેટની બેટરી, આ બધા પ્રયોગોથી એક સેકંડના ચાર વારની ગતિ મેળવી શકાઈ હતી. ક્રેબ્ટનં કેલ્સ અને રેનાન્ડે શોધેલ ડાઈનેમાની વીજળીના યંત્રથી, વધારેમાં વધારે ૬॥ વાર (સેકંડના)-ની ગતિ મેળવી શકાઈ હતી. વળી એ વીજળીના યંત્રનું વજન ઓછું હોય અને તેની શક્તિ વધારે હોય એવા પ્રયોગો પણ તેમાં થવા લાગ્યા.

આમ બલૂનને દોરવા માટેના પ્રયોગોમાં શ્રદ્ધા ધરાવનારાઓનો ઉત્સાહ વધવા લાગ્યો. પણ એમાં ન માનનારાઓનો વર્ગ પણ કંઈ નાનોસૂનો ન હતો. તેમનો સિદ્ધાંત આ હતો: જો બલૂનને હવાનો જ આધાર છે, તો એનો અર્થ એ કે જેમાં તે હરેફરે છે, તેને જ પોતાનું વહાન બનાવે છે. આ સ્થિતિમાં તે બલૂન પવનની વિરુદ્ધ દિશામાં પોતાનો માર્ગ કેમ કરી શકવાનું છે?

આ ડાયનેમા–વીજળીવાળા મશીનની બાબતમાં બરાબર સાઠમારી ચાલતી હતી, તે વખતે અમેરિકામાં એક નવીન પ્રકારના યંત્રની શોધ ખાનગી રીતે થઈ ગઈ હતી. બોસ્ટન શહેરના એક રસાયનશાસ્ત્રીએ આ ડાયનેમો વીજળીના યંત્રમાં એક નવા પ્રકારનો દાંડો નાખ્યો હતો. આ શોધ અને શોધક બેમાંથી કોઈની દુનિયાને ખબર પડવા દેવામાં આવી ન હતી. આ શોધ-ને પરિણામે સેંકડના ૨૦થી ૨૨ વારની ઝડપ બલૂનને આપી શકાય તેમ હતું.

આ શોધ અપૂર્વ હતી!

'અને એ શોધ મોંઘી પણ નથી.' વેલ્ડન સંસ્થાના પ્રમુખ પ્રુડન્ટ કાકાએ જ્યારે તે ગુપ્ત યંત્રના શોધકના હાથમાં આ શોધના મહેનતાણાનો છેલ્લો હપ્તો ચૂકવતાં લાખ ડોલરની નોટોનો થોકડો મૂકયો, ત્યારે આ શબ્દો ઉચ્ચાર્યા.

વેલ્ડન સંસ્થાના સભ્યો આ શોધને મૂર્તસ્વરૂપ આપવામાં લાગી ગયા. આ શોધ ક્રાંતિકારી બનવાની છે, એમ જ્યારે લોકોને લાગ્યું ત્યારે તેમણે વેલ્ડન સંસ્થા પર પૈસાનો વરસાદ વરસાવવા માંડ્યો. પહેલી જ અપીલ-ના જવાબમાં ૩ લાખ ડોલર આવી પડ્યા. અમેરિકાના પ્રખ્યાત વૈજ્ઞાનિક હેરીટીન્ડરની દેખરેખ નીચે આ નવા યંત્રવાળાં બલૂન તૈયાર કરવાનું કામ શરૂ થઈ ગયું. આ વૈજ્ઞાનિકે બલુનમાં ૧૫૦૦ ફૂટની ઊંચાઈએ ઉડ્ડયન કર્યું હતું, અને એ બલૂન ત્યાં તૂટયું ને વૈજ્ઞાનિક નીચે પડ્યો, તોપણ ફક્ત તેના જમણા હાથના અંગૂઠાને થોડીક સચક જ લાગી હતી. જ્યારે એક બીજો વૈજ્ઞાનિક–પિલાટ્રૂ દ રોઝિયટ ફક્ત ૭૦૦ ફૂટની ઊંચાઇએથી પડ્યો હતો, તોપણ મરી ગયો હતો.

આપણી વાત શરૂ થાય છે તે વખતે તો વેલ્ડન સંસ્થા પોતાના આ કામમાં ઘણી આગળ વધી ગઈ હતી. ફિલાડેલ્ફિયાના એક મોટા બંધ ચોગાનમાં એક વિશાળ કાય બલૂન બાંધેલું હતું.

આ બલૂન કેવુંક મોટું હતું, એનો ખ્યાલ તે પહેલાંના મોટામાં મોટા ગણાતા બલૂન સાથે સરખાવવાથી

આવશે. આ પહેલાં જીફોર્ડના બલૂનના ગભારાનો વિસ્તાર ૨૫ હજાર ચોરસ ફૂટનો હતો જ્યારે આ યંત્રવાળા તૈયાર થતા બલૂનના ગભારાનો વિસ્તાર ૪૦ હજાર ક્યુબિક ફૂટનો હતો. સંસ્થાના પ્રમુખ પ્રુડન્ટ કાકાનો ગર્વ કંઈ માતો ન હતો. છ અઠવાડિયામાં તો આ વિમાન તૈયાર થઈને અમેરિકાના આકાશને સર કરી દેશે, એવી તેમની ગણતરી હતી. બલૂનનું નામ પણ પાડી દેવાયું હતું. તેનું નામ ભલે વિચિત્ર લાગે પણ ઘણું જ અર્થવાળું હતું–'આગે બઢો.' બલુનના કપ્તાનની ઇચ્છા મુજબ બલૂન ચાલે, એનાથી મોટો ચમત્કાર બીજો કયો ગણાય?

પણ હજી મુશ્કેલીનો અંત નહોતો. શુભ કામમાં સો વિઘ્ન. યંત્ર તો તૈયાર થયું પણ તેને બલૂનમાં ગોઠવવામાં એક મોટો મતભેદ ઊભો થયો. એ યંત્રનો પંખો વિમાનના આગળના ભાગમાં રાખવો કે પાછળના ભાગમાં એ બાબતમાં તીવ્ર મતભેદ વેલ્ડન મંડળમાં જાગ્યો. 'આગે'–વાદી અને 'પીછે'–વાદીના પક્ષો વચ્ચે બરાબર રસાકસી (અલબત્ત શબ્દોની) શરૂ થઈ. બંને પક્ષોની સંખ્યા પાછી બરાબર સરખી હતી. મંડળના પ્રમુખ પ્રુડન્ડ કાકા પોતાનો મત કયા પક્ષમાં મૂકવો તે પણ નક્કી નહોતા કરી શકતા અને આ રીતે મડાગાંઠ ઊભી થઈ. અને આ ઝઘડો અમેરિકાની સરકાર વચ્ચે પડે તો જ પતે તેમ હતું. પણ અમેરિકન સરકારની નીતિ પ્રજાના અંગત પ્રશ્નોમાં પડવાની ન હતી.

૧૩મી જૂને મળેલી સભામાં આ જ પ્રશ્ન ઉપર

વાતાવરણ ગરમાગરમ થઈ ગયું હતું—લગભગ હુલ્લડ જેવું જ સામસામું અપમાન, મુક્કા ઉગામવા-(મારવાના નહિ), વળી સામેથી વાગ્બાણોનો મારો જવાબમાં સોટીના સબકારા (ટેબલ ઉપર), પિસ્તોલના ભડાકા (હવામાં), વળી પાછાં વાગ્બાણો, આમ મંડળના ઓરડામાં મહાભારત મંડાયું હતું. અને તે ક્યાં સુધી ચાલત તે કહેવાય તેમ ન હતું. ત્યાં એકાએક સભાનું ધ્યાન ખેંચે તેવો એક બનાવ બન્યો

વેલ્ડન સંસ્થાનો પટાવાળો આ ઉછળતા તોફાનના સાગર વચ્ચે અલિપ્ત હોય એવી શાંતિથી અંદર આવ્યો. પ્રમુખના ટેબલ પાસે આવીને એક ચિઠ્ઠી મૂકી અને પ્રમુખના જવાબની સહ જોતો ઊભો.

પ્રમુખે તે ચિઠ્ઠી વાંચીને તરત જ વરાળથી વાગતી સિસોટી વગાડી. પણ આ ઘોંઘાટમાં તે અવાજ પણ કેવળ એક પપૂડી જેવો જ હતો એટલે પ્રમુખે પોતાનો ટોપો ઊંચો કર્યો આની કંઈક અસર થઈ.

'એક સંદેશ આવ્યો છે.' પ્રમુખે છીંકણીની ડાબલીમાંથી છીંકણીનો એક સડાકો ખેંચીને પોતાના ફેફસામાં જોર ભરીને ગર્જના કરી.

'બોલો.' આ એક જ બાબતમાં આખા સભા મંડપમાંથી એક જ અવાજ આવ્યો.

'મિત્રો, એક અજાણ્યો બહારનો માણસ આપણી સભામાં આવવા રજા માગે છે.'

'બિલકુલ નહિ.' સામેથી એકી સાથે ગર્જના ઊછળી.

'તે એમ સાબિત કરી બતાવવા ઇચ્છતો હોય એમ લાગે છે કે બલૂનને દોરવાનો વિચાર કરવો તે આકાશનાં ફૂલ ચૂંટવા જેવી વાત છે.' પ્રમુખે કહ્યું.

'તેને અંદર આવવા દો, અંદર આવવા દો.'

'એનું નામ શું?' મંડળના મંત્રી ફિલ ઈવાન્સ બોલ્યા.

'રોબુર.' પ્રમુખે જવાબ આપ્યો.

'રોબુર, રોબુર.' આખી સભા જાણે કે આ નવા માણસને લડવાનું આહ્‌વાન આપવા લાગી.

પ્રકરણ ત્રીજું

રોબુર

'અમેરિકાના સંયુક્ત રાજ્યના નાગરિકો ! મારું નામ રોબુર છે. અને એ નામ માટે હું ગર્વ ધરાવું છું. મારી ઉમ્મર ચાલીસની છે પણ દેખાઉં છું ત્રીસ વરસની ઉમ્મરનો. મારા શરીરનો બાંધો લોખંડી છે. મારી શક્તિ અદમ્ય છે. મારા સ્નાયુઓ કોઈને પણ હંફાવવા માટે પૂરતા બળવાન છે અને મારી પાચન-શક્તિ ભીમસેન જેવી છે.'

આશ્ચર્ય તો એ હતું કે બધા સભ્યો એને સાંભળી રહ્યા ! કોઈને મોઢેથી આવું અણધાર્યું અને વિચિત્ર તેમણે સાંભળ્યું ન હતું. આ તે ગાંડો હતો કે પૂરો બદમાશ ! ગમે તે હોય પણ તેણે આ તોફાને ચડેલા ટોળાને શાંત કરી દીધું. કાબૂમાં લઇ લીધું. હજુ તો બેત્રણ મિનિટ પહેલાં જ્યાં ઘોઘાટનો સાગર ઊછળતો હતો, ત્યાં ટાંકણી પડે તોય સંભળાય એવી શાંતિ છવાઈ ગઈ !

અને રોબુરનો સીનો જ અજબ છાપ પાડે તેવો હતો. ઊંચાઈમાં મહાન કદનો, પણ પાસાદાર છાતીને લીધે ખભાની નીચેનો ભાગ આખો જાણે કે કોઈ મહાન શિલ્પીએ કોરી કાઢ્યો હોય તેવો ઘાટીલો હતો. ખભા

ઉપરની તેની ડોક દેશી ભાષામાં પાડાની કાંધ જેવી દેખાતી હતી. અને તે ડોક પરનું ટટ્ટાર માથું જાણે કે આભે ચડવા મથતું દેખાતું હતું. તેની આંખોમાં ઘડી ઘડીમાં અંગારાનો ચમકાર દેખાતો હતો. તેની છાતી-માંથી નીકળતા અવાજની સાથે જ તે ધમણની જેમ ઊંચીનીચી પછડાતી હતી. તેનાં વિશાળ જડબાં મોઢા-માંથી નીકળતા શબ્દોની સાથે જાણે કે કોઈ શિકારને ચાવતાં પશુનાં જડબાંની જેમ હાલતાં હતાં.

તે કયા દેશનો હતો તે પારખી શકાય તેમ નહોતું. પણ તેના મોઢાથી નીકળતી અંગ્રેજી ભાષા તો પાણીના રેલાની જેમ ચાલતી હતી, પણ તેના ઉચ્ચારમાં બીજી ભાષાની છાંટ પણ દેખાતી ન હતી.

'નાગરિકો! હવે હું મારી માનસિક શક્તિનો ખ્યાલ આપું. વજનદાર જેવા દેહમાં રહેલું મારું મગજ પણ તેનાથી ઊતરતું નથી. ડર શું કહેવાય તે મને ખબર નથી. મારી નિશ્ચયશક્તિએ કદી નમતું આપ્યું નથી. મેં જે નિશ્ચય કર્યો છે તેને હટાવવા માટે અમેરિકા તો શું પણ સારી દુનિયા પણ શક્તિમાન નથી. મને સૂઝેલ યોજના મારી પોતાની છે અને રહેવાની. તેમાં કોઈનો ભાગ પડે તેમ નથી. અને તે યોજનાથી વિરુદ્ધ એક હરફ પણ હું સાંભળવા તૈયાર નથી. હું આટલી બધી ઝીણી વાતોમાં તમને ઉતારું છું, કારણકે તમે મને પૂરેપૂરો સમજી લો. મારી જાતનાં જ હું વખાણ કરું તે વધારેપડતું લાગે તો હું લાચાર છું અને હવે હું મારી

મૂળ વાત પર આવું. અલબત્ત એ વાત તમને ગમતી નહિ જ હોય.'

વળી પાછાં સભામાં તોફાનનાં મોજાં ઊછળવા લાગશે, એમ વાતાવરણ પરથી દેખાવા માંડ્યું. પ્રમુખ પોતે પણ આ વાતાવરણથી મુક્ત ન હતા. તોપણ તેણે પોતાની જાતને કાબૂમાં રાખીને કહ્યું: 'તમારે જે કહેવું હોય તે કહી નાખો.'

શેબુરે પોતાનું વ્યાખ્યાન આગળ ચલાવ્યું: 'હું જાણું છું. બરાબર જાણું છું. તમે સૌ સો વરસથી પ્રયોગો કરતા આવ્યા છો, છતાં તેનું પરિણામ મીંડું જ આવ્યું છે, અને છતાં હજુ એવા મૂર્ખાઓ પડ્યા છે કે જે એમ માને છે કે બલૂનને હવામાં હાંકી શકાય. બિચારા ચામડાના કોથળા પહેરીને પેટ ફુલાવીને મોટા દેખાવાનો ડોળ કરતા બલૂનને પૂંછડે એકાદ વીજળી-યંત્ર કે એવું કંઈક મૂકીને તેને હાંકવાની વાત કરો છો. પણ એ મોટા કોથળા વાતાવરણના કોઈ પણ પ્રવાહ પાસે સાવ રાંક બની જવાના છે. એકાદ બે વાર અનુકૂળ પવનમાં બલૂનને પવનની દિશામાં યંત્રની મદદથી જરાક હાંકી શકાય. એટલે બધાને એમ થઈ ગયું છે કે આપણે હવે આકાશને સર કરી લેવાના. હવાથી હલકા વજનનું હવાઈ યંત્ર ધાર્યું ઉડાડી શકાશે, એમ હવે જાણે કે સાબિત થઈ ગયું હોય એમ બધા વાત કરે છે. આ સભાગૃહમાં એકઠા થયેલા તમે સૌ યે જણ તમારું સ્વપ્ન સિદ્ધ થયેલું માની રહ્યા છો. અને અમેરિકાના હજારો મૂર્ખાઓ

પોતાના પૈસા પાણીમાં નહિ પણ હવામાં ફેંકી દો છો. તમે અશક્યની સામે લડી રહ્યા છો.'

આશ્ચર્યની વાત તો એ હતી કે આટલા આકરા શબ્દો સાંભળ્યા છતાં સભામાંથી એક પણ વિરોધનો સૂર ઊઠયો નહિ. બધાના કાન બહેરા તો નહિ થઈ ગયા હોય? કે પછી આ ઉદ્ધત વક્તાને પૂરેપૂરો બોલી લેવા દીધા પછી જ આગળનું પગલું ભરવાની આ પૂર્વતૈયારી હતી?

રોબુરે આગળ ચલાવ્યું:

'બલૂન? બલૂનની વાત કરો છો? તમને ખબર છે? એક–બે પાઉન્ડ વજનને હવામાં ઉડાવવા માટે ૧ ક્યુબિક ફૂટ જેટલો ગેસ જોઈએ. હવે એક સામાન્ય એવો પવન વાતો હોય ત્યારે પણ વહાણના સઢ ઉપર લગભગ ૪૦૦ અશ્વબળ જેટલું દબાણ થાય છે. તમારા બલૂનનું કદ ગમે તેટલું મોટું બનાવો, પણ તેટલું જ પવનનું દબાણ તેને સહન કરવું પડશે, એટલી સાદી-સીધી વાત પણ તમારા બલૂનશાસ્ત્રીઓ સમજતા નથી. એક પક્ષી જેટલી કે વડવાગળા જેટલી પણ તેમનામાં અક્કલ હોત તો તેમને ખબર પડત કે હવામાં ઊડવા માટે હવાથી વધારે મજબૂત અને વધારે વજનદાર બનવું જોઈએ. અને તે બનવાનું જ છે.'

ત્યાં તો સભામંડપ આખો ધણધણી ઊઠ્યો. સભાસદોના મોઢામાંથી બૂમો નીકળવા લાગી, જાણે કે દુનિયાના તમામ બલૂનવાદીઓએ આ નવા શત્રુની સામે યુદ્ધની ઘોષણા કરી.

પણ રોબુર એક ખડકની જેમ અડગ ઊભો હતો. અદબ વાળીને તે સભામાં શાંતિ થાય તેની રાહ જોતો ઊભો હતો.

'હા, માણસજાતે જેમ સમુદ્રનાં મોજાં પર વિજય મેળવ્યો છે, તેમ હવા ઉપર પણ તે વિજય મેળવશે જ, અને તે તમારાં બલૂનોથી નહિ; તે તો હવામાં ઊડી શકે તેવાં યંત્રોથી જ બની શકવાનું છે. હવા પોતે જ એ યંત્રની સડક બનશે. જો તમે હવાને સેકંડના ૪૫ મિટરની ઊંચે ચડવાની ગતિ આપો તો માણસ તે હવામાં ઊભો રહી શકે—ફક્ત તેના જોડાના તળિયાનો વિસ્તાર ⅛ ચોરસ મિટરનો જોઈએ અને જો તમે તે ગતિને સેંકડના ૯૦ મિટરની બનાવો તો તો તમે ઉઘાડે પગે હવા ઉપર ચાલી શકો. તમે કોઈ પંખા જેવા સાધનથી હવા જો આટલી ઝડપે હલાવી શકો તોપણ એ પરિણામ તમે બતાવી શકો.

'અને તમે બલૂનવાળાઓ! તમારાથી એક તણખલું પણ હલી શકવાનું નથી. તમારો સૌથી સાહસીમાં સાહસી ઊડનારો પેલો જ્હોન વાઈસ, અમેરિકાની જમીન ઉપર ભલે ૧૨૦૦ માઈલ ઊડી આવ્યો; પણ આટલાંટિક મહાસાગરને ઓળંગવાનો વિચાર તેને માંડી વાળવો પડ્યો.'

'પણ સાહેબ,' પ્રમુખથી બોલ્યા વગર ન રહેવાયું. 'તમે ભૂલી ગયા લાગો છો, અમારા અમર મહાપુરુષ ફ્રાંકલીને પહેલવહેલા બલૂનને ઉદ્દેશીને કહ્યું હતું: 'આ બલૂન અત્યારે ભલે બાળક છે, પણ તે વધીને મોટું થવાનું છે.' અને તે પ્રમાણે તે મોટું થયું પણ છે.'

'ના સાહેબ,' રોબુરે એવા જ અવાજે કહ્યું, 'આપની ભૂલ થાય છે. એ બાળક મોટું થયું નથી, જાડું જ થયું છે. મોટા થવું અને જાડા થવું એ બેમાં ફેર છે.'

વેલ્ડન સંસ્થાના પ્રમુખને આપેલો આ જવાબ તે આખી સંસ્થા ઉપર જ સીધો આક્ષેપ હતો. સભામાંથી અવાજો આવવા લાગ્યા:

'કાઢી મૂકો એને.'

'તેને નીચે પટકી પાડો.'

'તે આ હવા કરતાં વધારે વજનદાર છે, તેમ સાબિત કરો.'

આવા બીજા ઘણા ઉદ્ગારો નીકળવા લાગ્યા; પણ તે કેવળ ઉદ્ગારો જ હતા તેથી વિશેષ કાંઈ નહિ.

રોબુરે તો જાણે કંઈ બન્યું નથી, તેમ આગળ ચલાવ્યું:

'તમારું બલૂનવાદીઓનું દુનિયામાં હવે સ્થાન નથી. હવે તો ઊડી શકે તેવાં મશીનનો જમાનો ચાલ્યો આવે છે. પક્ષી ઊડે છે પણ તે બલૂન નથી. તે યાંત્રિક રચનાનો એક નમૂનો છે.'

'હા તે પક્ષી ઊડે છે. પણ તે યંત્રશાસ્ત્રના તમામ નિયમોની વિરુદ્ધ ઊડે છે.' એક સભાસદ બોલી ઊઠ્યો.

'એમ કે? વારુ!' રોબુરે મશ્કરીમાં પોતાના ખભા હલાવી કહ્યું. ને પાછું આગળ પોતાનું વ્યાખ્યાન ચલાવ્યું. 'નાનાંમોટાં પક્ષીઓનો અભ્યાસ કર્યા પછી એક

વાત સિદ્ધ ગઈ છે કે તે કુદરતનું અનુકરણ કરે છે. કુદરત કદી ભૂલ કરતી નથી. આલ્બેટ્રોસ મિનિટમાં પાંખનાં ફક્ત દસ જ હલેસાં મારે છે. પેલિકન પક્ષી મિનિટનાં સિત્તેર....'

'સિત્તેર નહિ એકોતેર........' કોઈક વચ્ચે બોલી ઊઠ્યું.

'અને મધમાખી એક સેંકડમાં એકસો બાણું વાર પાંખ........'

'એકસોત્રાણું.' વળી કોઈ બોલી ઊઠ્યું.

'અને માખી ૩૩૦ વાર........'

'ત્રણસો સાડી ત્રીશ વાર.'

'અને મચ્છર દસલાખ........'

'ના, દસકરોડ.'

પણ રેણુરે આટલા વિક્ષેપમાં પણ પોતાના વ્યાખ્યાનમાં વિક્ષેપ પડવા દીધો નહિ.

'આટલા મોટા તફાવતમાં........'

'પણ તફાવત છે.' કોઈકે વાક્ય પૂરું કર્યું.

'પણ મધ્યમ વ્યવહારુ માર્ગ શોધી કાઢવો મુશ્કેલ નથી. હીલ્યુસીએ પ્રયોગથી બતાવ્યું છે કે એક સ્ટેગ બીડલ નામનું જંતુ વજનમાં બે ગ્રામ હોવા છતાં તે ૪૦૦ ગ્રામ વજનની વસ્તુ એટલે કે તેના કરતાં ૨૦૦ ગણું વધારે વજન ઊંચકી શકે છે. વળી એ પણ પ્રયોગથી સિદ્ધ થયું છે કે જેમ પક્ષીનું વજન અને કદ વધારે તે પ્રમાણમાં તેની પાંખોની સપાટી ઘટતી જાય છે. એટલે આપણે એક એવી જાતના યંત્રની રચના કરી શકીએ....'

'કે જે કદી ઊડી ન શકે.' મંડળના સેક્રેટરી ફિલ ઈવાન્સથી બોલ્યા વગર ન રહેવાયું.

'જે ઊડયું છે, અને હજુ પણ ઊડવાનું છે.' રોબુરે પોતાનું વાક્ય આ શબ્દ ઉપર ભાર દઈને પૂરું કર્યું.

'ચક્રાકાર યંત્ર.'

'ચક્રાકાર! વારુ! પક્ષીને ચક્રાકાર પાંખ હોય છે ખરું?' ફિલ ઈવાન્સે કહ્યું.

'પણ પિનોએ સાબિત કરી બતાવ્યું છે કે પક્ષીની ઊડ ખરું જોતાં ચક્રાકાર હોય છે એટલે ભવિષ્યનું યંત્ર આ પ્રમાણે ચક્રાકાર જ રહેવાનું.'

આખી સભામાં ખડખડાટ હાસ્ય ગાજી ઊઠયું. 'વારુ ચક્કર આકાર!'

આ અવાજ માંડ શાંત થયા પછી પ્રમુખે વક્તાને કહ્યું: 'તમને અત્યાર સુધી અમે કોઇ પણ પ્રકારની રોકટોક વગર બોલવા દીધા છે.'

અત્યાર સુધી સભામાં થયેલ ઘોંઘાટ વગેરેને આ પ્રમુખ એક પ્રકારની દલીલો મૂકવાની રીત જ ગણતા હતા.

'પણ હવે મારે તમને યાદ આપવું જોઈએ કે હવામાં યંત્રથી ઊડવાની વાત અત્યાર પહેલાં જ સાવ વાહિયાત ગણીને કાઢી નાખવામાં આવી છે. અમેરિકાના અને પરદેશના પ્રખ્યાત વૈજ્ઞાનિકોએ તેને ખોટી ઠરાવી છે એવી રીતે યંત્રવાળા વિમાનમાં ઊડવાનો પ્રયત્ન કરનાર કેટલા ય જણાએ પોતાનો જાન ગુમાવ્યો છે. એ તમને ખબર હશે.'

'અને આપના બલૂનમાં બેસીને ઊડેલા ઘણા ય સ્વર્ગમાં જ સીધા પહોંચી ગયા છે, તે પણ તમને ખબર હશે. રોબુરે જવાબ આપ્યો.

'વળી તમારા બલૂનમાં તમે કદી પણ ઝડપથી ઊડી શકવાના નથી. પૃથ્વી ફરતાં પ્રદક્ષિણા કરતાં તમારા બલૂનને દસ વરસ લાગે છે, ત્યારે ઊડતા યંત્રથી તે જ પ્રદક્ષિણા એક અઠવાડિયામાં થઈ શકે !'

આખી સભામાં વિરોધની અને નકારની ગર્જનાઓ થવા લાગી. ત્રણ મિનિટ સુધી આ ગર્જના ચાલ્યા પછી જરાક શાંતિ થઇ. ફિલ ઈવાન્સે રોબુરને પડકાર્યો.

'ભાઈ ગગનવિહારી ! યંત્રનાં બહુ વખાણ કરો છો. પણ કોઈ દી જાતે આવા યંત્ર–વિમાનમાં બેઠા છો ?'

'બેઠો જ નથી, બેસીને ઊડ્યો છું.'

'અને હવા ઉપર તમે વિજય મેળવ્યો છે ?'

'તો જ ઉડાય ને !'

'બોલો વાયુવિજેતા રોબુરની........'

'જય !' સભાએ આ મશ્કરી ઝીલી લીધી.

'હા હું હવાનો વિજેતા છું. એ ઇલકાબ હું ગર્વથી સ્વીકારું છું. તે ઇલકાબ મેળવવાનો મને હક્ક છે.'

'અમને એમાં શંકા છે.' એક સભાસદ બોલી ઊઠ્યો.

'ગૃહસ્થો, મેં જ્યારે એક સત્ય ગંભીરતાથી રજૂ કર્યું; ત્યારે તેનો સ્પષ્ટ ઈન્કાર કરનારને સાંખી લેવા ટેવાયેલો નથી. એ કયા ગૃહસ્થ મારી વાતનો ઈન્કાર કરે છે ?' રોબુરે ભવાં ચડાવીને કહ્યું.

'હુ છું. મારું નામ ચિપ.'

'મિસ્ટર ચિપ, તમારે મારી વાતની ખાતરી મેળવવાની ઈચ્છા લાગે છે. હવામાં તમને ઉડાવવા પડશે એમ લાગે છે'

'એને બહાર ફગાવી દો.' એક અવાજ આવ્યો.

'શેરીમાં ફેંકી દો.'

'ટાંગ પકડીને ફગાવી દો.'

'વીંધી નાખો!'

'તેને ચક્કર ચક્કર ફેરવો.'

આખા બલૂન મંડળના સભ્યોનો મિજાજ હાથમાં ન રહ્યો ને બધા વ્યાખ્યાનની વ્યાસપીઠ તરફ ધસ્યા. રાબુર મુક્કી વાળેલા હાથોની વાડની વચ્ચે ઢંકાઈ ગયો. પ્રમુખે વરાળની બનાવેલી સિસોટી પણ આ અવાજમાં અસર કરી શકતી ન હતી.

એકાએક વ્યાસપીઠ પર ધસી ગયેલું ટોળું પાછું હટયું. રાબુરના હાથમાંની પિસ્તોલ આ ટોળા પર તાકેલી દેખાઈ. સભાસદોની પાસે પિસ્તોલો તો હતી. પણ તે નીકળતાં થોડીક વાર લાગે, તે દરમિયાન તો પિસ્તોલના ચારપાંચ ભડાકા હવામાં કરીને રાબુર કૂદીને ટોળામાંથી માર્ગ કરીને થોડી વારમાં અદૃશ્ય થઈ ગયો. જાણે બહાર આકાશમાં જ કોઈ વિમાન તેની વાટ જોઈને ઊભું હોય, ને તેને લઈ ગયું હોય, એમ લાગ્યું.

પ્રકરણ ચોથું

ભેદમાં ભેદ

આમ તો આ વેલ્ડન સંસ્થાની કોઈ પણ સભા પૂરી થાય એટલે એ આખો લત્તો હોહાથી ગાજી ઊઠતો, અને લત્તામાં રહેલા લોકોને કાંઈ પણ કામ કરવું મુશ્કેલ થઈ પડતું. એટલું જ નહિ પણ એ સભ્યો લત્તાનો ઉપર આખો માર્ગ રૂંધી ગરમાગરમ ચર્ચા કરતા, એટલે આ બધો વાહનવ્યવહાર પણ અટકી પડતો, ને પોલીસને બંદોબસ્ત માટે વચ્ચે પડવું પડતું.

પણ આજે આખી સભા જે રીતે ચાલી, અને જે રીતે તેનો અંત આવ્યો, તેથી તો આજે આ સભ્યોએ આખો લત્તો માથે લીધો એમ કહીએ તો ચાલે. પોલીસ-ને આ ટોળું વિખેરવામાં ખૂબ મુશ્કેલી પડી. અમેરિકાની પોલીસ અમેરિકન નાગરિકના ટોળાને વિખેરવામાં કોઈ પણ જાતનું શારીરિક બળ ન વાપરી શકે એ પણ પંચાત હતી.

વળી આજે તો વેલ્ડન સંસ્થાના સભ્યોની આજની આ ધમાલ માટે પોલીસોને પણ સહાનુભૂતિ હતી. કોઈક અજાણ્યા દેશનો અજાણ્યો માણસ ભર સભામાં અપમાન કરીને હાથ તાળી દઈને અદૃશ્ય થઈ ગયો. એથી મોટું અપમાન બીજું કયું કહેવાય? આનો બદલો લેવા માટે આ

અમેરિકનોનું લોહી ઊકળી રહ્યું હતું. સભ્યો આકાશમાં મુઠ્ઠીઓ ઉગામીને એ અદશ્ય માનવીને યુદ્ધ માટે આહ્વાન આપવા લાગ્યા. એ આહ્વાનની એ ભેદી માનવી ઉપર શી અસર થઈ તેની ખબર નથી, પણ આખી શેરીનાં માણસો જ નહિ, પણ તેની પડખેની શેરીનાં માણસો ઊંઘમાંથી જાગી ગયાં. કૂતરાંઓ પણ એ જ આકાશ સામે મોઢું કરીને તીણા સ્વરે સૂર પુરાવવા લાગ્યાં. શેરીના ખૂણે ખૂણે આ માણસ ક્યાંક લપાઈ રહ્યો હશે, એમ માનીને શોધ થવા લાગી. આશરે એકાદ કલાકની શોધખોળને અંતે બધા સભ્યો વિખેરાવા લાગ્યા. તેમણે નક્કી કર્યું કે આખા અમેરિકાને ખૂણે ખૂણે આ માણસની તપાસ કરવા માટેની યોજના ઘડી કાઢવી.

એ લત્તામાં પાછો સોપો પડી ગયો. રાતના અગિયાર વાગ્યા હતા. થોડીક વારમાં તો આ મંડળના ઘણાખરા સભ્યો પોતપોતાને ઘેર પથારીમાં નસ્કોરાં બોલાવવા લાગી ગયા હતા. ફક્ત બે જ સભ્યોની આંખમાં ઊંઘ ન હતી. તેઓ આ રાત્રિના એકાંતમાં આ સાંજની સભાના બનાવ ઉપર ખૂબ ગંભીરતાથી મંત્રણા કરતા રસ્તા ઉપર હજુ ઊભેલા હતા. તેમાંના એક મંડળના પ્રમુખ પ્રુડન્ટ કાકા અને બીજા તે મંડળના મંત્રી ફિલ ઈવાન્સ હતા. તે બંનેની પાછળ પ્રમુખનો નોકર ફ્રાઈકોલિન પણ ચાલ્યો આવતો હતો.

બંને સભ્યોની ચર્ચાએ જોતજોતામાં ઉગ્ર રૂપ પકડ્યું.

'ના ના, જો તમારી જગ્યાએ હું પ્રમુખ હોત તો

આપણા મંડળનું આવું અપમાન કદી પણ સાંખી ન લેત.' ફિલ ઈવાન્સે કહ્યું.

'તમે શું કરત એમ કહો ને ?' પ્રમુખ બોલ્યા.

'હું એ બદમાશના મોઢામાંથી એક અક્ષર નીકળત તે પહેલાં જ તેને બોલતો અટકાવી દેત.'

'તે મોઢું ઉઘાડે તે પહેલાં તેને અટકાવવો. એ કેમ બને તે મને સમજાતું નથી. એ અશક્ય જ છે.'

'અમેરિકામાં કોઈ વસ્તુ અશક્ય નથી, મારા સાહેબ !' મંત્રીએ ગૌરવથી કહ્યું.

આ પ્રમાણે ગરમાગરમ ચર્ચામાં તેઓ ચાલતા ચાલતા ક્યાંના ક્યાં નીકળી ગયા તેની તેમને ખબર ન રહી. તેના નોકરને આ બાબતનો પૂરો ખ્યાલ હતો. પણ એ બાબતનું ભાન કરાવવા જેટલો તે ઉદ્ધત ન હતો. એટલે તે તો શેઠની પાછળ પાછળ ચાલ્યો જતો હતો. આ નોકરનો પરિચય પણ કરવા જેવો છે. તે જાતનો હબસી હતો પણ તેણે પોતાની આવડતથી ને વફાદારીથી તેના શેઠના ઉપર અજબ કાબૂ મેળવી લીધો હતો. શેઠ તેના વગર ઘડી પણ રહી શકે તેમ નથી, તેની એ શેઠ તથા નોકર બંનેને ખાતરી હતી. ટૂંકામાં તે નોકરે પોતાની આવડતથી અમેરિકન લોહીમાં રહેલ જાતિભેદને ભૂંસી નાખ્યો હતો.

બંને જણ–પ્રુડન્ટ કાકા અને ફિલ ઈવાન્સ–ચર્ચાની ધૂનમાં ને ધૂનમાં એક પછી એક શેરીઓ વટાવતા વટાવતા શહેરના ઉજ્જડ ભાગમાં આવી પહોંચ્યા. અંધારું પૂરે-

પૂરું જામેલું હતું. કૃષ્ણપક્ષનો ચંદ્ર હજુ તો જરાક કોર કાઢતો હતો.

ક્રાઈકોલિનને લાગ્યું કે તેની પાછળ કાંઈક પગલાં પડતાં હોય એવો અવાજ આવે છે. તેણે આગળપાછળ ને અડખેપડખે નજર કરવા માંડી. તેને કાંઈક ઝાંખા ઓળાઓ હાલતાચાલતા દેખાયા.

ક્રાઈકોલિન આપમેળે જ તેના શેઠની નજીક આવી ગયો, પણ તેમની વાતચીતમાં ભંગ પડાવવાની તેની હિંમત ન હતી. ક્રાઈકોલિનની મોટામાં મોટી ખાસિયત તેનું ડરપોકપણું હતું. એક તો મધરાત, બીજું અંધારું, ત્રીજું પાછળ થતો ખડખડાટ. ક્રાઈકોલિનનો જીવ ઉડાડી મૂકવા માટે આટલું પૂરતું ગણાય.

ક્રાઈ કોલિનથી હવે ન રહેવાયું. 'કોક પાછળ આવે છે, કાકા.' તેનો અવાજ ધ્રૂજતો હતો. પણ પેલા બંને સભ્યો જેમ જેમ આગળ વધતા જતા હતા, તેમ તેમ તેમની ચર્ચાની ઉગ્રતા વધતી જતી હતી. એટલે નોકરનું બોલવું તેના કાન પર પડ્યું નહિ. શહેરની પાદરમાં આવેલ નદી પરનો પુલ વટાવીને તે બંને તો એથી પણ આગળ નીકળી ગયા. નોકરે જોયું કે પુલની પાછળ પાંચ-છ માણસો લપાતા લપાતા ચાલ્યા આવતા હતા.

આખરે વૃક્ષોથી વીંટાયેલ એક વિશાળ મેદાન જેવી જગ્યામાં આ બંને વિદ્વાનો આવી પહોંચ્યા. તેની ફરતાં થોડાંએક છૂટાંછવાયાં ઝાડો આવેલાં હતાં. આ મેદાન ફિલાડેલ્ફિયાના સહેલાણીઓ માટે ફરવાની જગ્યા

હતી. પણ અત્યારે આ મેદાનમાં રાતોરાત જ ચમત્કારિક ફેરફાર થઈ ગયો હતો. અલબત્ત આ બંને વાગ્યોદ્ધાઓનું તે તરફ લક્ષ નહોતું. નહિ તો તેમની નજરે, કાંઈક મોટું દળવાનું ચક્કી જેવું રાક્ષસી યંત્ર ચડ્યા વગર રહેત નહિ. તેની વિશાળ પાંખો અંધારામાં ભયંકર લાગતી હતી. ક્રાઈકોલિનની નજરે પણ આ ન ચડ્યું. તેની નજર અને મન તો પાછળ આવતા માણસો તરફ જ ચોંટેલાં હતાં. ભયથી તેની બધી ઇંદ્રિયો એટલી બધી વ્યગ્ર બની ગઈ હતી, કે તેનાં બધાં અંગો ધ્રૂજતાં હતાં. તેનાથી ફક્ત એટલા જ શબ્દો બોલી શકાયાઃ 'કાકા, એ કાકા!'

'છે શું તને?' કાકાએ ફિલ ઈવાન્સની સાથેની ચર્ચાની ગરમીનો એક ફૂંફાડો તેના નોકર પર પણ નાંખ્યો. નોકર સામો જવાબ આપે, તે પહેલાં તો એક સિસોટી સંભળાઈ. વીજળીનો પ્રકાશ આખા મેદાનમાં છવાઈ ગયો.

તે ત્રણેય જણ હજી સાવધાન થાય તે પહેલાં તો છ માણસો પડખેના ઝાડની ઓથેથી ધસી આવ્યા. બે બે જણાએ એક એકને પકડ્યો, જો કે ક્રાઈકોલિનને તો પકડવાની જરૂર જ ન હતી. તે તો ઢગલો થઈને નીચે પડ્યો હતો. વેલ્ડન સંસ્થાના પ્રમુખ અને મંત્રી પરિસ્થિતિને પારખે તે પહેલાં તો તેમના મોઢા પર ડૂચો, આંખે પાટા, અને હાથેપગે દોરડાં નાખવામાં આવ્યાં. ને તેમને કોઈ અગમ્ય સ્થળે ઉપાડી જવામાં આવ્યા.

નવાઈની વાત એ હતી કે બંનેના ખિસ્સામાં ડોલરની નોટોના થોકડા પડ્યા હતા પણ તેને કોઈએ હાથ પણ ન અડાડ્યો.

ઊંચકનારાઓમાંથી કોઈ એક શબ્દ પણ બોલતું ન હતું. બધું કામ જાણે કે બરાબર યોજના પ્રમાણે ચાલતું હોય એમ લાગતું હતું. થોડીક વારે તેમને ક્યાંક નીચે મૂક્યા હોય, અને નીચેની જગ્યા કઠણ લાકડાની હોય એમ લાગ્યું. તે બંનેને પાસે પાસે સુવાડ્યા હોય એમ તેમને લાગ્યું. બારણું બંધ થવાનો અવાજ આવ્યો. સાંકળ ચડાવવાનો પણ અવાજ સંભળાયો. તેમને ખાતરી થઈ કે તેમને ક્યાંક પૂરવામાં આવ્યા છે. બધે સૂમસામ હતું. ફક્ત ક્યાંકથી ફરરર અવાજ એકધારો આવ્યા કરતો હતો.

આ પ્રમાણે રાત વીતી.

*

ફિલાડેલ્ફિયા નગરમાં સવારના પહોરથી જ ઉશ્કેરાટનું વાતાવરણ હતું. ગઈકાલે સાંજે સભામાં કોઈ પરદેશી અજાણ્યો માણસ ઉદ્ધતાઈથી આખા અમેરિકાનું અપમાન કરી ગયો, એટલું જ નહિ, પણ પાછો તે હાથ તાળી દઈને છટકી ગયો, એ હકીકતે ફિલાડેલ્ફિયાના લોકોને અસ્વસ્થ કરી મૂક્યા હતા.

પણ એથી વધારે ઉશ્કેરણીભર્યા સમાચાર તો બીજે દિવસે સવારે મળ્યા. ગઈકાલ રાતથી બલૂન મંડળના પ્રમુખ તથા મંત્રીનો પત્તો ન હતો. પ્રમુખનો ૨૪ કલાકનો સાથી તેનો નોકર ફ્રાઇકોલિન પણ સાથે જ ગુમ થઈ

ગયો હતો. આખા શહેરમાં ને શહેરની આસપાસના તમામ ભાગોમાં શોધખોળ શરૂ થઇ ગઈ. પણ પત્તો ન લાગ્યો. ફિલાડેલ્ફિયા, પેન્સીલ્વેનિયા અરે આખા અમેરિકાનાં રાજ્યોમાં આ હકીકત જોતજોતામાં છવાઈ ગઈ, અને એ ખબરો પાછળની લાંબી લાંબી ટીકાઓ, અટકળો પણ શરૂ થઈ. પત્તો મેળવી આપનારને મોટાં મોટાં ઇનામો આપવાની મંડળ તરફથી તથા સરકાર તરફથી જાહેરાતો થઈ. ઠેર ઠેર તેમના ફોટાઓવાળાં ભીંતપત્રો ચોડાઇ ગયાં. કોઇ અકળ રીતે આ વ્યક્તિઓ ગુમ થઈ ગઇ હતી.

પ્રકરણ પાંચમું

આકાશી કારાગ્રહ

આંખે પાટા, મોઢે ડૂચો, હાથેપગે દોરડાના બંધ, આ હાલતમાં પ્રુડેન્ટ કાકા, ફિલ ઈવાન્સ અને ફ્રાઈકોલિન કોઈ ભેદી સ્થળે પડ્યા પડ્યા પોતાના ભાવિને વિચાર કરી રહ્યા હતા. તેમને પકડનાર કોણ છે, પકડીને ક્યાં નાખ્યા છે, અને હવે તેમની શી હાલત કરવાની છે તે બધા વિષે તેમને કંઈ સમજાતું ન હતું. ગમે તેવો માયકાંગલો માણસ પણ આવી સ્થિતિમાં ધૂંઆપૂંઆ થઈ જાય, ત્યારે આ તો અમસ્થા ય મગજના ફરેલા માણસો હતા. તેમના મનમાં શું થતું હશે તે તો આપણે કલ્પી જ લેવાનું.

બીજા દિવસની મંડળની બેઠકમાં તેઓ હાજર રહી શકશે, એમ તેમને હવે ખાતરી ન હતી.

એક કલાક આ જાતની હાલત રહી. કોઈ તેમની ખબર કાઢવા આવ્યું નહિ. ફક્ત એકબીજાના ઊંહકારા અને નિસાસા સંભળાતા હતા. આ નિસાસા તથા ઊંહકારા પણ હવે બંધ થઈ ગયા હતા. તેઓ ક્રોધથી, થાકથી ને કંટાળાથી પરેશાન થઈને થાકીને લોથ થઈ ગયા હતા, ને જડવત પડ્યા હતા. તેમના કાન ઉપર હજુ

પણ પેલો ફરરરર....ફરરરર અવાજ એકધારો આવ્યા જ કરતો હતો. આખા વાતાવરણમાં આ ભેદી અવાજ અકળાવી નાખે એ રીતે થયા જ કરતો હતો.

આખરે ફિલ ઈવાન્સ પોતાની સ્થિતિમાં કંઈક સુધારો કરી શકયો. ઘણા પ્રયત્નને અંતે તેના કાંડા પાસેના દોરડાના બંધમાંથી તે ધીમે ધીમે પોતાનો પોંચો કાઢી શકયો. એક હાથ છૂટો થતાં તેનામાં હિંમત આવી. હાથ કેટલા ય વખતથી બંધાયેલા હોવાને કારણે તેના પર ખાલી ચડી ગઈ હતી. તે તેણે વારંવાર હાથ હવામાં વીંઝીને ઉતારી ને પછી તે જ હાથની મદદથી તેણે બીજા હાથને છૂટો કર્યો, ને મોઢાનો ડૂચો તથા આંખો પરના પાટા પણ છોડ્યા. પાટા છોડવાથી કંઈ ખાસ લાભ ન હતો. કારણકે આસપાસ એટલું અંધારું હતું કે છતી આંખે કંઈ દેખાય એમ ન હતું. ફક્ત ઉપરની છતમાં એક નાના કાણામાંથી થોડાએક પ્રકાશનું એક કિરણ આવતું હતું.

ફિલ ઈવાન્સે પોતાના પગનાં બંધનો પણ છોડી નાખ્યાં અને ઊભા થયા પછી સૌથી પહેલું કામ તેણે પોતાના હરીફ પ્રુડન્ટ કાકાને છોડવાનું કર્યું.

છૂટો થતાં જ તેના શરીરને માટે શકય હતી તેટલી સ્ફૂર્તિથી તે ઊભો થયો ને પોતાના મોઢા પરના અને આંખો પરના અંતરાયો તેણે તોડીને ફેંકી દીધા.

'ઉપકાર થયો.' તેણે શિષ્ટાચારના શબ્દો ઉચ્ચાર્યા.

'ના, એમાં ઉપકાર શેનો ?' ફિલ ઈવાન્સે સામો શિષ્ટાચાર કર્યો.

'ફિલ ઈવાન્સ !'

'કેમ પ્રુડન્ટ કાકા ?'

આપણે અહીં પ્રમુખ અને મંત્રીના હોદ્દા પર નથી. તેમ આપણે અહીં હરીફ તરીકે પણ નથી.'

'બરાબર છે.' ઈવાન્સે કહ્યું, 'અત્યારે તો આપણે આપણા બંનેના દુશ્મન ઉપર વેર વાળવા માટે એક થઈને ઊભેલા છીએ. અને આ દુશ્મન........'

'રોબુર છે.'

'હા, એ રોબુર જ.'

આ બાબતમાં બંને જણ પૂરેપૂરા સંમત હતા. આ બાબતમાં તેમની વચ્ચે કદી ઝગડો થાય તેમ નહોતું.

'આ તમારા નોકરને હવે....' ઈવાન્સે ખૂણામાં પડ્યા પડ્યા ઊંહકારા કરતા ફ્રાઇકોલિન તરફ આંગળી ચીંધીને કહ્યું.

'ના, તેને હમણાં છૂટો નથી કરવો. નહિતો તે કાગડાની જેમ કકળાટ કરી મૂકીને ઊલટો આપણને વધારે પજવશે. હજુ આપણે કામ ઘણું બાકી છે.'

'શું ?'

'આપણે આ પરિસ્થિતિમાંથી શકય હોય તો ઊગરી જવું જોઈએ.'

'હા, શકય હો કે અશકય તોપણ આપણે આમાં-થી છૂટવું જ જોઈએ.' ઈવાન્સે કહ્યું.

એમને એટલી તો ખાતરી થઈ ગઈ હતી કે, તેમને ઉપાડી જનાર કોઈ સામાન્ય લેભાગુ ચોરડાકુ ન હતા.

કારણકે નહિતો તેમનાં ખીસાંમાંથી પૈસા, ઘડિયાળ કે એવી કિંમતી ચીજો લઈને તેમને ક્યાંક ખાડામાં ફેંકીને ચાલતા થયા હોત. આ તો રેબુરનું જ કામ હોવું જોઈએ. ને કોને ખબર એમને ધરતીથી કેટલે ઊંડે ઉતારી ગયો છે. હવે આ જગ્યા કઈ છે તે નક્કી કર્યા વગર ભાગવાની યોજના પણ કઈ રીતે વિચારવી ?'

'ફિલ ઈવાન્સ,' પ્રુડન્ટ કાકાએ શરૂ કર્યું, 'આપણે મંડળની બેઠકમાંથી નીકળ્યા પછી આપણા ઉગ્ર વાદ-વિવાદમાં આસપાસ નજર નાખ્યા વગર એમ ને એમ ક્યાં ય નીકળી ગયા એ જ ભૂલ કરી. આપણે જો આસ-પાસ નજર ફેરવ્યા કરી હોત તો આપણી આ દશા ન થાત. આપણે શહેરની બહાર નીકળી ગયા, એ પણ એક મોટી ભૂલ જ થઈ છે. એ દુષ્ટ રેબુરે આપણી પાછળ પાછળ પોતાના માણસો મૂક્યા હોવા જોઈએ. આપણે ગામ બહાર નીકળ્યા કે તરત જ તેમણે એ તકનો લાભ લઈ લીધો.'

'કબૂલ છે, આપણે સીધા ઘેર ન ગયા તે જ ખોટું કર્યું.' ઈવાન્સે કહ્યું.

'ખરું હોય તે નક્કી કરવું એ જ હંમેશાં ખોટું હોય છે.' પ્રુડન્ટે ફિલસૂફીનું સૂત્ર ઉચ્ચાર્યું.

આ જ વખતે આ કેદખાનાના ખૂણામાંથી એક ઊંડો લાંબો નિસાસો સંભળાયો.

'શું થયું ?'

'કાંઈ નહિ. એ તો ફ્રાઈકોલિન સ્વપ્નમાં લવતો લાગે છે.'

'આપણે ઝાડીવાળા મેદાનમાં આવ્યા અને આપણને બાંધીને અહીં નાખ્યા તે વખતે માંડ બે મિનિટનો ગાળો ગયો હશે. એટલે આપણે હજુ એ મેદાનમાં જ ક્યાંક છીએ એ વાત નક્કી.'

'અને મેદાનમાં ન હોઈએ તો એનો અર્થ એ કે આપણને ક્યાંક ઉપાડીને લઈ જતા હોય.'

'તો તો આપણે કોઈક વાહનમાં પડ્યા છીએ એમ તો લાગવું જોઈએ ને, મોટા ખટારા કે એવું....'

'પણ તો તો આપણને કંઈક થડકારા તો લાગે?'

'તો પછી નદીમાં કોઈ વહાણના ભંડકિયામાં....'

'નદીના પાણીનો વહેવાનો અવાજ પણ કંઈક તો સંભળાય ને?'

'હવે થોડીક વાર વાટ જોઈએ. ક્યાંક આપણને ઉપાડી જતા હશે તો તેનો અંત તો આવશે ને! બહાર નીકળીએ એટલી વાર છે. એ દુષ્ટ પાસેથી આપણે બરાબર જવાબ માગવો જોઈશે.'

'અને અમેરિકાના બે નાગરિકની સ્વતંત્રતા પર તરાપ મારવી, એને કેટલું મોંઘું પડે એમ છે એ પણ બતાવવું પડશે.'

'પણ આ માણસ છે કોણ? ક્યાંથી આવે છે, કયા દેશનો છે? અંગ્રેજ છે કે જર્મન છે કે ફ્રેંચ છે....'

'એ એક બદમાશ છે અને એટલી ઓળખાણ પૂરતી છે.' પ્રુડન્ટે પોતાનો આખરી નિર્ણય આપ્યો.

બંને જણ હાથ લાંબા કરીને આ અંધારી કોટડી-

ની દીવાલમાં ક્યાંય તડ, સાંધો કે બારીબારણા જેવું છે કે કેમ તેની તપાસ કરવા લાગ્યા. આંધળિયો પાટો રમતા હોય એમ બધે ય ઘૂમી વળ્યા, પણ કાંઈ ન મળ્યું. આખી દીવાલ સળંગ ને એક પણ સાંધા વગરની હતી. હવે તો દીવાલમાં ક્યાંય કાણું પાડી શકાય તો તે માટે મહેનત કરી જોવી, એમ બંનેને લાગ્યું. ફિલ ઇવાન્સ પાસે બહુ જ ઊંચી જાતના પોલાદનું ધારવાળું ચપ્પુ હતું. તેના વડે તેણે દીવાલને ખોતરવા માંડી. કાંઈક ખોતરાતું હોય એવો અવાજ તો આવતો હતો, પણ પાએક કલાક મહેનત કર્યા પછી ઈવાન્સે જોયું તો દીવાલને બદલે તેનું ચપ્પુ જ ખોતરાઈ રહ્યું હતું. ચપ્પુ લગભગ કરવત જેવા આંકાવાળું બની ગયું હતું. પ્રુડન્ટનું ચપ્પુ પણ આ ભીંત ખોતરવાના કામમાં નિષ્ફળ નીવડ્યું. ભલભલા લોઢાને કાપી નાખવાનો દાવો કરતાં આ ચપ્પુઓ જ્યારે વ્યર્થ ગયાં, ત્યારે જ આ બંનેને પોતાની નિરાધારતાનો ખ્યાલ આવ્યો.

એકાએક આ બધું જોઈ રહેલો ફ્રાઈકોલિન બંદીવાન હાલતમાં જેટલું શક્ય હોય તેટલું જોરથી ઊંહકારા કરવા લાગ્યો, હાથપગ હલાવવા લાગ્યો ને આળોટવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આખરે પ્રુડન્ટ કાકાને તેના વફાદાર નોકર પર દયા આવી ને તેનાં બંધનો કાપી નાખ્યાં.

પ્રુડન્ટ કાકાને તરત જ પોતાની ભૂલનું પરિણામ જોવા મળ્યું. ફ્રાઈકોલિને પોતાનું મોઢું છૂટું થતાં જ કાળો કકળાટ શરૂ કરી દીધો. મગજમાં ભય અને પેટમાં

ભૂખ એ બંનેના હુમલાથી તે આકુળવ્યાકુળ બની ગયો હતો.

'ક્રાઈકોલિન !' પ્રુડન્ટે કહ્યું.

'કાકા, કાકા,' હબસીએ પોતાના આ એકધારા કકળાટની વચ્ચે પણ શેઠને જવાબ આપ્યો.

'એમ લાગે છે કે આ કેદખાનામાં આપણે ભૂખથી જ મરી જવાનો વખત કદાચ આવે. પણ અમે બંને જણાએ નક્કી કર્યું છે કે જે કોઈ સાધન મળે, તે સાધન-નો ઉપયોગ કરીને પણ જ્યાં સુધી દેહ ટકાવી શકાય ત્યાં સુધી ટકાવવો.'

'એટલે ?' ક્રાઇકોલિને કહ્યું.

'એટલે છેવટે કંઈ નહિ મળે તો તારા કટકા કટકા કરીને તેનાથી અમારું પેટ ભરશું. એટલે જો તું ઝાઝો કકળાટ કર્યા કરીશ તો અમારી નજર તારા ઉપર તરત જ પડશે, ને પછી........'

'પછી તારાં હાડકાં સાજાં નહિ હોય !' ઈવાન્સે કહ્યું.

આની અસર ક્રાઈકોલિન ઉપર ચમત્કારિક થઈ. તે તરત જ મૂંગો થઇ ગયો. એક ખૂણામાં બેઠાં બેઠાં તેણે ધીમે ધીમે ઊંહકારા ચાલુ રાખ્યા.

બારણું ઉઘાડવાના કે બારણામાં કાણું પાડવાના પ્રયત્નો નિષ્ફળ ગયા. આ દીવાલ કઈ ધાતુની કે કયા લાકડાની બનાવેલી છે; તે કંઈ સમજાતું ન હતું. નીચે-ની ફરસ પર તેમણે જોરથી પગ પછાડ્યા. નીચે જમીન પોલી હોય એવો અવાજ તેમણે સાંભળ્યો. વળી એ જ પોલાણમાંથી ફરરર અવાજ આવતો હોય એમ લાગતું

હતું. તેમની મૂંઝવણ વધતી ચાલી. મૂંઝવણમાં હવે ભયનું પ્રમાણ પણ વધવા લાગ્યું.

'કાકા !' ફિલ ઈવાન્સે કહ્યું.

'કેમ ?'

'આપણું આ કેદખાનું ફરતું હોય એમ લાગે છે ?'

'શા ઉપરથી ?'

આપણને જ્યારે પહેલવહેલા પૂર્યા ત્યારે લીલા ઘાસની સુગંધ આવતી હતી. અત્યારે એવી કોઈ જાતની સુગંધ આવતી નથી. એટલે આપણે એ મેદાનમાં તો નથી.'

'હા, પણ આપણું આ કેદખાનું હાલતુંચાલતું હોય તો વાહન, વહાણ કે એવું કંઈ હોય, એમાં બેઠા હોઈએ તો આપણને ખબર પડ્યા વગર રહે નહિ. કાંઈક આંચકો લાગે કે આમતેમ વહાણ ડોલે તો ખરું ને ?'

'મને લાગે છે કે રોબુર આપણને પોતાની પાસે હમણાં જ બોલાવશે.'

'મને પણ એમ છે. તે વખતે મારે તેને પહેલી વાત એ કહેવી છે........'

'શું ?'

'તેં અમારી સાથે જંગલી જેમ વર્તવાની શરૂઆત કરી છે, અને હવે તેની હદ આવી ગઈ છે.'

એકાએક ઓરડામાં ઝાંખા અજવાળાનું એક કિરણ આવ્યું. એ પ્રકાશમાં તેમણે બારી અને બારણું જોયાં, પણ બંને બહારથી બંધ હતાં. અત્યારે સવારના ચારેક વાગ્યા હશે એમ તેમણે ધાર્યું; કારણકે જૂન મહિનામાં

આ બાજુ વહેલું સવાર પડે છે. પ્રુડન્ટે પોતાના ખિસ્સામાંથી ઘડિયાળ કાઢી. તેમાં હજુ પોણા ત્રણ વાગ્યા હતા. તેણે ઘડિયાળ કાને મૂકી જોઈ. ઘડિયાળ બરાબર ચાલતી હતી.

'આ શું ? પોણા ત્રણ વાગ્યે સવાર પડી ગયું ? હજુ તો રાત હોવી જોઈએ.' ફિલ ઇવાન્સે કહ્યું.

'કદાચ મારી ઘડિયાળ મોડી હોય.' પ્રુડન્ટે કહ્યું.

'મોડી ? વ્હિટ્લેમ વૉચ કંપનીની ઘડિયાળ તે અનિયમિત હોય ?'

કારણ ગમે તે હોય પણ દિવસ ઊગતો જતો હતો, એ વાત નક્કી.

એકાએક પ્રુડન્ટને નવો વિચાર સૂઝયો.

'આપણે આ ઉપરની બારીએ ચડીને જોઈએ તો ખરા કે બહાર કંઈ દેખાય છે.'

'હા, હા, અલ્યા ફ્રાઈકોલિન !'

ફ્રાઈકોલિન ઝબકીને ઊભો થયો અને પાસે આવ્યો.

'દીવાલ પડખે અઢેલીને ઊભો રહે જોઈએ, અને તમે એના ખભા પર ચડીને બારીમાં નજર કરો. હું ફ્રાઈકોલિન ખસી ન જાય તેનું ધ્યાન રાખું છું.'

ઇવાન્સ ફ્રાઇકોલિન પર ગોઠણ મૂકીને ચડ્યો, ને બારી સુધી સહેલાઈથી પહોંચી ગયો. તેણે પોતાના ચપ્પુના હાથાથી તે બારીના કાચને ખૂબ જોરથી માર્યું, પણ કાચ ફૂટ્યો નહિ. ફક્ત કોઈ ધાતુનો અવાજ થાય તેવો અવાજ થયો. ફરી વાર જોરથી ચપ્પુનો હાથો ઠોક્યો, પણ કંઈ ન વળ્યું.

'આ કાચ પણ પત્થરનો લાગે છે.'

સિમેન્સ પદ્ધતિથી તૈયાર કરેલો આ અતૂટ કાચ હોવો જોઈએ એમ તેને ખાતરી થઈ. કાચના ચોકઠા-માંથી ફિલ ઈવાન્સે જેટલે જઈ શકે તેટલે પોતાની નજર નાખી.

'શું દેખાય છે?'

'કાંઈ નહિ.'

'કાંઈ ઝાડ દેખાય છે?'

'ના.'

'ત્યારે આપણે મેદાનમાં નથી?'

'લાગતું નથી.'

'કાંઈ મકાન–ઇમારત દેખાય છે?'

'ના, ખાલી આકાશ દેખાય છે.'

તે જ ઘડીએ બારણું ઊઘડ્યું. ઉંબરમાં એક માણસ ઊભો હતો.

તે જ રોબુર હતો.

'માનનીય બલૂનશાસ્ત્રીઓ, હવે તમે છૂટા છો. જ્યાં મરજી હોય ત્યાં ફરી શકો છો.'

'છૂટા?'

'હા, આ મારા આલ્બેટ્રોસ ઉપર.'

બંને જણા બારણામાંથી દોડીને બહાર આવ્યા. બહાર શું જોયું?

લગભગ ૪૦૦૦ ફૂટ નીચે પૃથ્વીના કોઈક ભાગની આછી રૂપરેખા દેખાતી હતી.

પ્રકરણ છઠ્ઠું

આલ્બેટ્રોસ

યંત્રની મદદથી આકાશમાં ઊડવાની મહત્વાકાંક્ષા માણસજાતને કંઈ આજકાલની નથી. પક્ષીઓને ઊડતાં જોઈને પ્રાથમિક દશાના માણસને પણ ઊડવાનું મન તો થયું જ હશે. જૂના જમાનામાં ઈકારસ નામના એક ચક્રમ માણસે પોતાના શરીરે મીણની મોટી પાંખો લગાડીને ઊડવાનો પ્રયોગ કરેલો. દુર્ભાગ્યે મીણ ઓગળી જતાં પાંખો ખરી પડેલી. એ પોતે પણ પછી તો ખરી પડ્યો જ હતો!

પણ આ તો ઇસવી સન પૂર્વેની વાત. તે સાચી ય હોય ને ખોટી ય હોય. આપણા રામાયણ–મહાભારતમાં પણ પુષ્કર વિમાન ને બીજાં અનેક જાતનાં વિમાનો આકાશમાં ઊડતાં હતાં. પણ આ કોઈ યાંત્રિકોએ તૈયાર કરેલાં નહોતાં, પણ કવિઓએ પોતાના કલ્પનાના કારખાનામાં તૈયાર કરેલાં. યુરોપમાં પણ ૧૬મા ૧૭મા સૈકામાં કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓએ પોતાની નોંધપોથીઓમાં વિમાનોના નકશાઓ કાઢેલા. પણ ૧૭૮૧માં એક ઇજનેરે એ પાંખવાળો વિમાનનો નકશો દોરેલો. એક પંખો

વિમાનને ઊંચું ચડાવવાનો અને બીજો વિમાનને હંકારવાનો. પણ તે નકશો જ રહ્યો.

પણ વિજ્ઞાન જેમ જેમ આગળ વધતું ગયું તેમ તેમ કલ્પનાઓએ મૂર્ત સ્વરૂપ લેવા માંડ્યું. વરાળ ગૅસ કમાન, વગેરે યંત્રો જેમ જેમ શોધાતાં ગયાં, તેમ તેમ તેનો ઉપયોગ જેમ જમીન–પાણી પરનાં વાહનો માટે થતો ગયો, તેમ તેમ હવામાં પણ તે શક્તિનો ઉપયોગ કરવા માટેના પ્રયોગો થવા લાગ્યા.

દુનિયાના તમામ સુધરેલા દેશોએ આ બાબતમાં પોતાના વૈજ્ઞાનિકોને પૂરેપૂરું ઉત્તેજન આપ્યું. મશીનવાળાં વિમાનો ઉડાડવાના પ્રયોગો પણ થયા. પણ બલૂન જેટલી સફળતા હજુ તેમાં મળી ન હતી. બલૂનની જે એક મોટામાં મોટી ખામી હતી તે એ હતી કે તેની ગતિનો આધાર આકાશની હવા ઉપર જ રહેતો. જ્યારે આ યાંત્રિક વિમાનોએ ગતિ ઉપર કાબૂ મેળવવા માટે ભગીરથ પ્રયત્ન આદર્યો. દરિયામાં વહાણનું સ્થાન આગબોટોએ લીધું પણ આકાશમાં બલૂનનું સ્થાન હજુ યાંત્રિક વિમાનોએ લીધું ન હતું અને અત્યાર સુધીમાં આ વિમાનો ત્રણ પ્રકારની યંત્રરચનાવાળાં હતાં:

૧. ઊભી ધરીવાળા પંખાવાળું યંત્ર.

૨. પક્ષીની પાંખો જેવાં જ રચનાવાળાં યંત્ર.

૩. પતંગની જેમ ઢાળ પડતા ઘાટવાળું વિમાન, પણ તેને ચલાવનાર પંખાઓ આડી ધરીવાળા હોય.

આ ત્રણે ય પ્રકારના પ્રયોગો ચાલતા હતા. પણ

કોઈ પ્રકાર હજુ સફળ કહી શકાય તેવો ન હતો. દરેક રચનામાં થોડાક લાભો અને થોડાક ગેરલાભો પણ હતા. પણ છેલ્લા પ્રકારની યંત્રરચના પ્રમાણમાં વધારે સફળ થાય તેવાં લક્ષણો તેમાં હતાં.

રોબુરે યાંત્રિક વિમાનના ચાલતા પ્રયોગોમાં ક્રાંતિ કરી મૂકી હતી. તેનું 'આલ્બેટ્રોસ' વિમાન વિજ્ઞાનની હવા પરની વિજયપતાકા સમું હતું.

તે આખા વિમાનની રચના આપણે જોઈશું, એટલે તેની અદ્ભુતતાનો ખ્યાલ આવી શકશે.

વિમાનના ત્રણ ભાગ હતા: તેનું પીઠ, વિમાનને ગતિમાન કરતા પંખાઓ અને પંખાને ચલાવતાં યંત્રો.

પહેલાં તેનું પીઠ જોઈએ. એકસો ફૂટ લાંબું અને ૧૨ ફૂટ પહોળું એવું આ વિમાનનું પીઠ હતું. તેનો આગલો ભાગ વહાણની જેમ અણી કાઢતો હતો. આ પીઠની નીચે આ વિમાનનું શરીર હતું. તેમાં એન્જિનો, કોઠાર, પાણીનાં ટાંકાં વગેરે આવેલાં હતાં. પીઠ ફરતો તારોનો કઠેડો બાંધી લેવામાં આવ્યો હતો. તૂતક ઉપર ત્રણ કેબીનો હતી. એક વિમાનના ખલાસીઓની, વચ્ચેના ભાગમાં પંખાઓ ચલાવનાર મુખ્ય યંત્રની ઓરડી હતી. એક છેડે એક કાચની દીવાલવાળી ઓરડી હતી, અને તેમાં સુકાન અને સુકાનીને માટે ગોઠવણ હતી. આ બધી કેબીનોમાં ઉપર કાચ જડેલાં જાળિયાં હતાં. આ કાચ ગમે તેવા દબાણ સામે ટકી શકે તેવો મજબૂત હતો. વિમાનને તળિયે કમાનો ગોઠવવામાં આવી હતી; જેથી

કોઈ વાર તેને નીચે ઊતરવું હોય તો થડકારો ન લાગે.

પંખાઓની રચના:—તૂતક ઉપર સાડત્રીસ ઊભી ધરીઓ ગોઠવવામાં આવી હતી. બે બાજુ પંદર પંદર ધરીઓ અને વચ્ચે સાત સાત ઊંચી ધરીઓ ગોઠવેલી હતી. સઢના થાંભલાઓ જેવી આ ધરીઓ લાગતી હતી. આ થાંભલાઓ પર સઢને બદલે પંખાઓ મૂકવામાં આવ્યા હતા. આ પંખાની દરેક ધરી ઉપર બે આડા પંખાઓ મૂક્યા હતા. આ પંખા ઘેરાવામાં બહુ મોટા ન હતા પણ ઝડપથી ફરતા હતા. દરેક ધરીને પોતાની સ્વતંત્ર ગતિ હતી. અને દરેક ધરી પોતાની પડખેની ધરીથી બીજી દિશામાં ફરતી હતી. અને એને લીધે વિમાનને ધૂમરી ચડવાનો જરા ય ભય ન હતો. આ ઊભી ધરી અને તેના પર આડા પંખાને લીધે આખા વિમાનની સમતુલા જળવાઈ રહેતી હતી.

એ જ રીતે આ બધા મળીને ૩૭ ધરીના ૭૪ પંખાઓ આખા વિમાનને અદ્ધર હવામાં રાખતા હતા. વળી વિમાનને બીજે છેડે આડી ધરી ઉપર એક એક રાક્ષસી કદના પંખાઓ હતા. આ દરેક પંખાને ચાર મોટાં પાંખિયાં હતાં. આ પંખા ખૂબ મોટા હોવા છતાં તે નાના પંખા જેટલી જ ગતિથી ફરી શકતા હતા.

યંત્રરચના:—આ બધા પંખાઓને તથા ધરીઓને ચલાવનાર મુખ્ય બળ કયું છે, એ જાણવું જરૂરી છે. રોબુર પાસે વરાળ કે ગેસ બેમાંથી કાંઈ ન હતું. તેણે કુદરતમાં રહેલી મહાન શક્તિ–વીજળીનો ઉપયોગ

કર્યો હતો. આ વીજળી તે કઈ રીતે ઉત્પન્ન કરતો તે એક મહાન રહસ્ય હતું. અને તે કોઈને બતાવવા પણ ઇચ્છતો ન હતો. પણ આ વિમાનના પંખાઓ આ વીજળિક બળે ચાલી રહ્યા હતા, તેમાં શંકા ન હતી. વીજળી ઘર્ષણથી, રાસાયણિક દવાઓથી કે લોહચુંબકથી ઉત્પન્ન થતી હતી, તેમાં કઈ ધાતુનો ઉપયોગ કરવામાં આવ્યો છે—આ બધી વાત રોબુર કોઈને પણ બતાવવા તૈયાર ન હતો.

રોબુરે અત્યાર સુધી વિમાન ચલાવવાની બાબતમાં થયેલ પ્રયોગો પાછળના સિદ્ધાંતોને એકી સાથે ઉપયોગમાં લઇને આ નવીન પ્રકારનું અપૂર્વ વાહન તૈયાર કર્યું.

અને હવે છેલ્લી વાત. આ વિમાનને તૈયાર કરવામાં કઈ ધાતુ વાપરવામાં આવી હશે, તે પણ એક મહાન રહસ્ય હતું. પ્રુડન્ટ તથા ફિલ ઈવાન્સની તીક્ષ્ણ ધારવાળી છરીને બુઠ્ઠી કરી નાખે તેવી કઈ ધાતુ હશે? તે ધાતુ બીજી કોઈ નહિ પણ કાગળ જ હતો.

કાગળના માવાને ડેકટ્રીન તથા સ્ટાર્ચના રસમાં ઘૂંટીને તૈયાર કર્યા પછી તેને યાંત્રિક દાબમાં સારી રીતે દાબીને તૈયાર કરવાથી તે કાગળ લોઢા કરતાં પણ વધારે મજબૂત બની જાય છે અને વળી વજનમાં તે પદાર્થ તદ્દન હલકો હોય છે. રોબુરે પોતાના વિમાનમાં આ કાગળનો ઉપયોગ કર્યો હતો. તેનું ખોખું, તૂતક, ઓરડીઓ, છાપરાં બધું ય આ કાગળનું જ તૈયાર કર્યું હતું અને વળી આ કાગળ ન બળે તે માટે તેમાં અગ્નિથી અસ્પર્શ્ય એવું રસાયણ પણ ભેળવ્યું હતું.

આખા વિમાનમાં બધા મળીને કુલ આઠ માણુસો હતા. રોબુર, તેનો ઈજનેર ટોમ ટનેર, બે તેના હાથ નીચેના ઇજનેરો, બે સુકાનીઓ અને એક રસોયો. આ આઠ માણુસો આ વિમાન સંભાળવા માટે પૂરતા હતા. એ ઉપરાંત હથિયારો, માછલાં પકડવાની જાળો, વૈજ્ઞાનિક અવલોકન માટેનાં સાધનો, વીજળી બત્તીઓ, હોકાયંત્રો, કોણ માપક યંત્રો, થર્મોમિટરો, હવાના દબાણુને માપતાં યંત્રો, દૂરબીન, નાનું એવું પુસ્તકાલય, નાનકડું ફેરવી શકાય તેવું છાપખાનું, નાનકડી તોપ, દારૂગોળો, કારતૂસો, બંદૂકો, વીજળીથી ચાલતો ચૂલો. આવાં અનેક સાધનો એમાં હતાં. એ બધામાં ધ્યાન ખેંચે તેવું એક મોટું બ્યુગલ પણ હતું. આ બ્યુગલના સૂરોએ જ દુનિયાભરમાં ખળભળાટ મચાવ્યો હતો.

વિમાન ઉપર એક નાનકડી રબ્બરની હોડી હતી. આઠ માણુસો તેમાં બેસી શકે, એવડી તે હતી. શાંત સમુદ્રમાં, નદીમાં કે સરોવરમાં તે સહેલાઈથી તરી શકે તેવી હતી.

વિમાનમાં ક્યાં ય હવાઈ છત્રીઓ દેખાતી ન હતી. તેનું શું કારણુ ? અકસ્માત થાય તો શું કરવું ? પણ રોબુરને ખાતરી હતી કે તેના વિમાનને અકસ્માત થશે જ નહિ. થોડીએક ધરીઓ કદાચ ખોટકાઈ જાય તો બીજી ધરીઓના પંખાઓથી પણ કામ ચાલી શકે એમ હતું. દરેક ધરીને પોતાની સ્વતંત્ર ગતિ હતી. અડધી ધરીઓથી પણ આ વિમાન પોતાનું ઉડ્ડયન ચાલુ રાખી શકે તેમ હતું.

'આ વિમાન વડે,' રોબુરે પોતાના મહેમાનો–જો તેમને મહેમાન કહી શકાય તો–ને કહ્યું, 'પૃથ્વીના સાતમા ભાગ પર સત્તા ભોગવી રહ્યો છું. આફ્રિકા, અમેરિકા, યુરોપ એ બધા દેશો ભેગા કરો તોપણ તેનો વિસ્તાર મારા સામ્રાજ્ય કરતાં ઓછો છે. અને આ આકાશી મહાસાગરમાં આજે ભલે હું એકલો જ છું, પણ એક દિવસ આ જ મહાસાગરમાં અનેક વિમાનો આમથી તેમ ઘૂમતાં હશે.'

પ્રકરણ સાતમું

ઊડતું કેદખાનું

વેલ્ડન સંસ્થાના પ્રમુખ આભા જ બની ગયા હતા; મંત્રી સ્તબ્ધ બની ગયા હતા, પણ તેમના આ ભાવો બહાર પ્રગટ ન થાય તે માટે તેમણે પોતાનું આશ્ચર્ય પરાણે દાબી રાખ્યું.

પણ ફ્રાઈ કૉલિનને પોતાના ભાવો પ્રગટ કરવામાં કંઈ વાંધો ન હતો. તેમ તેનાથી રહેવાય તેમ ન હતું. કોઈ વિચિત્ર પંખીની પીઠ પર ધરતીથી આટલે ઊંચે તે આવી ચડ્યો છે, એ જોતાં જ તેના ભયની માત્રા પણ એટલે જ ઊંચે ચડી ગઈ.

વિમાનને ઊંચે ચડાવવા માટેના પંખાઓ માથા ઉપર જોરથી ફરી રહ્યા હતા. આલ્બેટ્રોસને આથી વધારે ઊંચે ચડવું હોય તો તેની ગતિ હજુ પણ વધારી શકાય એમ હતું. આ વિમાનની આગળ–પાછળના બંને પંખાઓ પણ વિમાનને ગતિ આપી રહ્યા હતા.

વિમાનના કઠોડા ઉપર ઝૂકીને તેમણે નીચે પૃથ્વી પર નજર કરી તો પાતળી ચળકતી વાંકીચૂંકી પટ્ટી તેમને દેખાઈ. વચ્ચે વચ્ચે નાનાં નાનાં અરીસા જેવાં સરોવરો ચળકતાં હતાં. ચળકતી પટ્ટી તે કોઈ નદી હતી.

'અત્યારે આપણે કઇ જગ્યાએ છીએ, તે તમે કહી શકશો?' પ્રુડન્ટે ક્રોધથી ધ્રૂજતે અવાજે રોબુરને પૂછ્યું.

'મારે તમને શીખવવાનું હોય?' રોબુરે જવાબ આપ્યો.

'અને તમે કહેશો કે આપણે કઈ બાજુ જઈ રહ્યા છીએ?'

'અનંત અવકાશમાં.'

'આ સફર ક્યારે પૂરી થશે?'

'અનંતનો અંત આવે ત્યારે.'

'આપણે પૃથ્વી ફરતી પ્રદક્ષિણા કરીએ છીએ?'

'એથી ય આગળ.'

'પણ ધારો કે અમને આ સફર માફક ન આવે તો?'

'માફક લાવવી પડશે.'

કેવા પ્રકારના માણસ સાથે તેમને કામ પાડવાનું છે એનો ખ્યાલ આ બંને અમેરિકનોને થોડોઘણો આવવા લાગ્યો. આલ્બેટ્રોસના કપ્તાનના મહેમાન થવાનું રહસ્ય તેમને સમજાવા લાગ્યું. રોબુર પણ તેમના મહેમાનોની લાગણીઓ સમજી ગયો હતો. તેણે તેમનો ઉશ્કેરાટ શાંત થવા માટે થોડો વખત આપ્યો. તેને ખાતરી હતી કે આ અદ્દભુત યંત્રને તેઓ બરાબર જોશે ત્યારે તેમની ક્રોધની લાગણી સરી જશે ને તેની જગ્યાએ આશ્ચર્ય અને આ વિમાનના સર્જક પ્રત્યે માનની લાગણી જન્મ્યા વગર નહિ રહે. તે મહેમાનોને એકલા મૂકીને પોતાના કામે ચાલ્યો ગયો.

બંને અમેરિકનો વળી એકલા પડ્યા. બંને જણ વિમાનની રચના અને નીચે દેખાતાં પૃથ્વી પરનાં દૃશ્યો વારાફરતી જોવા લાગ્યા.

'પ્રમુખ સાહેબ!' ફિલ ઈવાન્સે કહ્યું.

'મને લાગે છે કે આપણે કૅનેડાના મધ્ય ભાગ ઉપર ઊડી રહ્યા છીએ. પેલી વાંકીચૂંકી દેખાતી નદી સેન્ટ લૉરેન્સ છે. પેલું દેખાય છે તે કવીબેક શહેર છે.'

તે ખરે જ કવીબેક શહેર જ હતું. તેનાં મકાનો પરનાં જસતનાં પતરાં સૂર્યના તાપમાં ઝબકારા મારતાં હતાં. આલ્બેટ્રોસ ઉત્તર અક્ષાંશની ૪૯° ડીગ્રી પર પહોંચતું હોવું જોઈએ, અને એટલે જ દિવસ વહેલો ઊગવાનું તથા પ્રભાતનો વખત લંબાયાનું કારણ હવે સમજાયું.

'હા, એ....પેલાં ઊંચા મિનારાવાળાં દેવળો દેખાય. એ એનું મોટું જકાત-ઘર દેખાય. એના પર બ્રિટિશ વાવટો ફરકી રહ્યો છે.' ફિલ ઈવાન્સ હજુ તો પોતાનું વર્ણન આગળ લંબાવત, પણ ત્યાં તો કવીબેક નાનું થતું થતું દેખાતું બંધ થઈ ગયું.

આલ્બેટ્રોસ વાદળાંઓના એક પાતળા પડમાંથી પસાર થવા લાગ્યું. નીચેની ધરતી દેખાતી બંધ થઈ.

રોબુરે જોયું કે આ બંને મહેમાનો હવે તેના વિમાનમાં કંઈક રસ લેવા લાગ્યા છે એટલે તે તેમની પાસે ગયો.

'કેમ, સાહેબો, હવા કરતાં વધારે વજનવાળાં યંત્રોના બળથી આકાશમાં ઊડી શકાય એમ તમને લાગે છે?'

આ પ્રત્યક્ષ પુરાવો જોવા છતાં તેની ના પાડવી એ અશક્ય હતું, એટલે તેમણે મૌન જ ધારણ કર્યું.

'તમે બોલતા નથી. કદાચ ભૂખને કારણે બોલવા-ની તાકાત ચાલી ગઈ હોય, પણ મહેમાનોને ભૂખે મારું એવો હું દુષ્ટ નથી. તમારે માટે મારા ગજા પ્રમાણેનો નાસ્તો મેં તૈયાર રાખ્યો છે, પધારો.'

પ્રુડન્ટ અને ઈવાન્સ ભૂખથી એટલા બધા વ્યાકુળ હતા કે હવે વધારે આગ્રહની વાટ જોયા વિના તેઓ તૈયાર થઈ ગયા. આ દુશ્મનના ઘરનો ખોરાક અત્યારે તો આપદ્ધર્મ જાણીને ખાઈ લેવો, પણ એકવાર અહીંથી છૂટા થયા પછી આપણે આ માણસ સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખવાનો નથી, એમ તેમણે મનમાં નક્કી કર્યું હતું.

એક નાનકડા ઓરડામાં તેમને લઈ જવામાં આવ્યા. ટેબલ ઉપર ભાત ભાતની વાનીઓ રકાબીઓમાં પીરસેલી હતી. માંસ સૂકવીને તેની ભૂકી અને ઘઉં ભેળવીને તેના લોટની બનાવેલી રાબ સૌથી મીઠી લાગી. આ નાસ્તાની પછી ચા તો હોય જ ને!

ફ્રાઈકોલિનને ભય ને બીક બે એવાં ભેગાં થયાં હતાં કે એક બાજુથી આ ખાવાનું જોઈને મોઢામાંથી પાણી છૂટતાં હતાં ને બીજી બાજુથી ભયનાં માર્યાં તેનાં જડબાં કડકડાટી બોલાવતાં હતાં. 'આ તૂટીને નીચે પડશે તો?' એ એક વિચાર તેના મનમાં વહ્યા કરતો હતો. ચાર હજાર ફૂટની ઊંચાઈએથી નીચે પડતાં શું થાય તેની કલ્પના તેને કચરી નાખતી હતી.

નાસ્તો કરીને બંને અમેરિકનો પાછા આ વિમાનના તૂતક ઉપર આવ્યા. રોબુર ત્યાં ન દેખાયો. વિમાનનું સુકાન હાથમાં લઈને કાચની ઓરડીમાં બેઠેલો સુકાની દેખાતો હતો. તેની આંખો હોકાયંત્ર ઉપર બરાબર ચોંટેલી હતી. આ નવા માણસો તરફ જોવાની તેને નવરાશ ન હતી. આ સિવાય બીજા કોઈ માણસો વિમાન પર દેખાતા ન હતા.

વિમાનની ઝડપ પારખી શકાતી ન હતી. કારણકે વિમાન વાદળાંઓના ઘરની ઉપર ખુલ્લા આકાશમાં ઊડી રહ્યું હતું.

'આ માની શકાય એવું નથી.' ફિલ ઈવાન્સના મોઢામાંથી વાકય નીકળી ગયું.

'માનવું જ નહિ.' પ્રુડન્ટે તેનો જવાબ તરત જ આપ્યો. બંને જણ વિમાનના આગલા ભાગમાં આવીને ઊભા. દૂર ક્ષિતિજમાં નજર કરી. 'બીજું કોઈ શહેર દેખાય છે.'

'એ મોન્ટરિલ હોય એમ લાગે છે.'

'મોન્ટરિલ! હજુ તો બે કલાક પહેલાં આપણે કવીબેક ઉપર હતા.'

'એટલે આપણે કલાકના ૭૫ માઈલની ઝડપે ઊડીએ છીએ, એમ લાગે છે.'

આટલી ઝડપથી ઊડતા વિમાનની ગતિની તેમને ખબર નહોતી પડતી; કારણકે તેઓના વિમાનની ગતિ અને પવનની ગતિ એકસરખી અને એક જ દિશામાં હતી.

જો પવન સ્થિર હોત તો તો આ વિમાન આટલી ગતિએ ઊડી શકત કે કેમ તે શંકા છે.

મોન્ટરિલ શહેર હવે બરાબર નીચે દેખાવા લાગ્યું. તેને ઓળખવામાં મુશ્કેલી પડે એમ ન હતું. સેન્ટ લૉરેન્સ નદી પરનો એ ભવ્ય વિકટોરિયા પુલ, શહેરના પહોળા રસ્તાઓ, તેનાં મોટાં મકાનો, રોમના સેન્ટ પિટરના દેવાલયની બરોબરી કરવા મથતું દેવળ, અને આખા શહેરની શોભામાં વધારો કરતી, માઉન્ટ રૉયલ નામની ટેકરી પરના બગીચાઓ દેખાવા લાગ્યા.

ફિલ ઈવાન્સ કેનેડામાં આ અગાઉ મુસાફરીઓ કરી આવ્યો હતો, એટલે તેને આ શહેરને ઓળખતાં વાર ન લાગી. મોન્ટરિલ ગયું. થોડી વારે ઓટાવાનો ભવ્ય ધોધ દેખાવા લાગ્યો અને કેનેડાની પાર્લામેન્ટનાં ભવ્ય મકાનો દેખાવા લાગ્યાં. થોડી વારમાં ઓટાવા પણ એક ટમકતા તારાની જેમ ઝાંખું થતું થતું ક્ષિતિજમાં અદૃશ્ય થઈ ગયું.

લગભગ બે કલાક પછી રોબુર તેના સાથી ટોમ-ટનેર સાથે દેખાયો. રોબુર કંઈક ત્રણ શબ્દો બોલ્યો. તે શબ્દો વિમાનના આગળના તથા પાછળના ભાગના એન્જિન-વાળા ઓરડામાં પહોંચાડવામાં આવ્યા. સુકાન પર બેઠેલા સુકાનીને પણ નિશાની કરવામાં આવી. વિમાનની દિશા-માં તરત જ ફેરફાર થયો. તે નૈઋત્ય દિશામાં ફર્યું અને એની સાથે જ વિમાનની ઝડપ હતી તેનાથી બમણી થઈ હોય એમ લાગ્યું. આવી ઝડપ આ બે અમેરિકનોની

કલ્પનાની બહારની હતી. તેમણે ૬૦ માઈલની ઝડપે જતું એન્જિન જોયું હતું પણ કલાકના ૧૨૦ માઈલની ઝડપે ઊડતું આ વિમાન જોઈને તેમના આશ્ચર્યને પાર ન રહ્યો. મોટાં ઝાડોને મૂળમાંથી ઉખેડી નાખે તેવો તોફાની પવન આ ઝડપે વાતો હોય છે. એનાથી પણ વધારે ઝડપે ઊડનારાં કબૂતરો, વગેરે પક્ષીઓ હોય છે, પણ આવડું મોટું યંત્ર સેકંડના ૧૭૬ ફૂટની ઝડપે ઊડી શકે છે, તે તો આ બંને અમેરિકનોએ પહેલી જ વાર જોયું. રોબુર જો પોતાના વિમાનના તમામ પંખાઓને પૂરી ઝડપે છોડી મકે તો આખી પૃથ્વીની પ્રદક્ષિણા તે ૨૦૦ કલાકમાં કરી શકે, તેટલી શક્તિ આ વિમાનમાં હતી.

છેલ્લા કેટલા ય વખતથી દુનિયાના બંને ગોળાર્ધના આકાશમાં જે કંઈ વિચિત્ર અને અપાર્થિવ માયા જેવું દેખાતું હતું, તે બીજું કંઈ નહિ પણ આ રોબુરનું વિમાન આલ્બેટ્રોસ જ હતું. જે રણશીંગામાંથી નીકળતા સૂરોએ ઈંગ્લાંડ અને અમેરિકાના લોકોને મૂંઝવી નાખ્યા હતા, તે સૂરો ટોમટનેરના રણશીંગામાંથી નીકળતા હતા.

અત્યાર સુધી રોબુરે પોતાની આ શોધને ગુપ્ત રાખવા માટે પોતાનાથી બનતા બધા ઉપાયો લીધા હતા. રાતના વખતે તે વિમાનમાં ગોઠવેલી વીજ–મશાલને આધારે મુસાફરી કરતો. દિવસે તો વાદળાંઓના થરની ઉપરના ભાગમાં જ તે પોતાનું વિમાન ચલાવતો જેથી તે પૃથ્વી પરના લોકોની નજરે જ ન પડે. પણ હવે તેને લાગવા માંડ્યું હતું કે તેની આ શોધની જાણ દુનિયાના

લોકોને થવી જોઈએ. ફિલાડેલ્ફિયાના બલૂન મંડળની બેઠકમાં જઈને હોહા મચાવ્યા પછી તે થોડાઘણો તો બહાર આવી ગયો હતો. પણ ત્યાંના લોકોએ તેનો જે જાતનો સત્કાર કર્યો, તેથી તે લોકોને પોતાની શોધ બરાબર યાદ રહે તે રીતે બતાવવી એમ નક્કી કરીને તે મંડળના બે મુખ્ય માણસોને વિમાનમાં ઉઠાવ્યા.

રોબુર ફરી આ બંને અમેરિકનો પાસે આવીને ઊભો ત્યારે પણ એ બંને જણાએ તેમના મુખ પરના આશ્ચર્યના ભાવો જરા પણ ન દેખાઈ જાય તેની કાળજી રાખી હતી. અમેરિકાનો વતની ન હોય એવો કોઈ માણસ આવી શોધ કરે, તે તેમના સ્વમાનને ભારે આઘાત પહોંચાડતું હતું. રોબુર આ ભાન બરાબર સમજતો હતો. તેણે બહુ જ સ્વાભાવિક રીતે વાત શરૂ કરી:

'ગૃહસ્થો! તમે મને પૂછી શકતા નથી, પણ તમારા મનમાં એવા સવાલ ઊઠતા જ હશે કે આ વિમાન આટલી બધી ઝડપે કેમ જઈ શકતું હશે. અવકાશ પર વિજય મેળવવો હોય તો અવકાશને ગળી જવાની શક્તિ કેળવવી જોઈએ. હવા એ મારે માટે એક નક્કર ભૂમિ છે. તે જ મારો ટેકો છે. મેં જોયું કે પવનની સામે બાથ ભીડવામાં મારે પવનથી પણ વધારે બળવાન બનવું જોઈએ, અને હું તેવો બળવાન બન્યો છું. મારે નથી સઢની જરૂર, નથી હલેસાંની જરૂર, નથી પૈડાંની કે નથી પાટાની જરૂર. મારે તો એકમાત્ર હવાની જ જરૂર હતી. જેમ દરિયાની અંદર સબમરીન ફરતું પાણી

વીંટાયેલું હોય છે, તેમજ મારા આ વિમાન ફરતી હવા વીંટાયેલી છે. આગબોટના પંખાની જેમ જ મારા વિમાનના પંખા આ હવાને કાપી રહ્યા છે. આકાશમાં માર્ગ કાપવાના પ્રશ્નને આ રીતે ઉકેલ્યો. બલૂનથી આ કદી બની શકવાનું નથી કે હવાથી હલકા વજનનું કોઈ પણ યંત્ર આ પ્રશ્ન ઉકેલી શકવાનું નથી.'

બંને જણ એક પણ અક્ષર બોલ્યા વગર કે મોઢા પર કોઈ પણ જાતનો ભાવ દર્શાવ્યા વગર ઊભા રહ્યા. પણ રોબુરે તેની પરવા રાખ્યા વગર પોતાને કેવાનું હતું તે ચાલુ રાખ્યું.

'વળી તમને થશે કે આ વિમાન ઝડપથી હવામાં લાંબે સુધી ઊડી તો શકે છે, પણ ઊંચે ઊડવામાં તો તે બલૂનની બરાબરી નહિ કરી શકતું હોય. તમારું પેલું આગે-બઢો બલૂન તૈયાર થાય ત્યારે ખરું. પણ મારી સલાહ છે કે બલૂનમાં બેસીને આ મારા વિમાન સાથે ઊંચે ચડવાની હરીફાઈમાં ન ઊતરતા.'

આ કટાક્ષની અસર બંને જણ ઉપર થઈ. તેમના ભભાઓ તિરસ્કારમાં ને અકળામણમાં ઊંચાનીચા થયા. રોબુરને એટલું જ જોઈતું હતું. તેણે કંઈક નિશાની કરી. વિમાનની આગળના ભાગમાં આવેલા પંખાઓ એકદમ બંધ પડી ગયા અને વિમાન એક માઈલ સુધી એમ ને એમ વેગમાં આગળ વધીને જાણે કે અટકી ગયું, અને રોબુરે બીજી નિશાની કરી કે તરત જ સીધા થાંભલાઓ પરના તમામ પંખાઓ સારીગમના સપ્તકના ચાલુ

સૂરોથી એક સપ્તક ઊંચા સૂરોમાં અવાજ કરવા લાગી ગયા, અને વિમાન એમ ને એમ અદ્ધર ચડવા લાગ્યું. હવા જેમ જેમ પાતળી થવા લાગી, તેમ તે પંખાઓનો અવાજ પણ પાતળો પડવા લાગ્યો. વિમાન ઊંચે ને ઊંચે ચડવા લાગ્યું.

'એય એય! ભાંગી જશે હો!' ક્રાઇકોલિનના મોઢામાંથી ચીસ નીકળી ગઈ.

રોબુરના મોઢા પર તિરસ્કારપૂર્ણ હાસ્ય ફરકી રહ્યું. થોડી જ મિનિટમાં આલ્બેટ્રોસ ૮૭૦૦ ફૂટની ઊંચાઈએ ચડી ગયું.

આટલે ગયા પછી વિમાન નીચે ઊતરવા લાગ્યું. આટલે ઊંચે હવામાં દબાણ ઘટી જવાથી હવામાંના ઑક્સીજન-નું પ્રમાણ પણ ઘટી જાય છે. અને આને કારણે કેટલાં ય વિમાનોને અને તેમાં બેઠેલા માણસોને અકસ્માત સહન કરવા પડ્યા છે. રોબુર આવું જોખમ ખેડવા માગતો ન હતો. આલ્બેટ્રોસ જોતજોતામાં પાછી તેની બરાબર ઊંચાઈએ આવી ગયું. અને તરત જ વિમાનની આગળના પંખાઓ ચાલુ થઈ ગયા અને વિમાન આગળ વહેવા લાગ્યું.

'હવે આમાં તમારે કંઈ કહેવાનું હોય તો કહો,' રોબુરે બંને જણ તરફ ફરીને કહ્યું ને જવાબની રાહ જોયા વગર વિમાનના તૂતકના કઠોડા પર કોણીઓ ટેકવીને નીચે ક્ષિતિજ તરફ જોતો ઊંડા વિચારમાં ડૂબી ગયો.

તેણે કેટલીક વારે પોતાનું માથું ઊંચું કર્યું, ત્યારે તેણે જોયું તો તેની પાસે બંને અમેરિકનો ઊભા હતા.

'રોબુર!' પ્રુડન્ટે પોતાના મનનો ક્રોધ પરાણે

કાબૂમાં રાખતો હોય તેવા અવાજે કહ્યું: 'તમે જે માનો છો તે બાબતમાં અમારે કંઈ ખાસ પૂછવાનું નથી. પણ અમે એક બીજો સવાલ તમને પૂછવા માગીએ છીએ અને તેનો ઉત્તર તમે આપશો એમ માનું છું.'

'બોલો.'

'ફિલાડેલ્ફિયાના પેલા મેદાનમાં અમારા પર હુમલો કરવાનો તમને શો અધિકાર હતો ? અને કયા અધિકારે તમે અમને કોટડીમાં પૂર્યા હતા ? કયા અધિકારે તમારા આ વિમાનમાં અમારી મરજી વિરુદ્ધ અમને ઉપાડી જાઓ છો ?'

'અને કયા અધિકારથી તમે તમારા મંડળની સભામાં મારું અપમાન કર્યું હતું, અને મને મારી નાખવાની ધમકીઓ આપી હતી ? હું તેમાંથી જીવતો કઈ રીતે નીકળી શક્યો એ જ એક મોટો ચમત્કાર છે.'

'તમારે જવાબ આપવાનો છે, પ્રશ્ન પૂછવાનો નથી.' ફિલ ઈવાન્સે કહ્યું: 'હું પૂછું છું કે કયા હક્કથી તમે આ કર્યું ?'

'તમારે તે જાણવું છે ?'

'હા.'

'તો તેનો જવાબ એ છે કે એ મેં શક્તિના અધિકારે કર્યું હતું.'

'એટલે કે અત્યાચાર........'

'જે કહો તે.'

'અને ઈજનેર રોબુર,' પ્રુડન્ટ કાકા ક્રોધથી ધ્રૂજતા

હતા. ‘ અને એ અધિકારનો ઉપયોગ તમે કેટલા વખત સુધી કરવા ધારો છો ? ’

‘ આવો સવાલ તે તમે શું પૂછતા હશો ? ’

રોબુરે કટાક્ષમાં કહ્યું: ‘ આમ નીચે નજર તો કરો. દુનિયાના એક અપૂર્વ સૌંદર્યવાળા દૃશ્યને આંખો ભરી ભરીને નિહાળો. ’

વિમાન અફાટ વિસ્તારમાં ફેલાયેલા એન્ટોરિયો સરોવર ઉપરથી પસાર થઈ રહ્યું હતું. કવિઓ જે દૃશ્ય કલ્પનામાં ઊડીને જોવા મથે છે તે આજે નજરે દેખાતું હતું. થોડુંક દક્ષિણમાં જતાં જ આખું દૃશ્ય બદલાઈ ગયું. આ વિશાળ સરોવરમાંથી વહેતું પાણી નદી-આકારે આગળ વધી રહ્યું હતું.

એકાએક પૃથ્વી પરથી કોઈ મહાન ભવ્ય ગર્જનાનો એકધારો અવાજ સંભળાવા લાગ્યો. જાણે કે પૃથ્વી પરથી ધુમ્મસ ઊડીને આકાશ તરફ આવતું હોય તેમ નીચે ધુમ્મસનાં વાદળાં છવાઈ ગયાં. હવામાં એક પ્રકારની તાજગી ફેલાઈ ગઈ.

નીચે પાણીનો વિશાળ પ્રવાહ એક રૂપેરી પટ્ટાની જેમ પાથરેલો દેખાતો હતો. આ દુનિયાનો પ્રખ્યાત નયાગરાનો ધોધ હતો. ધોધની નીચે એક ઝૂલતા પુલ પરથી રમકડા જેવી ગાડી પસાર થતી હતી. આ અનુપમ દૃશ્ય જોઈને પ્રુડન્ટથી ન રહેવાયું. ‘ અહાહા ! આપણો નયાગરા ! ’

કૅનેડા અને અમેરિકાની સરહદ પર આવેલ આ સ્થળને વટાવીને આલ્બેટ્રોસ સંયુક્ત રાજ્યોના પશ્ચિમ વિભાગ પર ઊડવા લાગ્યું.

પ્રકરણ આઠમું

અમેરિકાનો છેડો

વિમાનના પાછલા ભાગની ઓરડીમાં આ બંને મહેમાનો માટે બે પથારીઓ તૈયાર રાખી હતી. એટલું જ નહિ, તેમને માટે કપડાંની બીજી જોડ, પાણીનાં વાસણો વગેરે સરંજામ પણ ગોઠવેલો હતો. કોઈ પણ સારી સ્ટીમરની કેબીનમાં પણ આવી સગવડ તેમને મળી શકે કે કેમ તે શંકા હતી. જો તેમના મગજમાં તેમના થયેલ અપમાનનો રોષ ન હોત તો તેઓ ઘસઘસાટ ઊંઘી શકયા હોત. પણ તેમના અમેરિકન મગજને આ પરિસ્થિતિમાં ભારે આઘાત પહોંચ્યો હતો. તેમને કેદ કરવામાં આવ્યા એ તો ઠીક, પણ બલૂન મંડળની આખી કારકિર્દી પર પાણી ફરી વળે એવી શોધ કોઈ અજાણ્યા માણસે કરી અને તે જ શોધને તેમણે પરાણે જોવી પડે એવી સ્થિતિ ઊભી થઈ. આનો અંત ક્યારે આવશે તેની તેમને ખબર નહોતી. તેઓ જેમ વિમાનમાં નિરાધાર ઊડતા હતા તેમ મનથી પણ તેઓ નિરાધાર દેખાતા હતા.

ફ્રાઈકોલિનને વિમાનના રસોઇયાની પડખે એક નાનકડી ઓરડીમાં રાખવામાં આવ્યો હતો. આખી રાત ઊંઘમાં તે એક પર્વત પરથી ગબડતો ગબડતો ક્યાંનો

ક્યાં ય ઊંડી ઊંડી ખીણમાં ઊતરી પડતો હોય એવાં સ્વપ્નો અનુભવતો હતો.

આખી રાત વિમાન આ શાંત એકાંત અને અતલ આકાશમાં તરતું તરતું ચાલ્યું જતું હતું. પંખાઓનું એકધારું સંગીત વાતાવરણમાં ગુંજતું હતું. બીજો કોઈ અવાજ આ સંગીતમાં વિક્ષેપ પાડતો ન હતો. કોઈ કોઈ વાર રાતે ભૂલું પડેલ પંખી આ રાક્ષસી પંખીને જોઈને ભયની કિકિયારી પાડી ઊઠતું.

૧૪મી જૂનની સવાર પડી. પ્રુડન્ટ કાકા અને ફિલ ઈવાન્સ વિમાનના તૂતક પર ફરવા નીકળ્યા. વિમાન એકધારી ગતિએ ઊડી રહ્યું હતું. ફક્ત વિમાનના આગળના ભાગમાં એક માણસ ચોકીની જગ્યાએ દૂરબીન લઈને બેઠો હતો. રોબુર ક્યાં ય દેખાતો ન હતો. આ ચોકી શું કામ ગોઠવી હશે, તે સમજાતું ન હતું. શું આકાશમાં પણ ચોર-લૂંટારાનો ભય હશે ? કે પછી કોઈ બીજું આવું વિમાન આકાશમાં ફરતું હશે, તેની સાથે આ વિમાન અથડાવાની બીક હશે ? રોબુરના વિમાન જેવું બીજું આ વિમાન દુનિયામાં કોઈએ તૈયાર કર્યું હોય એ માન્યામાં આવે એમ ન હતું. કેટલોક વખત વિચાર કર્યા પછી લાગ્યું કે જેમ સમુદ્રમાં પાણીની નીચે ઢંકાયેલા ખડકોથી વહાણને ચેતવું પડે છે તેમજ આ હવાના સમુદ્રની નીચે ઢંકાયેલ પર્વતોથી પણ આ વિમાનને ચેતીને ઊડવું પડે એમ હતું. રોબુરે આમ તો આ માર્ગમાં વિમાનને ઊડવાની ઊંચાઈ તથા દિશા બાબતમાં પૂરેપૂરી

સૂચના અગાઉથી જ આપી દીધી હતી, તોપણ વિમાન હવે પર્વતોથી ભરેલા પ્રદેશમાં પ્રવેશ કરી રહ્યું હતું. એટલે માર્ગમાં સતત નજર રાખ્યા કરવી એમાં વધારે ડહાપણ હતું. કદાચ વિમાનના માર્ગમાં થોડીઘણી દિશા-ચૂક થઈ જાય તોપણ જોખમ હતું.

નીચે નજર કરતાં એક વિશાળ સરોવર નજરે પડ્યું. તેના આકાર ઉપરથી લાગ્યું કે એ મિશિગન સરોવર હતું. તેના કાંઠા પર આવેલ શિકાગો શહેરનાં ઊંચાં ઊંચાં મકાનો પણ ઝાંખાં ઝાંખાં દેખાવા લાગ્યાં.

અમેરિકાની રેલ્વેઓના હૃદય જેવા આ વિખ્યાત શહેરને પ્રુડન્ટે પોતાની ઓરડીમાં રાખેલ એક દૂરબીન-માંથી ધરાઈ ધરાઈને જોયું. તેનાં મોટાં દેવળો, અનાજ ભરવાના મોટા મોટા કોઠારો, સ્મારકો આ બધું જોત-જોતામાં અદૃશ્ય થઈ ગયું. 'બસ શિકાગો ગયું! આપણે પશ્ચિમ દિશામાં આપણા ઘરથી દૂર ને દૂર ચાલ્યા જઈએ છીએ.' પ્રુડન્ટે નિશ્વાસ મૂક્યો.

પેન્સીલવેનિયા, ઈલિયોનિસ, નદીઓની મહારાણી મિસિસિપી–એક પછી એક પસાર થવા લાગ્યાં. મિસિ-સિપીમાં તરતી મોટી સ્ટીમરો નાનકડી હોડીઓ જેવી દેખાતી હતી. લગભગ અગિયાર વાગે વિમાન આઇસોવા રાજ્યની હદના આકાશમાં દાખલ થયું. તેમાં આવેલા નાના નાના પર્વતોને ઓળંગીને પશ્ચિમ આઇસોવા અને બ્રાસ્કાના વિશાળ મેદાનોવાળા પ્રદેશમાં વિમાન આવી પહોંચ્યું.

નેબ્રાસ્કાનું શહેર ઓમાહા આવ્યું. અહીંથી અમેરિકાની પ્રખ્યાત પેસિફિક રેલ્વે પસાર થાય છે. મિસુરી નદીનાં પીળાશ પડતાં પાણી ચળકતાં દેખાતાં હતાં. વિમાનમાં બેઠાં બેઠાં ઓમાહા તરફ પ્રેમભરી નજરથી તાકી રહેલા આ બંને અમેરિકનોને લઈ જતા વિમાન તરફ ઓમાહા શહેરનાં વતનીઓ આશ્ચર્યચકિત નયને તાકી રહ્યાં હતાં, એમ તેમણે દૂરબીનમાંથી જોયું. નક્કી આવતી કાલનાં અમેરિકન અખબારોમાં હવે આ વિચિત્ર આકાશી માયાનું રહસ્ય પ્રગટ થવાનું, પણ તેથી શું વળ્યું? આ બે અમેરિકનોને બચાવવા માટે કોઈ અમેરિકન બહાર પડશે ખરો?

ઓમાહા વટાવીને ઉત્તરપ્લેટ નદી ઉપર થઈને વિમાન અમેરિકાના વિશાળ 'પ્રેઈરી' પરથી ઊડવા લાગ્યું. બંને મુસાફરોને પરિસ્થિતિની ગંભીરતા વધારે ને વધારે સમજાવા લાગી.

'આમ કેવળ ઊલટી જ દિશામાં આપણને લઈ જવાનું આ માણસનું કાવતરું હવે સ્પષ્ટ દેખાય છે.'

'અને તે પણ આપણી વિરુદ્ધ. રોબુરને હું કહું છું કે ચેતી લેજે. હુ આ એમ ને એમ સાંખી લઉં એવો નથી.'

'હું પણ!' ફિલ ઈવાન્સે કહ્યું: 'પણ અત્યારે ગરમ થવું નકામું છે.'

'ગરમીને હમણાં સંઘરી રાખવી જરૂરની છે. વખત આવ્યે તેનો બરાબર ઉપયોગ કરશું.'

૫

બંનેએ એકબીજાને સલાહ આપી.

કાળા પર્વતોના નામે ઓળખાતા ગાઢ જંગલોથી છવાયેલા પર્વતો ઓળંગીને વિમાન આગળ ચાલ્યું. નીચે વેરાન પ્રદેશ પથરાઈને પડ્યો હતો. ક્યાંક ક્યાંક જંગલી પાડાઓનાં ટોળાં આમથી તેમ પાણીની શોધમાં ભટકતાં દેખાતાં હતાં. સાંજ પડી. શિયાળવાંઓની લાળી કે વરુનું રુદન ક્યારેક ક્યારેક નીચેથી સંભળાતું હતું. આ બધા અવાજોમાં જુદો પડી જાય એવો એક તીણો અવાજ સંભળાયો. કોઈ રેડ ઇંડિયને આકાશમાં ઝઝૂમી રહેલા આ વિચિત્ર પક્ષીને જોઈને પોતાના સાથીઓને ચેતવણી આપવા માટેની એક તીણી બૂમ પાડી હતી.

૧૫મી જૂનની સવાર પડી હતી. ફિલ ઈવાન્સ પોતાની ઓરડીમાંથી બહાર આવ્યો. આજ તેણે રોબુરને કોઈ પણ રીતે મળીને બધી વાતની પતાવટ કરી દેવાનું નક્કી કર્યું હતું. રોબુર ન દેખાયો. પણ તેના સાથી ટોમ-ટર્નરને વિમાનના તૂતક પર ફરતો તેણે જોયો.

ટોમટર્નર અંગ્રેજ હતો. લગભગ પિસ્તાળીશેક વરસની ઉંમરનો હતો. તેની વિશાળ છાતી, પહોળા ખભા અને. ભરાવદાર ડોક પરથી તે અસાધારણ શરીરબળ ધરાવતો હોય એમ દેખાતું હતું.

'આજે મિ. રોબુર મળી શકશે કે ?' ફિલ ઈવાન્સે કોઈ પણ જાતનો ઔપચારિક વિનય કર્યા વગર પૂછ્યું.

'ખબર નથી.' ટોમટર્નરે ટૂંકામાં જવાબ આપ્યો.

'ક્યાં ય બહાર તો ગયા નથી ને ?'

'કદાચ ગયા પણ હોય.'

'ક્યારે પાછા આવશે ?'

'શી ખબર ?' કહીને તે પોતાની ઓરડીમાં ચાલ્યો ગયો.

આથી વિશેષ માહિતી મળે તેમ નહોતું. વિમાન હજુ પણ પશ્ચિમ દિશા તરફ જ વધી રહ્યું હતું. થોડી વારે દૂર ક્ષિતિજમાં વાદળાંઓ ઘેરાતાં હોય એમ પર્વતો-ની હારમાળા દેખાવા લાગી. ઠેઠ કેનેડાથી લઈને સંયુક્ત રાજ્યોના દક્ષિણ છેડા સુધી પથરાઈને પડેલી રોકી પર્વત-માળા દેખાવા લાગી. નીચે કોલોરેડો નદીની ઊંડી ઊંડી ખીણોમાં કુદરતના સ્થાપત્યના અદ્‌ભુત નમૂનાઓ જેવી રચનાઓ આટલી ઊંચાઈએથી સ્પષ્ટ દેખાઈ શકે તેમ ન હતું. તોપણ રૂપેરી પટ્ટી જેવી વહેતી કોલોરેડો નદી તો જોઈ શકાતી હતી. એકાએક હવામાનમાં કંઈક ફેરફાર લાગ્યો. હવામાં એકાએક ઠંડી વધી ગઈ. બેરોમિટર વિમાનની ઊંચાઈ ૧૦,૦૦૦ ફૂટ બતાવતું હતું. થોડી વારે વિમાન ૧૩,૦૦૦ ફૂટ ઊંચે ચડયું. રોકી પર્વતો પર છવાયેલો બરફ કોઈ કોઈ વાર વાદળાંઓના પડમાંથી જોઈ શકાતો હતો.

થોડી વારે અમેરિકાના રાષ્ટ્રીય ઉદ્યાનના નામથી ઓળખાતો એક વિશાળ પ્રદેશ તેમની દૃષ્ટિએ પડ્યો. જંગલો, પર્વતો, સરોવરો, નદીઓ, ઊના પાણીના ઝરાઓ આવી બધી કુદરતી સંપત્તિઓ અને તેનું અનુપમ સૌંદર્ય આ એક જગ્યાએ એકી સાથે જોવા મળે છે તેથી

અમેરિકાના લોકોએ પોતાના વિરાટ બગીચા તરીકે તેનું બહુમાન કર્યું છે.

ત્યાંથી આગળ યેલોસ્ટોન નદી અને તે જ નામનું મોટું સરોવર તેમની નજરે પડ્યું. સરોવરના કાંઠા પર ઊડતાં પેલિકન, હંસો વગેરે પક્ષીઓ નાનકડાં તણખલાં જેવાં દેખાતાં હતાં. સરોવરમાંના બેટો ફૂલના ભરેલા બુટ્ટા જેવા લાગતા હતા. એક પછી એક કુદરતી સમૃદ્ધિથી ભરપૂર આ દૃશ્યો પસાર થતાં હતાં. રોબુર જાણે કે આ બધું કેટલી ય વાર જોઈ વળ્યો હોય, એમ લાગતું હતું. કારણકે તે બહાર દેખાયો જ ન હતો. રોકી પર્વતમાંથી પસાર થતી વખતે પણ તે સૂચનાઓ આપવા પણ બહાર ઊભો ન હતો. તેને પોતાના સુકાની ઉપર પૂરો વિશ્વાસ હોવો જોઈએ.

પર્વતમાળા પસાર થયા પછી વળી વિમાન પોતાની સામાન્ય ઝડપે–કલાકના ૬૨ માઈલ–ઊડવા લાગ્યું અને નીચે પણ આવ્યું. ઉટાહ રાજ્યની હદને બરાબર વીંધીને તે નૈઋત્ય દિશામાં ચાલ્યું જતું હતું. એકાએક વિમાન-માંથી નીચે નજર કરીને ઊભેલા બંને અમેરિકનોના કાન ઉપર ગાડીની સિસોટીનો અવાજ આવ્યો. તેમણે ધ્યાન-થી જોયું તો નાગણીની જેમ પાસિફિક રેલ્વેની ગાડી સૉલ્ટ સરોવરના નગર તરફ ચાલી જતી હતી.

એકાએક વિમાન હજુ પણ વધારે ઊતરવા લાગ્યું. ટ્રેન પૂર ઝડપે જઈ રહી હતી. પણ તેમાં બેઠેલાં ઉતારુ-ઓનું ધ્યાન આ વિચિત્ર વસ્તુ તરફ ખેંચાયું હોય એમ

લાગ્યું. ડબ્બાની એક એક બારીમાંથી અનેક ડોકાંઓ આકાશમાં તાકી રહ્યાં. કેટલાક હિંમતબાજ માણસો ચાલતી ગાડીએ ડબ્બાના છાપરા પર ચડીને આ વિમાનને જોવા લાગ્યા. તાળીઓનો ગડગડાટ ઠેઠ વિમાનમાં સંભળાવા લાગ્યો પણ રોબુર આ તાળીઓ ઝીલવા બહાર દેખાયો નહિ.

આલ્બેટ્રોસ હજુ નીચે ઊતર્યું. તેણે પોતાની ઝડપ પણ ટ્રેનની ઝડપ જેટલી કરી નાખી. હવે તો તેના પંખાઓ સ્પષ્ટ દેખાવા લાગ્યા. સોનેરી સૂર્યના નિશાન-વાળો ઝંડો પણ દેખાતો હતો. ટ્રેનના ગાર્ડે પોતાના ડબ્બામાંથી અમેરિકન વાવટો કાઢીને તેની સામે ફરકાવ્યો. સૂર્યની સામે તારાઓ દેખાવા લાગ્યા.

આ તકનો લાભ લઈને આ બંને અમેરિકન કેદી-ઓએ થોડેક જ નીચે સુખેથી ધરતી પર ફરતા પોતાના દેશ-બાંધવોને પોતાની ઓળખાણ આપવાના હેતુથી ગળામાં જેટલું જોર હતું તેટલા જોરથી બૂમ પાડી.

'હું ફિલાડેલ્ફિયાવાળો પ્રુડન્ટ છું.'

'હું ફિલ ઈવાન્સ છું–તેમનો સાથીદાર.'

ફિલ ઈવાન્સે પણ પોતાની બધી શક્તિ વાપરીને બૂમ પાડી.

પણ બૂમાબૂમ અને તાળીઓના ગડગડાટમાં આ બે તતૂડી જેવા અવાજો કોને કાને પડે? બે વાર વિમાની-ઓએ રમૂજમાં એક દોરડું નીચે લટકતું મેલ્યું. અને એ પકડીને આ વિમાનનાં પાછળ પાછળ આવવાનું ટ્રેન-ના ડ્રાઈવરને આમંત્રણ આપ્યું.

આલ્બેટ્રોસે પાછી પોતાની મૂળ ગતિ અને ઊંચાઈ પકડી લીધી. ટ્રેન ક્યાંય પાછળ રહી ગઈ.

એક વાગે જમીન પર કોઈ મોટી થાળી સૂર્યનાં કિરણોમાં ચમકતી હોય એમ દેખાયું.

'આ નક્કી સૉલ્ટ સરોવરનું નગર જ છે. આ તેના વિશાળ મોરમીન સંપ્રદાયના દેવળનો ઘુમ્મટ ઝળકી રહ્યો છે.'

જોતજોતામાં વિમાનની ઝડપ વધી. નેવાડા રાજ્યની હદ વટાવીને કેલિફોર્નિયાની હદમાં વિમાને પ્રવેશ કર્યો.

'રાત પહેલાં આપણે સાનફ્રાંસિસ્કો પહોંચી જશું.' ફિલ ઇવાન્સે કહ્યું.

'અને પછી?' પ્રુડન્ટ કાકાએ પૂછ્યું.

લગભગ સાંજના સાતેક વાગી ગયા હતા. થોડા જ વખતમાં સાનફ્રાંસિસ્કો દેખાવું જોઈએ એવી ગણતરી હતી. તે વખતે તૂતક ઉપર એકાએક રોબુર આવ્યો. બંને મહેમાનો રોબુર પાસે ગયા.

'મિ. રોબુર, હવે અમે અમેરિકાની સરહદ નજીક આવી ગયા છીએ. મને લાગે છે કે હવે આટલી મશ્કરી પૂરતી છે, કેમ ખરું ને?'

'હું કદી મશ્કરી કરતો જ નથી.'

તેણે પોતાનો હાથ ઊંચો કરીને કંઈક નિશાની કરી. એકાએક વિમાનની ઝડપ એટલી બધી વધી ગઈ કે બંને મહેમાનોને પોતાની ઓરડીમાં ચાલ્યા જવું પડ્યું. વિમાન એ જ વખતે ખૂબ નીચે પણ ઊતરી ગયું હતું.

'મને એમ થાય છે કે એનું ગળું દાબીને મારી નાખ્યો હોય!' પ્રુડન્ટ કાકાએ બારણું બંધ કર્યા પછી કહ્યું.

'આપણે ગમે તેમ કરીને અહીંથી ભાગી છૂટવું જોઈએ.'

'ચોક્કસ, ગમે તે ભોગે.'

તે જ વખતે નીચેથી કંઈક ઘુઘવાટ જેવો અવાજ સંભળાવા લાગ્યો.

'બસ, પેસિફિક સમુદ્ર આવી ગયો. અમેરિકાનો છેડો આવી ગયો.'

પ્રકરણ નવમું

વહેલનો શિકાર

બંને અમેરિકનોએ કોઈ પણ રીતે આ ઊડતી જેલમાંથી ભાગી છૂટવાનો નિર્ણય કર્યો હતો. આ વિમાનમાં જો એની સામે આઠ કદાવર માણસોનું જૂથ ન હોત તો તો તેઓએ આ વિમાનનો કબજો લઈને પોતાનું ધાર્યું કર્યું હોત. પણ તે બે જ હતા. ફ્રાઈકોલિન તેમનો નોકર તો મદદગાર થાય તે કરતાં મુશ્કેલી ઊભી કરે તેવો વધારે હતો, એટલે આ વિચાર નકામો હતો. પરિણામે આ વિમાન ફરી વાર જમીનની નજીક આવે, ત્યારે જ નાસી છૂટવાનું બની શકશે એમ તેમણે જોઈ લીધું અને એ પ્રમાણે નિશ્ચય પણ કરી લીધો.

પણ અત્યારે તો મનની મનમાં શમાવીને બેસી રહેવું તે એક ઉપાય હતો. ઉત્તર પેસિફિકના વિશાળ વિસ્તાર પરથી આ વિમાન કોઈ આકાશી પક્ષીની છટાથી પસાર થઈ રહ્યું હતું. ૧૬મી જૂનની સવારે તો અમેરિકાનો કિનારો પણ દેખાતો બંધ થઈ ગયો. અમેરિકાનો ઉત્તર કિનારો આ જગ્યાએ વળાંક લઈને વાનકુંવર બેટથી એલ્યુશિયન ટાપુઓ તરફ વળીને એશિયાને અડવા જાય છે. જો વિમાન પોતાની દિશા ન બદલે તો તે એશિયા તરફ જ જવાનું એમ લાગતું હતું.

આ બંનેને રાત બહુ લાંબી ને વસમી થઈ પડી. ક્યારે સવાર પડે ને કેબીનમાંથી બહાર નીકળાય! સવારમાં ઊઠીને કેબીનમાંથી બહાર આવીને જોયું તો પૂર્વ દિશાનું ક્ષિતિજ રંગાઈ ગયું હતું.

બંને અમેરિકનો વિમાનના તૂતક ઉપર ઊભા ઊભા આસપાસ નજર કરી રહ્યા હતા, ત્યારે રોબુર તેમની પડખેથી પસાર થયો. તે કંઈ પણ બોલ્યા સિવાય માત્ર વિવેક પૂરતું નમન કરીને ચાલતો થયો.

બીજી બાજુ ફ્રાઈકોલિન તેની ઓરડીમાંથી બહાર આવ્યો. તેની આંખો આખી રાતની ચિંતા અને ઉજાગરાથી લાલઘૂમ હતી. તેના પગ વળગણીએ સૂકવેલ પાટલૂનના પાયચાની જેમ ધ્રૂજતા હતા. ઉપર જોરથી ફરતા પંખાઓ તરફ તે ફાટી આંખે જોઈ રહ્યો. ત્યાંથી તે ડરતો ડરતો તૂતકના કઠેરા સુધી માંડ માંડ પહોંચ્યો. તે કઠેરાને બંને હાથથી પકડીને તેની મજબૂતાઈ વિષે ખાતરી કરી લીધી અને તે પછી એ કઠેરાને ટેકો દઈને તેણે આ અદ્ધર ઊડી રહેલા વિમાનની નીચે નજર કરવાનું સાહસ કર્યું.

પણ તે સાહસ કરતાં પહેલાં પણ તેણે ઓછી સાવચેતી રાખી ન હતી. તે પહેલાં તો કઠેરાને હાથથી પકડવા છતાં પોતાના શરીરને તેનાથી છેટું રાખ્યું; પછી કઠેરો બે હાથથી હલાવી જોયો, તે પછી તેણે પોતાના શરીરને કઠેરાની પાસે આણ્યું, ને તેને અઢેલીને ઊભો. આ પછી તેણે પોતાના શરીરને નીચે નજર કરવા માટે

જરાક ઝુકાવ્યું. આ બધી ક્રિયાઓ દરમિયાન તેણે પોતાની આંખો બંધ રાખેલી, જેથી આ સાહસ અધવચથી ભાંગી ન પડે. આ બધી પૂર્વતૈયારીઓ થઈ રહ્યા પછી તેણે આંખો ઉઘાડી !

તેના મોંમાંથી કારમી ચીસ નીકળી પડી. તે કઠેરો છોડીને ભાગ્યો. પોતાનું માથું જાણે કે ધડમાં સંતાડી દેવા મથતો હોય એમ ભાગ્યો.

તેણે શું જોયું ? નીચે–ખૂબ નીચે–મોટો મહાસાગર નજરે પડ્યો ! ઘેટાની ઊન જેવા તેના વાળ હોવાને કારણે તે ઊંચા તો ન થઈ શકયા, પણ વાળના મૂળમાં તો વીજળી લાગી ગઈ હતી.

'દરિયો, દરિયો !' તે બૂમ પાડી ઊઠયો. ને ભાગતો ભાગતો કયાંક જઈ પડત, પણ સદ્‌ભાગ્યે વિમાન પરના રસોઇયા સાથે તે ભટકાયો, અને રસોઇયાએ તેને બાથમાં પકડી લીધો, ને પડતો બચાવી લીધો.

આ રસોઇયો ફ્રાંસનો વતની હતો. તે રોબુરની જમાતમાં કેમ આવી ગયો હશે તેની ખબર નથી, પણ તે ફ્રેંચ હોવા છતાં અંગ્રેજી સરસ બોલતો હતો.

'એય ! આમ ઊભો થા.' તેણે હબસીને કેડેથી ઊંચો પકડીને કોથળાની જેમ પકડીને ઊંચો કરવા માંડ્યો.

'હેં ભાઇ !' હબસીએ ભયભરી નજરે પેલા ઊંચે ફરી રહેલા સંચાઓ તરફ નજર કરીને કહ્યું.

'શું છે ?'

'આ કોઈ વાર તૂટી જાય છે ?'

'ના, પણ કોઈ વાર તૂટશે ખરું ?'

'કેમ ?'

'નાસ તેનો નાશ.'

'પણ આ નીચે દરિયો છે ને ?'

'તે પડીએ તો તો દરિયામાં પડીએ તો જ ઠીક.'

'ડૂબી જઈએ ને ?'

'જમીન પર પડીએ તો તો છૂંદો જ થઈ જાય ને ! એના કરતાં ડૂબવું શું ખોટું ?'

બીજી જ ક્ષણે ક્રાઈ કોલિન ચાર પગે દોડતો દોડતો પોતાની ઓરડીમાં ભરાઈ ગયો.

આખો દિવસ વિમાન સામાન્ય ઝડપે ઊડ્યા કર્યું. સમુદ્ર પણ તદ્દન શાંત હતો, અને તેનાથી સોએક ફૂટ જેટલે જ ઊંચે ઊડી રહેલું વિમાન સૂર્યના તાપમાં ચળકતા સમુદ્રના પાણીના પ્રતિબિંબથી વધારે ચળકી રહ્યું હતું. બંને અમેરિકનો મૂંગા મૂંગા પોતાની ઓરડીમાં આખો દિવસ બેસી રહ્યા. વિમાનના અરધા પંખા જ ચાલુ હતા છતાં વિમાન એકધારી ગતિએ ઊડી રહ્યું હતું.

થોડી વારે સમુદ્રનાં પાણીમાં ખળભળાટ મચેલો દેખાવા માંડ્યો. વિમાનમાંથી ખલાસીઓની નજરે મોટી મોટી વહેલ માછલીઓનું એક ટોળું ધિંગામસ્તીએ ચડેલું દેખાયું. કોઈ કોઈ માછલી ૮૦ ફૂટ જેટલી લાંબી હતી. આ માછલીઓને છેડવામાં ભલભલા નિશાનબાજ શિકારીઓ પણ ડરે છે. બળમાં આ માછલીઓ ભયંકર હોય છે. તોપણ આટલો નજીક અને આવો સુંદર શિકાર જોઈને

વિમાનના ખલાસીઓના હાથમાં ચળ આવવા લાગી. કોઈ પણ કારણ વિના આ નિર્દોષ અને ગમ્મત કરતાં જળચરોનું ખૂન શા માટે કરવું? એવો વિચાર તેમના મનમાંથી પસાર થઈ ગયો, પણ આ મહાન વિમાનમાં રહેલી શક્તિનો ખ્યાલ બેય અમેરિકન મહેમાનોને કરાવવાનું આકર્ષણ પણ ઓછું ન હતું. એટલે રોબુરે આ મોટાં જળચરોમાંના એકનો શિકાર કરવા માટે હુકમ આપ્યો.

'વહેલ, વહેલ'નો અવાજ થતાં જ પોતાની ઓરડીની બહાર બંને અમેરિકનો નીકળી આવ્યા હતા. તેમને એમ હતું કે કદાચ વહેલની સાથે વહેલના શિકાર માટે નીકળેલી કોઈ સ્ટીમર પણ હશે જ. અને એવી સ્ટીમરની કલ્પનાની સાથે જ નાસી છૂટવાનું તેમની કલ્પનામાં જોડાઈ ગયું. આ ઊડતા કેદખાનામાંથી કૂદી પડીને પણ પેલી સ્ટીમરમાં ચડી જવાની તેમની માનસિક તૈયારી હતી.

વિમાનના તમામ વિમાનીઓ પણ તૂતક પર આવી ગયા હતા.

'અજમાયેશ કરી જોઈશું?' ટોમટર્નરે રોબુરને પૂછ્યું.

'જરૂર.'

ટોમટર્નર એન્જિનના ઓરડામાં ગયો અને રોબુરના હુકમ પ્રમાણે વિમાનને ધીરે ધીરે દરિયાની સપાટી તરફ નીચે ઉતારવા લાગ્યો. વિમાન દરિયાની સપાટીથી ૫૦ ફૂટ સુધી આવી ગયું.

ક્ષિતિજમાં ક્યાંય વહાણ દેખાતું ન હતું. તેમ

ક્યાં ય કિનારો પણ દેખાતો ન હતો. નીચે વ્હેલ માછલી-માંથી ઊંચા ફુવારાઓ હવે સ્પષ્ટ દેખાવા લાગ્યા. રોબુર વિમાન જાણે કે કોઈ જીવતું પ્રાણી હોય તેમ તેને બરાબર શિકારને માટે અનુકૂળ રીતે ફેરવવા લાગ્યો. ટોમટર્નરે શંકુ આકારના બૉમ્બને બરાબર ઘોડાવાળી તોપ સાથે ગોઠવી દીધો. જેવી વ્હેલ માછલી પાણીની સપાટી પર દેખાઈ કે તરત જ રોબુરનો હુકમ વછૂટચો, ને તેની સાથે જ તોપમાંથી ગોળો વછૂટચો. તેની પાછળ લાંબી દોરી લાગેલી હતી. બૉમ્બ વીજળી–વેગે વ્હેલ તરફ ધસ્યો. પાસે આવતાં જ ફાટચો ને તેમાંનું હારપુન વ્હેલના શરીર-માં લંગરની જેમ ખૂંચી ગયું.

'હોશિયાર !' ટર્નરે બૂમ મારી.

બંને અમેરિકનો આ રોમાંચક દૃશ્ય જોવામાં તલ્લીન થઈ ગયા.

ઘવાયેલી વ્હેલ માછલી દરિયાના પાણી પર પોતાની વિશાળ પૂછડીથી સપાટા મારવા માંડી. પાણી જોરથી ઉછાળા મારવા લાગ્યું. વિમાનનું તૂતક પણ તેના છાંટાથી ભીંજાઈ જવા લાગ્યું. થોડી વારે એકાએક વ્હેલ માછલીએ ડૂબકી મારી. હારપુન સાથે જોડાયેલ દોરી ખેંચાતી ખેંચાતી આખી ઊખળી ગઈ અને વિમાન સાથે બંધાયેલું હોવાથી ખેંચાવા લાગ્યું. વ્હેલ પાછી બહાર આવીને જોરથી તરતી તરતી આગળ વધવા લાગી. વિમાન તેની પાછળ ખેંચાવા લાગ્યું. રોબુરે અસાધારણ કુશળતા-થી વિમાનને પાણીની સપાટીથી પચાસ ફૂટને અંતરે

રાખીને વહેલની પાછળ ખેંચાવા દીધું. પણ જો વહેલ હવે ડૂબકી મારે તો વિમાનને માટે મુશ્કેલી ઊભી થઈ જાય તેમ હતું. વિમાન લગભગ ૬ માઈલ જેટલે સુધી આ પ્રમાણે વહેલની પાછળ ખેંચાયા કર્યું. પણ વહેલ હવે થાકી ગઈ હતી એ ચોકખું જોઈ શકાતું હતું. રોબુરે વિમાનને લગભગ ૨૫ ફૂટ સુધી નીચે ઉતાર્યું ને આગળના પંખા ચાલુ કરી વિમાનને બરાબર વહેલને માથે આણ્યું. એકાએક વહેલે જાણે કે છેલ્લો પ્રયત્ન કરતી હોય તેમ જોરથી ઉછાળો માર્યો. એક મોટું મોજું ઊછળ્યું. તરત જ તેણે જોરથી પાણીમાં ડૂબકી મારી. અને એટલી ઝડપથી તે પાણીમાં ઊંડી ઊતરવા માંડી કે વિમાન એકદમ પાણીની સપાટી સુધી આવી ગયું. ટોમટર્નરે તરત જ અગમચેતી વાપરીને હારપુનની દોરી કુહાડીથી કાપી નાખી; નહિતો વહેલનો શિકાર કરતાં વિમાનનો શિકાર થઈ જાત. તરત જ વિમાનના ઊંચેના પંખા ચાલુ કરી દેવામાં આવ્યા ને વિમાન જોરથી ઊંચે ચડવા લાગ્યું. થોડી વારે કોઈ મોટો ટાપુ સમુદ્રમાંથી બહાર આવ્યો હોય તેમ પેલી વહેલ માછલીનું શબ દરિયાની સપાટી પર આવ્યું. દરિયાઈ પક્ષીઓ જોતજોતામાં ગમે ત્યાંથી પણ ઉજાણી માટે ભેગાં થઈ ગયાં, ને વહેલ માછલીના શરીર પર જોતજોતામાં પક્ષીઓની મહાસભા ભેગી થઈ. તેમનો કાન ફોડી નાખે તેવો અવાજ વિમાનમાં પણ સંભળાતો હતો.

૧૭મી જૂને સવારે ૬ વાગે ક્ષિતિજમાં કિનારો

દેખાયો. અલાસ્કાનો દ્વીપકલ્પ તથા એલ્યુશ્યન ટાપુઓની કાતરા જેવી કિનાર દેખાવા લાગી.

આખા દિવસના અને રાતના પ્રવાસ પછી વિમાન એશિયાના ઇશાન ખૂણે કામશ્ચાટકાના દ્વીપકલ્પ પાસે પહોંચ્યું અને ત્યાંથી દક્ષિણ તરફ વળ્યું.

૧૮મી જૂને સવારથી જ આકાશમાં ધુમ્મસનાં ગાઢ પડો જામી ગયેલાં દેખાયાં. ધુમ્મસ એટલું ગાઢ હતું કે વિમાનને તેનાથી પણ ઊંચે ચડવું પડ્યું. ત્યાં નહોતું ધુમ્મસ કે નહોતા પર્વતો, પણ આને લીધે નીચેનો પ્રદેશ કંઇ પણ જોઈ શકાય તેમ ન હતો. વિમાનમાં પુરાયેલ બંને અમેરિકનોને આ અંધાર-કોટડીની સજા જેવું હતું.

દિવસ દરમિયાન રોબુર એકવાર તેમની પડખેથી પસાર થતો થતો જાણે કે કોઈ હેતુ વગર વાત કરતો હોય તેમ બોલ્યો: ' ગૃહસ્થો, વહાણ કે સ્ટીમરને જ્યારે આવા ધુમ્મસમાંથી પસાર થવાનું હોય છે, ત્યારે તે મૂંઝાઈ જાય છે. તે આગળ વધી શકતી નથી, અને ભયમાં ને ભયમાં સતત સિસોટી કે ભૂંગળું વગાડ્યા કરતી હોય છે. તે સાવ ધીમી પડી જાય છે અને છતાં ય ક્યારે કોઈ બીજી સ્ટીમર કે ખડક સાથે અથડાઈ જાય તે કહેવાય નહીં. આ આલ્બેટ્રોસને એવો કોઈ ભય નથી. ધુમ્મસ તેને કંઈ અસર કરી શકતું નથી. જ્યારે ધારે ત્યારે તે તેની પણ પાર જઈ શકે છે. આ અનંત આકાશ પણ તેનું જ છે.

જવાબની રાહ જોયા સિવાય આટલું કહીને રોબુર

હોકલીમાંથી ધુમાડા કાઢતો કાઢતો ચાલ્યો ગયો.

'પ્રુડન્ટ કાકા !' ફિલ ઇવાન્સે કહ્યું, 'ગમે તેમ કહો પણ આ વિમાનને કોઈનો ભય નથી એમ લાગે છે.'

'એ હવે જોશું.' પ્રમુખે દાંત ભીંસીને કહ્યું.

ત્રણ દિવસ સુધી ધુમ્મસ છવાયેલું રહ્યું. ચોથે દિવસે ધુમ્મસનો પડદો હટતાં જ નીચે જાપાનનાં હરિયાળાં ખેતરો, રમકડાં જેવાં ઘરો અને સુંદર બગીચાઓની ગોઠવણી દેખાવા લાગ્યાં.

બંને અમેરિકનો આ દૃશ્ય જોઈ રહ્યા હતા, પણ તેઓ આ કયો દેશ છે તે ઓળખી શકતા ન હતા.

'ગૃહસ્થો, તમારાથી મારે કંઈ છુપાવવાનું કારણ નથી. આ તમે જે પ્રદેશ જોઈ રહ્યા છો, તે જાપાન છે. આ મોટા મહેલો દેખાય છે તે જાપાનની રાજધાની ટોકીઓ છે.'

અમેરિકનો આ દૃશ્ય જોઈને સ્તબ્ધ બની ગયા હતા.

'કેમ, ટોકીઓ કેવું લાગે છે? હવે આની સાથે ચીનનું પેકીંગ શહેર તમે સરખાવી જોજો. થોડા જ વખતમાં આપણે તેના પરથી પસાર થશું.'

આલ્બેટ્રોસે નૈઋત્ય દિશા તરફ મુખ ફેરવ્યું.

પ્રકરણ દસમું

ચાલુ વિમાને સમુદ્રસ્નાન

રાત સુધીમાં બધું ધુમ્મસ ઓસરી ગયું ને સવારમાં ઉઘાડ થયો. પણ સમુદ્રમાં ટાયફૂન (દરિયાઈ વાવાઝોડું) થવાનાં ચિહ્નો દેખાવા લાગ્યાં હતાં. બૅરોમિટરનો પારો ઝડપથી નીચે ઉતરી ગયો. ઝાકળ સાવ ઊડી ગઈ. મોટાં મોટાં વાદળાંઓ ક્ષિતિજમાં દેખાવા લાગ્યાં હતાં. સમુદ્રનાં જળ તદ્દન શાંત હતાં, પવન પણ સાવ પડી ગયો હતો.

સાંજે ધાર્યા પ્રમાણે જ ટાયફૂન ફાટી નીકળ્યું. પણ સદ્‌ભાગ્યે તે દક્ષિણ બાજુ વળ્યું અને તેણે જામેલા ધુમ્મસને વિખેરી નાખ્યું.

વિમાન કોરિયન સામુદ્રધુનિ પર થઈને પીળા સમુદ્ર પર આવ્યું અને ત્યાંથી ચીનની રાજધાની પેકીંગની દિશામાં ઊપડયું.

વિમાનના કઠોડે ઝૂકી નીચેની દુનિયા નિહાળી રહેલા અમેરિકનોએ નીચે વિશાળ ભૂમિ પર ફેલાઈને પડેલું પેકીંગ શહેર જોયું. તેના વિશાળ રાજમાર્ગો, મોટા બગીચાઓ, ઊંચાં લીલાં અને પીળાં શિખરોવાળાં મંદિરો, મોટાં રાજમહાલયો, બગીચાઓમાં આભલા જેવી ચમકતી

નાની નાની તલાવડીઓ, આ બધું દશ્ય તેઓ વિસ્મયથી જોઈ રહ્યા હતા. વળી તે જ દિવસે ચીના લોકોનો કંઈક ઉત્સવ હતો. રંગબેરંગી કપડાં પહેરીને ચીના લોકો શેરીઓમાં, બગીચાઓમાં અને રાજમાર્ગો પર ફરતા હતા. કેટલા ય જણ આકાશમાં રંગબેરંગી પતંગો ઉડાડી રહ્યા હતા. વાદ્યો સાથે ગાનનું સંગીત ઠેઠ વિમાન સુધી સ્પષ્ટ સાંભળી શકાતું હતું.

રોબુરે પોતાના વિમાનને આ દશ્ય જોવા માટે તથા સંગીત સાંભળવા માટે નીચે ઉતાર્યું. પતંગો વિમાનની આસપાસ લગોલગ આવી ગઈ હતી. પણ રોબુરના આ પગલાનું પરિણામ ઊલટું જ આવ્યું. સંગીતની જગ્યાએ બૂમરાણ મચી રહ્યું. ઢોલ, નગારાંના ગડગડાટો થવા લાગ્યા. ક્યાંક ક્યાંક બંદૂકોના ભડાકાઓ પણ થવા લાગ્યા. આ મંગળ ઉત્સવમાં આકાશમાં આવું રાક્ષસી કદનું પક્ષી દેખાય તેનાથી મોટું અપશુકન બીજું કયું હોય ? રોબુર અને તેના સાથીઓ આનાથી મૂંઝાય તેવા ન હતા. પણ જ્યારે એક નાનકડી તોપમાંથી છૂટેલો ગોળો ઠેઠ વિમાનની નીચે થોડેક અંતરે જ ફૂટયો ત્યારે પોતાનું વિમાન ઊંચે લીધું.

આ પછી વિમાન કેટલા ય દિવસો સુધી એકધારી ગતિએ દક્ષિણ તરફ આગળ વધવા લાગ્યું. ચીનની જગવિખ્યાત દીવાલ મોટા તોતિંગ ભોરીંગની જેમ વાંકીચૂંકી પડેલી વિમાનની નજરે પડી.

ચીનનો પ્રદેશ વટાવીને વિમાન તિબેટની હદમાં પ્રવેશ્યું. સૂકો વેરાન અને બરફથી ઢંકાયેલ પર્વતોથી

ખીચોખીચ ભર્યો હોય તેવો દેખાતો આ પ્રદેશ જગતની અગમ્ય સૃષ્ટિમાં એક ગણાય છે. ક્યાંક ક્યાંક ખીણોમાં ચળકતાં સરોવરો, હિમનદીઓ, પીગળીને વહેતી નદીઓ, અને સરોવરની આસપાસ જામેલાં નાનાં નાનાં જંગલો ફૂલોના ગુચ્છા જેવાં દેખાતાં હતાં.

વિમાન સમુદ્રની સપાટીથી તેર હજાર ફૂટની ઊંચાઈએ ઊડી રહ્યું હતું. જૂનના દિવસો હોવા છતાં વાતાવરણમાં અસહ્ય ઠંડી હતી અને આ વિમાનની ઝડપી ગતિને લીધે તેમાં વધારો થતો હતો. બંને અમેરિકનો લાંબા વખત સુધી આ ઠંડીને લીધે પોતાની ઓરડીમાં પડ્યા રહેતા હતા.

આ પાતળી હવામાં વિમાનને ગતિમાં રાખવા માટે વિમાનના ઊભા પંખાઓને ખૂબ જોશથી ફેરવવા પડતા હતા. તેમ છતાં પંખાઓ બહુ જ નિયમિત રીતે કામ આપતા હતા.

દિવસ દરમિયાન વિમાન પશ્ચિમ તિબેટના મુખ્ય શહેર ગારતોક પરથી પસાર થઈ ગયું.

૨૭મી જૂને નીચેના પ્રદેશનું દશ્ય બદલાયું. સપાટ વેરાન પ્રદેશની જગ્યાએ ઊંચી દીવાલો દેખાવા લાગી. કોઈ કોઈ જગ્યાએ આ દીવાલોએ ઊંચી ટોચ કાઢી હતી અને તેના પરનો બરફ સૂર્યનાં કિરણોમાં આંખો આંજી નાખે તેવો ચળકતો હતો. બંને અમેરિકનો આ અદ્ભુત દશ્ય વિમાનની આગળની ઓરડીમાં ઊભા ઊભા બારીમાં-થી જોઈ રહ્યા હતા.

'આ હિમાલય હોય એમ લાગે છે.' ફિલ ઇવાન્સે કહ્યું: 'અને રોબુર આપણને આ પર્વતો વટાવીને હિંદુસ્તાનમાં લઈ જવા માગે છે.'

હિંદની ઉત્તર સરહદની ચોકી કરતા આ વિશાળ નગાધિરાજનાં એક એકથી ઊંચાં એવાં ગગનચુંબી શિખરો પર બરફના મુગટો ચળકી રહ્યા હતા. ઠેઠ અફઘાનિસ્તાનથી માંડીને બ્રહ્મદેશ સુધી વિસ્તરીને આ હિમાલય પડેલો છે. તેનાં બસો જેટલાં શિખરો તો ૨૦,૦૦૦ ફૂટથી વધારે ઊંચાં છે, એમાં પણ ૨૯,૦૦૦ ફૂટની ઊંચાઈએ ઊભેલું માઉન્ટ એવરેસ્ટનું શિખર સન્મુખ ઊભેલું જોઇને રોબુર પણ ઘડીભર અલ્પતાનો અનુભવ કરવા લાગ્યો. રોબુર આ ભીંસોભીંસ ઊભેલાં શિખરો વચ્ચે આવેલા નાના નાના માર્ગો—ઘાટોથી પરિચિત હતો. તેણે વિમાનને ઊંચું લેવાને બદલે આવા એક ઘાટમાંથી હાંક્યું. આ ઘાટ પણ ૨૨,૦૦૦ ફૂટની ઊંચાઇએ આવેલો હતો. અસાધારણ પાતળી હવા હોવાને લીધે શ્વાસોચ્છ્વાસ મુશ્કેલ બનતો હતો તોપણ ઑક્સિજનથી કૃત્રિમ રીતે શ્વાસ લેવો પડે તેમ ન હતું. રોબુર વિમાનના આગલા ભાગમાં ઓવરકોટ પહેરીને ઊભો હતો, અને વિમાનના સુકાનીને એક પછી એક હુકમ આપ્યા કરતો હતો. ટોમટર્નર સુકાન પર બેઠેલો હતો. રોબુર વારંવાર ઍન્જિનમાંની બેટરીઓને જોતો હતો. તેમાંનો એસિડ આ ઠંડીમાં જામી ન જાય, તે જોવું ખાસ જરૂરનું હતું. પંખાઓ એટલા વેગથી ફરતા હતા કે તેનો અવાજ ખૂબ જ તીણો બની ગયો હતો.

આસપાસનું દશ્ય અનુપમ હતું. નભોન્નત શિખરો પરથી મોટી મોટી હિમનદીઓ મોટા સફેદ અજગરોની જેમ ધીમે ધીમે નીચે ઊતરી રહી હતી. ખૂબ નીચે નજર કરતાં ખીણોમાં ગીચ જંગલોના ગુચ્છાઓ પણ દેખાતા હતા.

આખરે વિમાન ઘાટમાંથી બહાર નીકળ્યું અને ધીમે ધીમે ઉત્તર દિશામાંથી ઊતરવા માંડ્યું. પર્વતમાળા પૂરી થઈ; મેદાનો દેખાવા લાગ્યાં. રોબુર પોતાના મહેમાનોની પાસે આવીને પ્રસન્નતાથી બોલ્યો: ‘ ગૃહસ્થો, આ હિંદુસ્તાન ! ’

રોબુરનો ઇરાદો આ મહેમાનોને હિંદુસ્તાનનો અભ્યાસ કરાવવાનો ન હતો. તેને તો આ અમેરિકનોને બતાવવું હતું કે આ વિમાન દુનિયાની ઊંચામાં ઊંચી પર્વતમાળાને પણ ઓળંગી શકે છે.

પણ આ બે અમેરિકનો એમ પ્રસન્ન થાય તેવા ન હતા. તેઓ મનમાં તો શેહ ખાઈ ગયા હતા કે આ વિમાન અને વિમાનીને પહોંચી શકાય તેમ નથી પણ પોતાની આ લાગણી પ્રગટ કરે તેટલા તેઓ નમ્ર ન હતા. વિમાન હિમાલય વટાવીને તરત જ પશ્ચિમ તરફ વળ્યું ને પંજાબનો પંચ નદીનો પ્રદેશ વટાવીને આગળ વધવા લાગ્યું. જેલમ નદીના બે ય કાંઠા ઉપર પાઘડી-પને વસેલું શ્રીનગર દેખાયું. મોટાં મોટાં પોપ્લરનાં, સરુનાં ઝાડો પર્વતોના ઢાળ પર ખીચોખીચ આવી રહેલાં હતાં. નાની નાની નહેરોમાં કાચલી જેવી દેખાતી ડોંગીઓ તરી રહી હતી. દૂર એક વિશાળ સરોવર ઝગારા મારી

રહ્યું હતું. જેલમ નદી તરફ વિમાન ધીરે ધીરે નીચે ઊતરવા લાગ્યું. ઊતરતાં ઊતરતાં તે ઠેઠ નદીથી માંડી ત્રીસ ફૂટ જેટલી જ ઊંચાઈએ આવીને થંભ્યું. ટોમટર્નર તથા તેના માણસોએ વિમાનમાંથી રબ્બરનો એક નળ નદીમાં નાખ્યો અને પંપ ચાલુ કરીને નદીમાંથી પાણી ઉપર ચડાવવા માંડયું. બંને અમેરિકનો આ દૃશ્ય એકી ટશે જોઈ રહ્યા હતા. બંનેના મનમાં એક જ વિચાર રમી રહ્યો હતો. ૩૦ ફૂટ ઊંચેથી કૂદીને નદીમાં પડીને ભાગી છૂટવું એ વિચાર વીજળી–વેગે તેમના મનમાં આવ્યો. નદીમાં પડ્યા પછી રોબુર તેમને કંઈ કરી શકે તેમ નથી. વિમાનને જમીન પર ઉતારવું મુશ્કેલ હતું.

ઘડીકમાં જ નિશ્ચય કરી લીધો અને કઠેડો ટપીને બંને જણ કૂદી પડવાની તૈયારીમાં હતા પણ ચતુર રોબુરની નજર બહાર તેઓ જઈ શકે તેમ ન હતું. પાછળથી બેય જણને જોરથી પકડી લેવામાં આવ્યા. બંનેએ ઘણા ધમપછાડા માર્યા, પણ આ મજબૂત પંજાઓમાંથી છટકવું સહેલું ન હતું.

'ગૃહસ્થો! આ રોબુર સાથે પ્રવાસ કરવાનો આનંદ માણ્યા પછી અમારે ત્યાંના મહેમાનોને આવી રીતે અમે રજા આપતા નથી.' રોબુરે કહ્યું.

પ્રુડન્ટ કાકા કંઈક અઘટિત કરી બેસે તે પહેલાં ફિલ ઈવાન્સ તેને ઓરડીમાં લઈ ગયો. ઓરડીમાં જઈને બંને જણાએ ભાગી છૂટવાનો પોતપોતાનો નિશ્ચય બમણા જોરથી જાહેર કર્યો.

વિમાન વળી ઊપડયું. અફઘાનિસ્તાનને માર્ગે થઈને મધ્ય એશિયાની ભૂમિ પર થઈ ને ઈરાન આગળ વધતાં વધતાં વિમાનીઓની નજરે ક્ષિતિજમાં વિશાળ સમુદ્ર દીઠો. એનું નામ કાસ્પીઅન સમુદ્ર હતો.

જુલાઈની ત્રીજી તારીખે વિમાન બરાબર કાસ્પીઅન સમુદ્રના માથા પર આવી પહોંચ્યું. એશિયા અને યુરોપના કિનારાને પંપાળતો આ કાસ્પીઅન સમુદ્ર ચારે ય બાજુથી જમીનથી ઘેરાયેલો છે. જાણે કે પૃથ્વી પરના વિશાળ સમુદ્રમંડળમાંથી જુદો પડી ગયેલો આ સમુદ્ર વોલ્ગા, યુરલ વગેરે નાનીમોટી અનેક નદીઓને પોતાના ઉદરમાં સંઘરે છે.

આ સમુદ્રમાં માછલીઓનો શિકાર કરવા માટેની યોજના વિમાનીઓ ઘડવા લાગ્યા. ફિલ ઈવાન્સને આ યોજનાની જાણ થઈ એટલે તેણે પ્રુડન્ટને સૂચના આપી રાખી કે કદાચ માછલાં મારવા માટે આ લોકો વિમાનને ખૂબ નીચું ઉતારે તો આપણે એ વખતે છટકવા માટે તૈયાર રહેવું.

'પણ આ વખતે જેમ આપણે તૈયાર છીએ તેમ પેલો બદમાશ રોબુર પણ તૈયાર જ હશે ને!' પ્રુડન્ટે કહ્યું.

'એ બદમાશ આપણને કોઈ રીતે છૂટા કરશે નહિ.'

'તો આપણે પોતે જ પ્રયત્ન કરવાનો રહે છે.' ફિલ ઈવાન્સે કહ્યું: 'પણ આ વિમાન છે મજાનું, નહીં?'

'હા, પણ તેનો માલિક કોઈ રાક્ષસ છે. જ્યાં

સુધી આ વિમાન ને તેના માલિકનો નાશ નહિ થાય ત્યાં સુધી........'

'પહેલાં આપણા ઊગરવાની વાત કરીએ, પછી તેના નાશની વાત કરશું!' ફિલ ઈવાન્સે મુદ્દા પર વાત આણી.

'હા, હું પણ તે જ કહું છુ. આપણે છટકવાની કોઈ પણ તક ઝડપી લેવા તૈયાર રહેવું જોઈએ. કોઈ અંધારી રાતે વિમાન જમીનથી સોએક ફૂટ ઊંચું ઊડતું હોય ત્યારે આ વિમાન પર પડેલાં દોરડાંમાંથી એકાદને નીચે ઉતારી તેના વડે નીચે ઊતરી જવું.' પ્રુડન્ટે કહ્યું.

'એમાં જોખમ તો છે, પણ એ ખેડવા હું તૈયાર છું.'

'રાતે ફક્ત એક સુકાની જાગતો હોય છે. આપણે તેની નજર ચૂકવીને દોરડું તો ઉતારી શકશું.' પ્રુડન્ટે કહ્યું.

'તમારી યોજના સરસ છે, ને મારે મંજૂર છે. પણ હમણાં આ લોકો માછલીઓ પકડવાનું કામ કરે તે દરમિયાન જો કંઈક થઈ શકે તો કરી જોઈએ.'

'ચૂપ! આપણા તરફ આ બધા વિમાનીઓની બાજ જેવી નજર ફર્યા કરે છે. પેલી કાશ્મીરની વાત તેમને બરાબર યાદ છે.'

'રાતે પણ એ લોકો આપણી ચોકી નહિ કરતા હોય તેની શી ખાતરી?'

'બસ! આ વિમાન અને તેના તમામ વિમાની-ઓનો નાશ કરવો, એ જ ઉપાય છે.' પ્રુડન્ટે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું.

રોબુરની મહેમાનગતીથી તેઓ ગળા સુધી આવી ગયા હતા. ખાવાપીવામાં કોઈ જાતની કચાશ ન હોવા છતાં રોજ એકાદ કટાક્ષવચન સંભળાવીને રોબુર આ બંને અમેરિકનોનું લોહી બાળી નાખતો હતો.

એમાં વળી તે જ દિવસે એક નવો બનાવ બન્યો, ને તેણે બળતામાં ઘી હોમ્યું.

ફ્રાઈકોલિને ગઈ રાતની એક જ હઠ લીધી હતી. 'મને કોઈ રીતે બહાર કાઢો, મને નીચે ઉતારી મૂકો, અને છૂટો કરો!'

એક ઘડીભર અટક્યા વિના ફ્રાઈકોલિન આ બૂમરાણ એકધારું કરીને આખા વિમાનને ગજાવી મૂકતો હતો. તેનો શેઠ તેને વારવાને બદલે આ બૂમરાણ ચાલુ રહે તેમ તેને ઉશ્કેરતો હતો, જેથી રોબુરને એ રીતે પણ પજવી શકાય.

ટોમટર્નર અને તેના સાથીઓ માછલીઓ પકડવા-ની તૈયારી કરતા હતા, ત્યારે રોબુરે આ ફ્રાઈકોલિનને તેની ઓરડીમાં પૂરી દેવાનો હુકમ કર્યો. પણ ઓરડીમાં રહ્યાં રહ્યાં પણ ફ્રાઈકોલિને પોતાની બૂમો ચાલુ રાખી અને તેને બમણા જોરથી ઉપાડી. વિમાન પાણીની સપાટી-થી લગભગ ૨૦ ફૂટ જેટલે જ ઊંચે આવી ગયું હતું. થોડાંએક તરી રહેલાં નાનાંમોટાં વહાણો આ ભૂતાવળ જેવા આકાશી પદાર્થને આટલે નીચે આવેલું જોઈ ને ભડકીને આમતેમ ભાગવા લાગ્યાં.

વિમાનીઓને આજે લીલાલહેર હતી. ઘણા વખતથી

એકધારો ખોરાક ખાઈને કંટાળેલા વિમાનીઓ આજે જાત જાતની માછલીઓ પકડવામાં લાગી ગયા હતા. સ્ટર્જીઅન નામની એક સાત ફૂટ લાંબી માછલીને આંકડાથી પકડીને માંડ માંડ ઉપર ખેંચી. બાકીની માછલીઓ તો મોટી જાળ નાખીને ભેગી કરવા માંડી. રસોડામાં માછલીઓનો ગંજ થવા લાગ્યો. રસોઇયાને તો ઘડીકની ય નવરાશ ન હતી.

એક કલાકમાં તો આ કામ સંતોષકારક પૂરું થઈ ગયું. બંને અમેરિકનોએ જોઈ લીધું હતું કે હવે આ વિમાનમાંથી કૂદકો મારવાનો વિચાર કરવા જેવો નથી, કારણકે તેરૂના પર સખત ચોકીપહેરો મુકાઈ ગયો હતો. બંને જણ પોતાની ઓરડીમાં બેઠા બેઠા વેર વાળવાની યોજના મનમાં ઘૂંટી રહ્યા હતા.

પેલો હબસી નોકર ક્રોઈકોલિન હજુ પણ બૂમો પાડતાં થાકયો ન હતો. રોબુરથી હવે સહન થાય તેમ ન હતું. 'હવે આ હબસી કોઈ રીતે સૂંગો રહે એમ નથી?' તેણે કડકાઈથી પૂછ્યું.

'તેને બૂમો પાડીને પોતાની ફરિયાદ કરવાનો પૂરો હક્ક છે.' નાગરિક સ્વાતંત્ર્યના પૂજારી ફિલ ઈવાન્સે કહ્યું.

'હા, પણ મારે મારા કાનમાં ધાક ન પડે એ જોવાનો પણ પૂરો અધિકાર છે.' રોબુરે કહ્યું. 'અને તે માટે હું ઘટતું કરું છું. ટોમ!' તેણે બૂમ પાડી. ટોમ-ટર્નર હાજર થયો.

'પેલા હબસીને દોરડાને છેડે બાંધીને નીચે ઉતારો.'

થોડી જ વારમાં હબસીને ઓરડામાંથી બહાર કાઢવામાં આવ્યો. તેની બૂમો ચાલુ જ હતી. એક મોટા અડધિયા ટીપડામાં તેને બેસાડ્યો, ને ટીપડાને મજબૂત દોરડું બાંધ્યું અને દોરડું વિમાનમાંથી નાચે ઉતાર્યું. ક્રાઈકોલિન પહેલાં તો આ શું થાય છે તે ન સમજ્યો, પણ જ્યારે ચાલતે વિમાને અદ્ધર હવામાં એક દોરડાથી લટકતા ટીપડામાં લટકવા લાગ્યો ત્યારે તેને વસ્તુસ્થિતિનું ખરેખરું ભાન થયું. વિમાનથી લગભગ સો ફૂટ નીચે આ ટીપડું વેગથી જતા વિમાનની પછવાડે ખૂણો પાડીને એટલા જ વેગથી ચાલ્યું આવતું હતું. ક્રાઈકોલિન આ ત્રિશંકુના વિમાનમાં બેઠો બેઠો ફાટી આંખે અને બંધ શ્વાસે ટીપડાની કિનાર પકડીને બેસી રહ્યો હતો.

પ્રુડન્ટ તથા તેના સાથીએ આ રાક્ષસી અત્યાચાર-નો સક્રિય વિરોધ કરવા પ્રયત્ન કર્યો, પણ તેમને એક બાજુ ધકેલી મૂકયા. એટલે તેમણે પોતાની બળવાન વાણીથી વિરોધ કરવા માંડ્યો.

‘ આ તમારું એક ભીષણ કૃત્ય છે. એક નિ:શસ્ત્રી માણસ ઉપર આવો અત્યાચાર ! ધિક્કાર છે તમને ! ’

‘ જરૂર. ’ રોબુરે કહ્યું.

‘ તમારી પાસેની શક્તિનો આ ગેરઉપયોગ છે. આની સામે હું સખ્ત વાંધો ઉઠાવું છું. ’

‘ ઉઠાવો. ’

‘ આનો અમે બદલો લેશું. ’

‘ જ્યારે ઇચ્છા થાય ત્યારે. ’ રોબુરે શાંતિથી કહ્યું.

'તમારા પર અને તમારા સાથીઓ પર પણ,' પ્રુડન્ટે આસપાસ ઊભેલા વિમાનીઓ સામે જોઈને કહ્યું.

રોબુરના સાથીઓ પડકારનો જવાબ અત્યારે જ આપવા ઉત્સુક હોય તેમ આગળ ધસી આવ્યા. પણ રોબુરે તેમને નિશાની કરીને વાર્યા.

'ભલે ભલે! જ્યારે તમને અનુકૂળતા મળે ને મરજી થાય ત્યારે આનો બદલો લેજો.'

'હા, હા. આજે ગમે તે સાધનનો અને રીતનો ઉપયોગ કરીને.' પ્રુડન્ટ કાકા લાલપીળા બની ગયા હતા.

'બસ હવે બહુ થયું.' રોબુરે કડક અવાજે કહ્યું. 'હજુ બીજાં દોરડાંઓ અને ટીપડાંઓ મારી પાસે છે. જો હવે બોલતા નહિ અટકો તો તમારા નોકરની જેવા તમારા હાલ થશે.'

પ્રુડન્ટ કાકાનો વાણીનો પ્રવાહ અટકી ગયો. રોબુરની ધમકીથી નહિ, પણ ગળે ક્રોધના માર્યા ડૂમો આવી ગયો હતો તેથી ફિલ ઈવાન્સ તેને ઓરડામાં લઈ ગયો.

છેલ્લા કલાકથી હવામાં તોફાનનાં ચિહ્નો શરૂ થઈ ગયાં હતાં. દૂરથી વાતાવરણમાં તોફાન ચડી આવતું હતું. હવાના ઉપલા થરોમાં વીજળિક ભેજ દેખાવા લાગ્યો હતો. લગભગ રા વાગ્યે તે ભેજ એટલો બધો વધી ગયો હતો કે રોબુરને માટે પણ આ પરિસ્થિતિ મૂંઝવણભરી થઈ ગઈ. ઉત્તરમાં ઝાંખી પ્રકાશિત એવી વરાળની ઘૂમરીઓ ચડી આવતી દેખાતી હતી. વાંદળાંઓનાં જુદાં જુદાં પડોમાં તેમાંની વીજળીના પ્રવાહોનો વેગ ઓછોવત્તો હતો.

જેમ જેમ આકાશ ઘેરાવા લાગ્યું, તેમ તેમ આ વીજળિક પ્રકાશનાં મોજાંઓ વેગથી વધતાં જતાં હતાં. આલ્બેટ્રોસ આ મોટા કુદરતી દુશ્મન સામે ધસી રહ્યું હતું.

ક્રાઈકોલિન ? તે બિચારો પાછળ પૂંછડીની જેમ ઊડતો આવતો હતો. કલાકના ૬૦ નોટની ઝડપે ચાલતા વિમાનની પાછળ ખૂણો પાડીને તેનું ટીપકું ઊડયે આવતું હતું. વિમાનના ખલાસીઓ તોફાનનો સામનો કરવાની તૈયારીમાં પડી ગયા હતા. આલ્બેટ્રોસને આ તોફાનના પ્રદેશથી ખૂબ ઊંચે અથવા તો તેનાથી સાવ નીચે લઈ લેવું પડે તેમ હતું. વિમાન દરિયાની સપાટીથી ૩,૦૦૦ ફૂટની ઊંચાઈએ ઊડી રહ્યું હતું. તે વખતે એકાએક વીજળીનો એક ભયાનક કડાકો થયો. તેની પાછળ બીજો કડાકો થયો. વિમાનની ચારે બાજુ વાદળાંઓએ ઘેરો ઘાલી દીધો.

ફિલ ઈવાન્સે રોબુરને પોતાના નોકરને આ તોફાન-માં વિમાન ઉપર ચડાવી લેવાને કહ્યું પણ રોબુરે તે પહેલાં જ વિમાનીઓને એ દોરડું વીંટી લેવાનો હુકમ આપી દીધો હતો પણ તેમાં એકાએક વિમાનના પંખાઓની ઝડપ સાવ ધીમી પડી ગઈ.

રોબુર એકદમ યંત્ર–ઘરમાં પહોંચ્યો.

'એકદમ વિમાનને તોફાનથી ઊંચે કે નીચે ઉતારી નાખો.'

'હવે એ અશક્ય છે.' યંત્ર પર ઊભેલા વિમાની-ઓએ કહ્યું.

'કેમ ?'

'વીજળીના પ્રવાહો બહુ જ અનિયમિત છે.' આલ્બેટ્રોસ ઝડપથી નીચે ઊતરી રહ્યું હતું.

'તો ભલે નીચે ઊતરતું. બિલકુલ ગભરાયા વગર મગજનું સમતોલપણું ગુમાવ્યા સિવાય કામ કરો. સાવધ રહો.' રોબુરનો અવાજ ગાજી ઊઠયો. 'આપણે આ વીજળિક તોફાનની હદ વટાવી જઈએ. ત્યાં સુધી સૌ બરાબર પોતપોતાને સ્થાને વળગી રહો.'

વિમાન ઝડપથી નીચે ઊતરતાં છતાં હજુ વાદળાંનાં પડોમાં જ ઘેરાયેલું હતું. વીજળીના ભડાકા ને કડાકા તેની ચારે બાજુ થઈ રહ્યા હતા. પંખાઓ વધુ ધીમા પડતા જતા હતા અને વિમાન ક્યારે તૂટી પડશે, તેની વાટ જોવાઈ રહી હતી. વિમાનીઓને લાગ્યું કે વિમાન દરિયાની લગોલગ આવી ગયું છે. એકવાર દરિયામાં પડ્યા પછી તેમને ફરી ઊડવા માટેનો કોઈ ઉપાય ન હતો.

એકાએક વીજળિક વાદળું તેમના માથા પર ઘેરી વળ્યું. વિમાન સમુદ્રથી ૬૦ ફૂટ જ ઊંચે રહ્યું. બે કે ત્રણ સેકંડની જ હવે વાર હતી.

પણ રોબુર આ કટોકટીની પળે વિમાનના મધ્ય ભાગના યંત્ર-ઘરમાં ગયો અને યંત્રનાં લીવરોને પકડ્યાં. આસપાસના વીજળિક તોફાનના વાતાવરણથી મુક્ત એવા અને હજુ કામ કરતા અટકી ગયેલા એવા જે પંખાના થાંભલાઓ હતા, તેને તેણે ચાલુ કરી દીધા. એક ક્ષણમાં તો પંખાઓએ પોતાની મૂળ ગતિ ધારણ કરી લીધી

અને વિમાન નીચે ઊતરતું અટકી ગયું. પણ સમુદ્રથી થોડેક ઊંચે રહીને તેણે ઝડપથી આગળ વધવા માંડ્યું. જોતજોતામાં તોફાનની હદ વટાવીને વિમાન આગળ નીકળી ગયું.

પણ પેલા ક્રાઈકોલિનને ટીપડામાં બેઠાં બેઠાં સમુદ્ર-સ્નાનનો અપૂર્વ લહાવો પેટ ભરીને મળ્યો. જ્યારે તેને વિમાન પર ખેંચી લીધો ત્યારે તે આખો ભીંજાઈને તરબોળ થઈ ગયો હતો. આ 'કુદરતી ઉપચાર'થી તેનો બૂમ પાડવાનો રોગ તરત જ બંધ થઈ ગયો.

૪થી જુલાઈએ વિમાન કાસ્પીઅન સમુદ્રના ઉત્તર કિનારા પરથી પસાર થઈને આગળ નીકળી ગયું.

પ્રકરણ અગિયારમું

યુરોપના આકાશમાં

રોબુરને હવે ખાતરી થઈ ગઈ હતી કે આ અમેરિકનો કોઈ પણ રીતે કે જોખમે આ વિમાનમાંથી છટકવા પ્રયત્ન કર્યા કરશે અને યુરોપની ધરતી ભાળીને તો તે બંને વધારે ભુરાયા થશે, એટલે તેણે પોતાના વિમાનની ગતિ અને ઊંચાઈ હવે એકદમ વધારી મૂકી. તે બંને ઉપર આખો દિવસ ને રાત ચોકી રાખવાનું ઓછા માણસોને લીધે પોસાય તેમ ન હતું. એટલે તેણે વિમાનની ઝડપ વધારવાનો માર્ગ લીધો. કલાકના ૬૦ માઈલની ઝડપે જતી આગગાડીમાંથી કૂદવામાં જિંદગીનું જોખમ હોય છે. પણ કલાકના ૧૨૦ માઈલની ઝડપે ઊડી રહેલ વિમાનમાંથી કૂદવું એટલે આપઘાત કરવો અને આલ્બેટ્રોસ અત્યારે એ ગતિએ યુરોપના આકાશમાં ઊડી રહ્યું હતું.

શરૂઆતમાં તે વિમાનને પાછળનો પવન હતો, એટલે પશ્ચિમ દિશા તરફ તે ખૂબ સહેલાઈથી ઊડી રહ્યું રહ્યું હતું. પણ જ્યારે પવન પડી ગયો, ત્યારે જ આ વિમાનમાં તૂતક ઉપર ઊભેલા અમેરિકનોને ખ્યાલ આવ્યો કે વિમાન કેટલી ઝડપે ઊડી રહ્યું હતું. તૂતક ઉપર ઊભા રહેવું પણ મુશ્કેલ થઈ પડે, એટલો પવનનો

વેગ તેમને લાગતો હતો. એકવાર તો પવનના એક સખત સપાટામાં તેઓ કઠોડા પરથી ઊડીને નીચે પડી જતા રહી ગયા. જો તેઓ વિમાનની વચ્ચોવચ આવેલી કોટડી સાથે ન અથડાયા હોત તો તેઓ ઊડી પડત એમાં શંકા ન હતી. પણ કોટડી સાથે તેઓ એવા જોરથી અથડાયા કે વિમાનના માણુસો તરત જ તેમની મદદે દોડી આવ્યા. રોબુરે વિમાનની ગતિ ધીમી કરી નાખી ને તે બંનેને સહીસલામત તેમની કોટડીમાં પહોંચાડ્યા. વિમાને વળી પોતાની ઝડપ વધારી મૂકી.

કાસ્પીઅન સમુદ્ર પરથી થઈને વોલ્ગા નદીનો રસાળ પ્રદેશ, મોસ્કો, લેનિનગ્રેડ, ફિન્લૅંડ, સ્વીડન, નોર્વે, એમ એક પછી એક પ્રદેશો કોઈ જાદુઈ ચિત્રપટની જેમ પસાર થવા લાગ્યા. વિમાન એકધારી ગતિએ ઉત્તર યુરોપના આકાશમાં ઊડી રહ્યું હતું. બંને અમેરિકનો હવે પોતાની ઓરડીની બહાર નીકળવાની હિંમત કરે તેમ ન હતું એટલે ઓરડીમાં બેઠા બેઠા નાસી છૂટવા માટેની યોજનાઓના ઘોડા દોડાવ્યા કરતા હતા. રોબુર પોતાના વિમાનને યુરોપના આકાશમાંથી આગળ લઈ ન જાય તે પહેલાં જે કંઈ થઈ શકે તે કરવું જરૂરનું હતું. કારણકે યુરોપ વટાવ્યા પછી આટલાંટિક મહાસાગરમાં તેમને માટે કોઈ બચવાનો ઉપાય ન હતો અને અમેરિકામાં આ વિમાન જાય તેવી કલ્પના કરવી એ પણ નકામું હતું.

જે કરવું તે તાત્કાલિક કરવું એ અત્યંત જરૂરનું હતું. તોફાની સમુદ્રમાં કોઈ નિર્જન ટાપુ પર આવી

પડેલા ખલાસીઓ શું કરે ? એકાદ શીશામાં ચિઠ્ઠી નાખી-ને તેને મજબૂત બૂચ મારીને દરિયામાં તરતું મૂકી દે. તેમને પણ આવો જ વિચાર આવ્યો પણ તેઓ દરિયા-માં ન હતા પણ આકાશમાં હતા. દરિયામાં શીશો તરી શકે, પણ હવામાં શીશો તરી શકે ? અને શીશો નીચે પડી ક્યાં પડશે તે કેમ કહી શકાય ? કદાચ કોઈના માથામાં પડ્યો ને માથું ને શીશો બેય ફૂટે તો ? તો તેમની મહેનત અફળ જાય.

એકાએક પ્રુડન્ટના ફળદ્રૂપ ભેજામાં નવો જ વિચાર આવ્યો. આપણે જાણીએ છીએ કે તેને છીંકણીનો ભારે શોખ હતો. એલ્યુમિનિયમની ખાસ ડબ્બી તેણે છીંકણી રાખવા માટે તૈયાર કરાવી હતી. આ કટોકટીને કાળે તેની વહાલામાં વહાલી તમાકુની ડબ્બીનો ભોગ આપવા તે તૈયાર થયો. તેમાં એક ચિઠ્ઠી નાખીને બરાબર લાગ જોઈને નીચે જમીન પર નાખી દેવી, એમ તેમણે આખરી નિર્ણય કર્યો. યુરોપની ભૂમિ પર કોઈ પણ માણસના હાથમાં તે આવશે અને તરત જ તે પોલીસ ઓફિસમાં આના ખબર પહોંચાડશે ને ત્યાંથી અમેરિકા તથા આખી દુનિયાને તેમની હાલતની જાણ થશે. તેમણે ટૂંકી ને ટચ ચિઠ્ઠી તૈયાર કરી. તેમાં તેમનાં નામો લખ્યાં અને તેમના ખબર વેલ્ડન સંસ્થા, અમેરિકામાં પહોંચાડવાની વિનંતી લખી.

તમાકુની ડાબલી જમીન પર નાખવા માટેની અનુકૂળ તકની રાહ જોતા બંને અમેરિકનો માંડ માંડ પોતાનો વખત કાઢતા હતા. વચ્ચે વચ્ચે તેઓ ઓરડીની બહાર આવીને

વિમાન યુરોપના કયા ભાગમાં ઊડી રહ્યું છે, તે જોઈ લેતા હતા. યુરોપ તેમને પ્રમાણમાં ઘણો પરિચિત ખંડ હોવાથી તેમને નીચેનાં સ્થળો ઓળખી કાઢતાં વાર લાગતી ન હતી, પણ ઓરડીની બહાર લાંબો વખત રહેવું એ ભારે જોખમકારક હતું. વિમાન પૂર ઝડપે ઊડી રહ્યું હતું.

વિમાન નોર્વેથી પછી દક્ષિણ તરફ વળ્યું. જોતજોતામાં ફ્રાંસનો ઉત્તર કિનારો આવી પહોંચ્યો. ડંકર્કનું બંદર જોતજોતામાં પસાર થઈ ગયું, ને ફ્રાંસની રસાળ ભૂમિ નીચે દેખાવા લાગી. એમીન્સ, ક્રીલ, સેન્ટ ડેનિસ એમ એક પછી એક શહેરો આવી આવીને પસાર થવા લાગ્યાં. મધરાતે વિમાન પારિસના આકાશમાં આવી પહોંચ્યું. રંગીલું પારિસ મધરાતે પણ પ્રકાશથી ઝળહળતું હતું. વિમાન એકાએક ધીમું પડી ગયું, એટલું જ નહિ પણ નીચે ઊતર્યું અને પારિસથી ૪૦૦ ૫૦૦ ફૂટ ઊંચે ઊતરીને અટક્યું. શા કારણે અટક્યું હશે ? શી ખબર ! રોબુર પોતાની ઓરડીમાંથી બહાર આવ્યો, અને વિમાનના તમામ ખલાસીઓ પણ પારિસનું આ દૃશ્ય જોવા માટે બહાર આવ્યા. હવા ખુશનુમા હતી. નીચેથી નૃત્યગૃહો અને સંગીતગૃહોમાંથી સંગીતના સૂરો સંભળાઈ રહ્યા હતા.

પ્રુડન્ટ તથા ફિલ ઈવાન્સના આનંદને પાર ન રહ્યો. પોતાની યોજના પાર પાડવા માટે જ જાણે કે ઈશ્વરે રોબુરને આ સુઝાડ્યું હશે ! હાથમાં છીંકણીની ડાબલી સંતાડીને તે પણ કઠેડાને અઢેલીને પારિસનું દૃશ્ય જોઈ રહ્યા હતા. વિમાનીઓની નજર ચુકાવીને જ

આ કામ થઈ શકે તેમ હતું. આલ્બેટ્રોસ ધીમે ધીમે આખા પારિસ ઉપર ચક્કર મારવા લાગ્યું.

રોબુરે એકાએક પોતાના વિમાનની એ મોટી પ્રકાશિત વીજળીની બત્તીઓ ચાલુ કરી. કોઈ મોટો તારો ખર્યો હોય તેમ પારિસનું આકાશ પ્રકાશી ઊઠ્યું. પારિસના લોકો આ અદ્ભુત દૃશ્યથી અંજાઈ ગયા હોય તો શી નવાઈ? જે વિચિત્ર આકાશી પદાર્થનો ભેદ ઉકેલવા પારિસના મહાન ખગોળશાસ્ત્રીઓ વર્ષોથી મથી રહ્યા હતા, તે અત્યારે પ્રત્યક્ષ થયું. વધારામાં ટોમટર્નરે પોતાનું બ્યુગલ ફૂંકીને ફ્રાંસનું રાષ્ટ્રગીત વગાડ્યું.

આ જ ઘડીએ પ્રુડન્ટકાકાએ ધીમેથી તમાકુની ડાબલી પોતાના હાથમાંથી સરકાવી દીધી.

એ જ ક્ષણે આલ્બેટ્રોસ ઝડપથી ઊંચે ચડવા લાગ્યું. લોકોના આનંદના ને આશ્ચર્યના પોકારો કાન પર હજી તો પડ્યા ન પડ્યા ત્યાં તો વિમાન અદ્ધર આકાશમાં પહોંચી ગયું. બત્તીઓ બુઝાવી નાખવામાં આવી ને વળી ૧૨૦ માઈલની ઝડપે વિમાન દક્ષિણમાં આગળ વધવા લાગ્યું.

બીજે દિવસે સવારે વિમાન ભૂમધ્ય સમુદ્રના દક્ષિણ કિનારે ટ્યુનિસિયાના પ્રદેશ પર આવી પહોંચ્યું.

અમેરિકાથી એશિયા, એશિયાથી યુરોપ અને યુરોપથી હવે આફ્રિકા! ૨૩ દિવસમાં લગભગ ૨૦૦૦૦ માઈલની સફર આ અદ્ભુત વિમાને કરી હતી. હવે આફ્રિકાના અજાણ્યા પ્રદેશના આકાશમાં વિમાન પ્રવેશી રહ્યું હતું.

*

પેલી છીંકણીની ડાબલીના પ્રવાસની હકીકત પણ આપણે જાણી લઈએ.

પારિસની એક શેરીમાં બરાબર રસ્તા ઉપર જ આ ડાબલી પડી હતી. સવારમાં રસ્તાનું ઝાડુ કાઢનાર એક ભંગીના હાથમાં આ ડાબલી આવી. તે પ્રમાણિક માણસે જઈને તે પોલીસ–થાણે આપી.

પોલીસે આ ડાબલીમાં કોઈ ઊંડો ભેદ હોવો જોઈએ એમ માન્યું. કદાચ કોઈ ક્રાંતિવાદીએ એમાં કોઈ બોમ્બ પણ સંતાડ્યો હોય. પણ પોલીસે ખૂબ હિંમતપૂર્વક અને કાળજીપૂર્વક એ ડાબલી ધીમે રહીને ઉઘાડી. ઉઘાડતાંવેંત જ ધડાકો થયો, પણ તે ધડાકો ડાબલીમાંથી નહિ પણ પોલીસના નાકમાંથી થયો હતો. ડાબલીમાંથી છીંકણી ઊડી હતી.

ડાબલીમાંનો કાગળ ઉઘાડીને વાંચ્યો ત્યારે પોલીસોના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેમાં લખ્યું હતું:—

શ્રીમાન પ્રુડન્ટ તથા ફિલ ઈવાન્સ, વેલ્ડન સંસ્થા ફિલાડેલ્ફિયાના અનુક્રમે પ્રમુખ અને મંત્રીને આલ્બેટ્રોસ નામના એક આકાશમાં ઊડતા યંત્રમાં ઉપાડી જવામાં આવ્યા છે. આ યંત્ર રોબુર નામના એક ઇજનેરનું છે.

અમારા મિત્રો તથા ઓળખીતાઓને આ ખબર પહોંચાડશો. પ્રુ. તથા ફિ. ઈ.

કેટલા ય કાળથી અણઉકેલ્યો એવો ભેદ આખરે આ છીંકણીની ડાબલીએ ઉકેલ્યો. પૃથ્વીના બંને ગોળાર્ધના વિજ્ઞાનીઓને આખરે સમાધાન થયું.

પ્રકરણ બારમું

મુક્તિદાતા વિમાન

આ અદ્ભુત વિમાન સાથે આપણે આટલો વખત ફર્યા પછી આપણા મનમાં થોડાઘણા સવાલો ઊભા થયા હોય તો તેમાં નવાઈ નથી.

આ રોબુર કોણ છે? આપણે તેના નામ સિવાય તેને વિષે કંઈ વધારે જાણતા નથી. તે કયા દેશનો હશે? આ વિમાન ક્યાં તૈયાર થયું હશે? તે હવામાં ઊડ્યા જ કરતું હશે કે ક્યાંક ધરતી પર વિસામો લેવા ઊતરતું હશે? દુનિયાનાં મોટામાં મોટાં પક્ષીઓનો માળો તો ધરતી પર જ હોય છે. આ વિમાન અને વિમાનીનો માળો ક્યાં હશે?

અને વળી આ વિમાની આ બે ય અમેરિકનોનું શું કરવા ધારતો હશે? એમને આ વિમાનમાં જિંદગીભર ઊડ્યા જ કરવાની સજા કરવા ધારી હશે કે એમને આ દુનિયાના તમામ પ્રદેશોની ભૂગોળ શીખવવાનો વિચાર કર્યો હશે? અને પછી તેમને ખાતરી કરાવવા ધારી હશે કે હવા કરતાં પણ વજનદાર વસ્તુ હોઈ શકે છે?

અત્યારે તો આ સવાલોના કંઈ જવાબ નથી. એના જવાબ ભાવિના ગર્ભમાં પડ્યા હશે જ! અને કદાચ આપણને મળે પણ ખરા!

અત્યારે તો આ વિમાન આફ્રિકાના ઉત્તર કિનારે ક્યાં ય ઊતરવા માગતું હોય એમ લાગતું ન હતું. તે તો ટ્યુનિસિયાના ડુંગરાળ પ્રદેશો વટાવીને દક્ષિણમાં આવેલ અફાટ રેતીના સહરાના આકાશમાં પ્રવેશ્યું.

સહરાનું દૃશ્ય ઉપરથી અદ્‌ભુત લાગતું હતું. ક્યાંક રેતીનાં મોટાં મોજાંઓની હારની હાર પથરાઈને પડી હતી. ક્યાંક વચ્ચે વચ્ચે નાના નાના રણદ્વીપોમાં ખજૂરીનાં ઝાડ, સફેદ નાનાં નાનાં મકાનો આંખને ઠારતાં હતાં. ક્યાંક ચાલી જતી ઊંટોની લાંબી વણઝાર કીડીઓની હાર જેવી લાગતી હતી. કોઈ કોઈ જગ્યાએ મોટા રણદ્વીપોમાં વસેલું શહેર પણ દેખાતું હતું. સહરાના પ્રવાસમાં એકવાર ક્ષિતિજમાંથી ઓચિંતું એક મોટું કાળું વાદળું ચાલ્યું આવતું દેખાયું. તે ક્યાંથી ચડી આવ્યું હશે, તેનો વિચાર કરતા હતા ત્યાં તો તીડાનું એક મોટું સૈન્ય વિમાન પર તૂટી પડ્યું. કેટલાંક તીડો વિમાનના ઉપલા પંખામાં કચડાઈ ગયાં, કેટલાંયને ત્યાં ને ત્યાં મારી નાખવામાં આવ્યાં, બાકીનાં કેટલાં ય એમ ને એમ પસાર થઈ ગયાં. તીડો એ કેવી મોટી આપત્તિ છે તેનો પ્રત્યક્ષ ખ્યાલ આ બે ય અમેરિકનોને અત્યારે જ આવ્યો.

રેતીનાં રણ જોઈને થાકેલી આંખોએ આખરે દૂર ક્ષિતિજમાં રૂપેરી પટ્ટી ચળકતી જોઈ. આ પશ્ચિમ આફ્રિકાની પ્રખ્યાત અને મોટામાં મોટી નદી નાઈગર હતી. વીર એકલ પ્રવાસી મંગોપાર્કના અમર નામ સાથે આ નદીનું નામ જોડાયેલું છે. ઉત્તર તરફ વહેતાં વહેતાં આ નદી

જે જગ્યાએ વળાંક લઈને પાછી દક્ષિણ તરફ વહેવા લાગે છે, તે વળાંકવાળી જગ્યાએ પશ્ચિમ આફ્રિકાનું પ્રખ્યાત શહેર ટીંબુકટુ સ્પષ્ટ દેખાવા લાગ્યું. આ શહેર પશ્ચિમ આફ્રિકાના મૂર લોકોનું મક્કા છે. વેપારનું મોટામાં મોટું મથક છે. સહરાના રણમાંથી આવતા અને રણ વીંધવા માટે તૈયાર થયેલા અનેક કાફલાઓનું આ વિરામસ્થાન છે. પશ્ચિમ અને ઉત્તર આફ્રિકાનું મિલનસ્થાન છે. એ ટીંબુકટુ શહેરનો ભેદ ઉકેલવા માટે અનેક યુરોપીઅન પ્રવાસીઓએ જાનનાં જોખમો ખેડ્યાં હતાં, તે શહેરને નજરોનજર જોવાનું સદ્ભાગ્ય મળતાં બંને અમેરિકનો-ના અંતરમાં ગર્વ માતો ન હતો. જો કદાચ અમેરિકા જીવતા પહોંચીએ તો અમેરિકનો પાસે આ રહસ્યમય નગરીના પ્રત્યક્ષ દર્શનની વાત કેટલા અભિમાનથી આપણે કરશું, તેનો વિચાર તેઓ કરતા હતા.

તેમણે શહેરને જોયું એટલું જ નહિ પણ સાંભળ્યું અને સૂંઘ્યું પણ ખરું. આજે કંઈક ઉત્સવ જેવું હતું, એટલે આખું શહેર વસ્તીથી ઊભરાતું હતું. આનંદનાં ગીતોની છોળો ઊડતી ઊડતી ઠેઠ વિમાન સુધી પહોંચતી હતી અને ત્યાંની વિશાળ શાક(માંસ)પીઠમાંથી ઊડતી સુગંધ ઠેઠ વિમાનમાં બેઠેલાના નાકમાં પહોંચી જતી હતી.

'ગૃહસ્થો, આ ટીંબુકટુ!' રોબુર હિંદુસ્તાનમાં પ્રવેશતી વખતે બોલ્યો હતો, તે જ રીતે અત્યારે બોલ્યો.

'આ શહેર તેરથી ચૌદ હજારની વસ્તીવાળું છે. એક કાળે કળા અને સંસ્કૃતિનું મોટું ધામ હતું. એકાદ

બે દિવસ અહીં રોકાવાનું મન થાય તેવું છે.' તેના અવાજમાં સહેજ કટાક્ષભાવ હતો. 'પણ આ હબસી અને બર્બર લોકોની વચ્ચે રહેવામાં જોખમ છે. વળી જે વિમાનમાં બેસીને આપણે નીકળ્યા છીએ તે વિમાનને જોઈને તેમના મનમાં આપણે વિષે કંઈક વિચિત્ર ખ્યાલો બંધાયા હોય.'

'પણ, સાહેબ! તમારાથી છૂટા પડવાના આનંદમાં અમે આ હબસીઓના સ્વાગતનું જોખમ ખેડવા તૈયાર છીએ. જો અમારે કેદખાનું જ ભોગવવાનું છે તો તો આલ્બેટ્રોસ કરતાં ટીંબુકટુ વધારે ઠીક છે.'

'એ તો જેવી જેની રુચિ!' રોબુર બોલ્યો, 'પણ તોય એ જોખમ ખેડવા હું માગતો નથી. મારા મહેમાનોના રક્ષણની જવાબદારી મારે માથે ગણાય.'

'એમ!' પ્રુડન્ટનો અવાજ મોટો થયો. 'તમને હજુ અમને કેદમાં રાખવાથી જ પૂરો સંતોષ નથી. ઉપરથી અમારું અપમાન પણ કરવું છે!'

'ના રે ના, એ તો જરાક મશ્કરી.'

'તમારા વિમાનમાં કંઈ હથિયારો છે?'

'અરે, મોટો ભંડાર છે.'

'તો પછી બે પિસ્તોલો બસ થશે. એક મારે માટે અને એક તમારે માટે.'

'કેમ, દ્વંદ્વયુદ્ધ કરવું છે?' રોબુરે કહ્યું. 'એટલે આપણા બેમાંથી એક જણાએ મરવું એમ ને?'

'હા જ તો.'

'ના ના, વેલ્ડન સંસ્થાનો પ્રમુખ મરે તો તો મારે માટે એક શરમની વાત ગણાય ને !'

'કહો ને કે તમને જ મરવાની બીક છે.'

'મને બીક છે કે નહિ, એ જુદી વાત છે. તમારે જેમ ધારવું હોય એમ ધારી શકો છો, અને તમને મદદ કરવાની દુનિયામાં જેની તાકાત હોય તેની પાસે ફરિયાદ પણ કરી શકો છો—જો તમારામાં તાકાત હોય તો....'

'એ ફરિયાદ અમે કરી પણ ચૂકયા છીએ.'

'એમ ?'

'હા. યુરોપમાંથી પસાર થતી વખતે ત્યાંના લોકો ઉપર એકાદ કાગળ મોકલવો કંઈ મુશ્કેલ નથી.'

'તમે સાચું કહો છો ?'

'અને અમે કર્યું હોય તો ?'

'જો કર્યું હોય તો....તો....'

'તો શું ?'

'તો કાગળની પાછળ તમને પણ મોકલવા પડશે.'

'તો અમને ખુશીથી ફેંકી દો. અમે પારિસમાં ઉપરથી કાગળ નાખ્યો હતો.'

રોબુર આવેશપૂર્વક તેમના તરફ એક ડગલું આગળ આવ્યો. તેના સાથીઓને તેણે ઇશારો કર્યો કે તરત જ તે બધા પાસે ધસી આવ્યા, પણ એકાએક તેણે વિચાર ફેરવ્યો હોય તેમ ત્યાંથી સીધો પોતાની ઓરડીમાં ચાલ્યો ગયો.

આ જ ઘડીએ ટીંબુકટુના રાજમાર્ગ ઉપર ને શેરી-

એમાં લોકોનાં ટોળેટોળાં ઊભરાવા લાગ્યાં હતાં, અને આકાશમાં ઊડતા આ રાક્ષસી પક્ષીને જોઈને ચિચિયારીઓ પાડતાં હતાં. કેટલાય જણ પત્થર ફેંકતા હતા. કોઈ કોઈ બંદૂકમાંથી ગોળીઓ પણ છોડતા હતા. મસ્જિદના મિનારાઓમાંથી મુલ્લાંઓ આ દૈવી કોપની સામે અલ્લાહનું રક્ષણ માંગતી બાંગ પોકારવા લાગ્યા હતા.

પણ વિમાન થોડા જ વખતમાં આગળ નીકળી ગયું અને દક્ષિણ દિશામાં વિષુવવૃત્તના પ્રદેશો તરફ તે આગળ ને આગળ વધવા લાગ્યું. નીચે કોઈ વાર હાથીઓનાં મોટાં ટોળાંઓની ચીંઘાડ સંભળાતી હતી.

૧૧મી જુલાઈએ સવારે આલ્બેટ્રોસ ઉત્તર ગીનીની પર્વતમાળા વટાવીને પશ્ચિમ આફ્રિકાના દાહોમી રાજ્યની હદના કોંગ ડુંગરોની માળા પાસે આવી પહોંચ્યું.

આ દાહોમી રાજ્ય ત્યાંની મૂળ જંગલી પ્રજાનું રાજ્ય છે. આ રાજ્ય મોટું નથી, પણ તેના કેટલાક વિચિત્ર રિવાજોને કારણે તે ખૂબ જાણીતું છે. કોઈ પણ નાનામોટા ઉત્સવ પ્રસંગે ત્યાં નરમેધ કરવાનો રિવાજ છે. રાજા ગાદીએ બેસે એટલે તેને નાનામોટા અમલદારો તાજા જ વધ કરેલા ગુલામો કે દુશ્મનોના માથાનું નજરાણું ભેટ ધરે. કોઈ વાર તો ઉત્સવ પ્રસંગે જ પકડાયેલ દુશ્મનોનાં માથાં વધેરવાનો વિધિ કરવામાં આવતો હોય છે.

અકસ્માત એવો થયો કે જે દિવસે આ વિમાન દાહોમી રાજાની રાજધાની પર આવી પહોંચ્યું તે જ દિવસે ત્યાંનો રાજા મરી ગયેલો, ને નવા રાજાને ગાદી-

નશીન થવાનો વિધિ થવાની તૈયારી ચાલતી હતી. રાજ્ય-નાં નાનાંમોટાં ગામોમાંથી લોકોનાં ટોળેટોળાં આ ઉત્સવ-માં ભાગ લેવા આવી રહ્યાં હતાં.

રોબુર તૂતકના કઠોડા પર અઢેલીને નીચેનું દૃશ્ય જોતો જોતો ઊંડા વિચારમાં પડી ગયો હતો. તેણે વચ્ચે ટૉમટર્નર સાથે કંઈક સંતલસ પણ કરી.

લોકો એટલી ધમાલમાં હતાં અને આ વિમાન હજુ એટલે ઊંચે હતું, અને આખો પ્રદેશ મોટે ભાગે ઝાડોથી છવાયેલો હતો એટલે આ વિમાન તરફ લોકોનું ધ્યાન ગયું નહોતું. એક વિશાળ ચોગાનમાં આ રાજ-તિલક કરવાનો વિધિ થવાનો હોય એમ લાગ્યું. સૈનિકો-ની કતારો ને કતારો બંદૂકો લઈને કૂચ કરતી હતી. એ ઉપરાંત સ્ત્રી–સૈનિકોનું પણ એક નાનકડું લશ્કર હતું.

થોડી વારે આખું શહેર ખાલી થઈ ગયું, ને રાજધાનીથી થોડે દૂર આવેલા પેલા વિશાળ મેદાનમાં લોકો એકઠા થવા લાગ્યા અને અહીં જ યુદ્ધમાં પકડાયેલ કેદીઓનો વધ કરવાનો વિધિ થવાનો હતો.

મેદાન ફરતી ઝાડોની ઓથે અને વાદળાના પાતળા પડની પાછળ વિમાનને થંભાવીને રોબુર તથા તેના સાથીઓ આ સમારંભ જોઈ રહ્યા હતા. એક બાજુ દોરડે બાંધેલ કેદીઓની મોટી કતારો ઊભેલી તેમની નજરે પડી. એ જ ઊંચી જમીન પર નવો જુવાન રાજા બેઠો હતો. તેની ફરતા નીચે સૈનિકો, અમલદારો, પ્રજાજનો, અને કેદીઓ બધા ઊભેલા હતા. એક બાજુ ઢોલનું

તથા મોટા ભૂંગળા જેવાં વાદ્યોનું સંગીત ચાલી રહ્યું હતું. એક બાજુ થોડી થોડી વારે તોપના ધડાકાઓથી વાતાવરણ ધમધમી ઊઠતું હતું. મૃત્યુ પામેલા રાજાના આત્માની પાછળ ચોકી કરવા મોકલવા માટે લગભગ ૩૦૦૦ કેદીઓને તૈયાર રાખવામાં આવ્યા હતા. આ વધ કરવાનું માન મેળવનાર અમલદાર પોતાની તલવારની ધાર તપાસી રહ્યો હતો. તેની પાછળ તેના સોએક જેટલા સાગરીતો પણ તૈયાર ઊભેલા હતા. દરેક જણ એક ઝપાટે ધડથી માથું જુદું કરવાના કામમાં પ્રવીણ હતો.

સંગીત વગેરે કાર્યક્રમ પૂરો થતાં જ નરમેધના વિધિની તૈયારી થવા લાગી. આ જ વખતે રોબુરે પોતાનું વિમાન વાદળાંઓની ઓથેથી નીચે આણીને નીચેનાં બધાં જોઈ શકે તેમ મેદાન ઉપર આણ્યું, અને મેદાનથી ૩૦૦ ફૂટ જેટલે ઊંચે રાખ્યું.

શરૂઆતમાં તો લોકોને લાગ્યું કે આ નવા રાજા ઉપર સ્વર્ગમાંથી આશીર્વાદ વરસાવવા માટે આ કોઈ દેવ-દૂત આવેલ છે. લોકો ઉત્સાહમાં ને ઉલ્લાસમાં આવીને બૂમાબૂમ કરવા લાગી ગયા.

વળી કેટલાક લોકોને લાગ્યું કે સ્વર્ગમાંથી મરેલ રાજાને લેવા માટે આ કોઈ દૈવી વાહન આવ્યું છે. આ શુભ શુકન જોઈને રાજાના આત્માની સાથે તરત જ આ કેદીઓના આત્મા પહોંચી જાય એ માટે તેમણે તરત જ વધ કરવાનો વિધિ શરૂ કરી દીધો. પહેલો વધ મુખ્ય મારાને હાથ થયો ને તરત જ કેદીઓની કતાર વધસ્થાન તરફ આવવા લાગી.

એકાએક આલ્બેટ્રોસ પરથી એક બંદૂક છોડવામાં આવી. મુખ્ય જલ્લાદ તરત જ જમીન પર ઢળી પડ્યો.

'શાબાશ, ટોમ!' રોબુરે કહ્યું.

બધા વિમાનીઓ બંદૂક તાકીને હુકમની રાહ જોતા તૈયાર ઊભા હતા.

નીચેના વાતાવરણમાં ખળભળાટ થયો. તેઓ સમજી ગયા કે આ આકાશી પક્ષી ખુદા તરફથી નહિ પણ સેતાન તરફથી મોકલવામાં આવેલું છે. તરત જ વાતાવરણમાં આનંદ ને ઉત્સવને બદલે ક્રોધ ને વૈરનો આવેશ ફેલાઈ ગયો, ને આ દૈવી દુશ્મનની સામે આવેશભર્યા પોકારો ઊઠવા લાગ્યા. વિમાન તો નક્કી કર્યા પ્રમાણે હજુ પણ વધારે ને વધારે નીચે ઊતરવા લાગ્યું. બંને અમેરિકનોને રોબુર તરફ જે ઘૃણા હતી, તે ઘડીભર બાજુ પર મૂકીને આ માનવદયાના કામમાં તેમણે સક્રિય સહાનુભૂતિ બતાવવા માંડી.

'આ બધા કેદીઓને આપણે બંધનમાંથી મુક્તિ અપાવવી જોઈએ.' તેઓ બોલી ઊઠ્યા.

અને તરત જ વિમાનના તમામ પ્રવાસીઓએ પોતાના હાથમાંની બંદૂકોમાંથી ગોળીઓનો વરસાદ વરસાવવા માંડ્યો. એક નાનકડી તોપ પણ એકલી આ બધી બંદૂકોના જેટલું કામ આપી રહી હતી. નીચે લોકોના ટોળામાં હાહાકાર વ્યાપી ગયો. સૈનિકોએ પોતાની બંદૂકો આ વિમાન તરફ તાકીને ગોળીઓ છોડવા માંડી. વધસ્થાને ઊભેલા પેલા કેદીઓએ આ પ્રસંગનો લાભ લઈને

પોતાનાં દોરડાનાં બંધનો તોડી નાખ્યાં.

ટૉમટર્નરે જોયું કે કેવળ બંદૂકોથી આ કામ ઝડપથી પૂરું થાય તેમ નથી. તે શસ્ત્રસામગ્રીના ભંડકિયામાં ગયો ને તેમાંથી દસ-બાર ડાયનેમાઇટ કારતૂસો લઈ આવ્યો ને બધાને વહેંચવા લાગ્યો. રોબુરનો હુકમ થતાં જ આ ડાયનેમાઇટોને સૈનિકોની વચ્ચે ફેંકવામાં આવી. જમીન સાથે અથડાતાં જ આ કારતૂસો ફાટી ને તેમાંથી અનેક જાતના છરાઓ ઊડી ઊડીને આસપાસના સૈનિકોને ઘાયલ કરવા લાગ્યા.

હવે રાજાને તથા તેના માણસોને લાગ્યું કે હવે બચવા માટે ભાગવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. તેઓ આડાઅવળા ભાગીને ઝાડીઓમાં સંતાઈ ગયા. કેદીઓ પણ છૂટા થવાના આનંદમાં ભાગીને અદૃશ્ય થઈ ગયા.

આ રીતે આફ્રિકાના એક અજ્ઞાત પ્રદેશમાં માનવતાની સેવા કરવામાં પણ આ વિમાનનો ઉપયોગ થઈ શકે છે, એ વાત રોબુરે આ અમેરિકનોને સમજાવી. અમેરિકનો આની સામે કાંઈ બોલી શકે તેમ ન હતું.

વિમાન ત્યાંથી નૈઋત્ય તરફ વળીને આફ્રિકાના કિનારાને પખાળતા આટલાંટિક મહાસાગર પર આવી પહોંચ્યું.

પ્રકરણ તેરમું

દક્ષિણ ધ્રુવ તરફ

પૃથ્વીના જળવિસ્તારનો ચોથો ભાગ રોકીને પડેલ આટલાંટિક મહાસાગર પર વિમાન એ ને એ દિશામાં આગળ વધવા લાગ્યું. બંને અમેરિકનોએ હવે નાસી છૂટવાની આશા છોડી દીધી. આ વિમાન પૃથ્વીના કોઈ નવા ઉપગ્રહની જેમ પૃથ્વી પરથી પ્રદક્ષિણા જ કર્યા કરશે એમ તેમને લાગવા માંડ્યું. આટલા વખતમાં હજુ તેણે ફક્ત પાણી લેવા માટે અને માછલાં પકડવા માટે જ પૃથ્વી સાથે થોડોઘણો પણ સંબંધ રાખ્યો હતો. પણ આવડા મોટા યંત્ર માટેનાં બીજાં અનેક સાધનો, ખાધાખોરાકીની સામગ્રી અને બીજી અનેક નાનીમોટી વસ્તુઓ માટે રોબુરે પૃથ્વીના કોઈ ભાગમાં પોતાનું રહેઠાણ તો રાખ્યું જ હશે ને ? પણ તે ક્યાં હશે, અને રોબુર ત્યાં ક્યારે જશે એ કાંઈ કહી શકાય તેમ નહોતું. અને અમેરિકનોની ધીરજ હવે ખૂટવા આવી હતી. રોબુર સાથે આટલો વખત કાઢ્યા છતાં તેનો ભેદ હજુ સુધી ઉકેલી શકાયો નહોતો. અને જેમ જેમ વખત જતો હતો, તેમ તો આ ભેદ ન ઉકેલાવાને કારણે આ બંને અમેરિકનો

વધારે ને વધારે અકળાઈ ઊઠ્યા હતા. તેમને લાગ્યું કે આ અખંડ ઉડ્ડયનની સજા તેમને જિંદગી પર્યંત ભોગવવી પડશે.

આલ્બેટ્રોસ જોતજોતામાં આટલાંટિકના ઘેરા પાણી ઉપર ઊડવા લાગ્યું, અને જોતજોતામાં આખી ક્ષિતિજ ચારે બાજુથી પાણી અને આકાશથી બંધાઈ ગઈ. આલ્બેટ્રોસ જાણે ઉપરનીચે અને ચારે બાજુથી આ સમુદ્રથી ઘેરાઈ ગયું હોય એમ લાગતું હતું.

૧૩મી જુલાઈએ વિમાન વિષુવવૃત્તની રેખા વીંધીને દક્ષિણ ગોળાર્ધમાં પ્રવેશ્યું. એકસેશન તથા નેપોલિયનના છેલ્લા દિવસોનાં દુઃખદ સ્મરણો જગાવતો સેન્ટ હેલિનાનો ટાપુ એક કાળા ટપકાની જેમ દેખાયો ને પાછો અદૃશ્ય થઈ ગયો.

વિમાન એકધારી ગતિએ ઊડી રહ્યું હતું. ૧૬મી ને ૧૭મી જુલાઈએ સૂર્યાસ્ત વખતે આથમતા સૂર્યનાં કિરણોમાંથી જાત જાતના રંગોના ફુવારા ઊડતા દેખાવા લાગ્યા. જો વિમાન ઉત્તર ધ્રુવ બાજુના પ્રદેશમાં હોત તો આ ઉત્તર ધ્રુવીય પ્રકાશ છે એમ માની શકાત. પણ પૃથ્વીના આ ભાગમાં આ જાતનો પ્રકાશ શેનો હશે એ સમજવું મુશ્કેલ હતું. વૈજ્ઞાનિકોમાં પણ આ પ્રકાશનાં કારણોની બાબતમાં મતભેદ છે. પણ સામાન્ય રીતે એમ મનાય છે કે કોઈ મોટા જ્વાળામુખીમાંથી ઊડેલ રજકણો હજુ આકાશમાંથી પૂરાં નીચે ઊતર્યાં ન હોઈ, તેના પર સૂર્યનાં કિરણો પડવાથી આવા રંગો ઉત્પન્ન થાય છે.

આગળ વધતાં બીજે દિવસે રાતે ચંદ્ર ફરતું મોટું

ફૂંડાળું દેખાયું. હવામાં થતા ફેરફારનું આ સૂચક ચિહ્ન હતું. થોડી વારે પવન પણ પડી ગયો.

પૃથ્વીના આ ભાગમાં એટલે કે વિષુવવૃત્તની દક્ષિણે આવેલા પ્રદેશોમાં ઉત્તરના પ્રદેશો કરતાં ઋતુઓ જુદે વખતે આવતી હોય છે. જુલાઈ માસમાં તે ભાગની ઋતુ જાન્યુઆરી માસને મળતી હોય છે એટલે કે જુલાઈ માસમાં ત્યાં શિયાળો હોય છે.

૧૦મી જુલાઈએ મકરવૃત્તની રેખા વટાવ્યા પછી સમુદ્રમાં નવીન પ્રકારના ફેરફારો દેખાવા લાગ્યા. મોટાં મોટાં મોજાંઓ કલાકના ૬૦ માઈલની ઝડપે જોરથી વહેવા લાગ્યાં. આ મોજાંઓ જાણે નીચે વીજળીની બત્તીઓ મૂકી હોય તેમ પ્રકાશતાં હતાં. દરેક મોજા વચ્ચે લગભગ ૮૦ ફૂટનું અંતર રહેતું. એટલે ૮૦ ફૂટને અંતરે પ્રકાશના બે મોટા સ્તંભો ચાલ્યા આવતા હોય એવું દેખાતું હતું.

રાતે તો આ મોજાં એટલાં પ્રકાશિત લાગતાં હતાં કે તેનું પ્રતિબિંબ ઠેઠ આલ્બેટ્રોસ સુધી પડતું હતું. જાણે કે સમુદ્રમાં દાવાનળ સળગી ઊઠ્યો હોય એવો દેખાવ લાગતો હતો.

આ પ્રકાશ વીજળિક પ્રકાશ હતો, એમ રોબુરને લાગ્યું. ઘણી વાર સમુદ્રમાં પ્રકાશિત એવાં જીવડાંઓ માઈલો સુધી વિસ્તરીને પડેલાં જોવામાં આવે છે. પણ આ પ્રકાશ એવી જાતનો ન હતો. હવામાં વીજળિક ઘર્ષણો શરૂ થવા લાગ્યાં. આ પ્રકાશ એનો હોવાનો સંભવ વધારે હતો.

બીજે દિવસે સવારે તો પવનનું તોફાન પૂરજોશમાં શરૂ થઈ ગયું. દરિયામાં આ વખતે કોઈ વહાણ હોય તો તેને બચવાનો અવકાશ ન હતો. આલ્બેટ્રોસ આ પવનના તોફાનની સામે ખૂબ જ બહાદુરીપૂર્વક અને કુનેહપૂર્વક ટક્કર લઈ રહ્યું હતું.

બપોરે એક વાગે હવાના નીચલા પ્રવાહ પર ઊડી રહ્યું હતું. દરિયાથી તે લગભગ ૧૦૦ ફૂટ જ ઊંચે હતું. હવા શાંત હતી, પણ આકાશમાં ક્ષિતિજ પર કાળાં ભમ્મર વાદળાંઓ દેખાવા લાગ્યાં હતાં. આ વાદળાંમાંથી વચ્ચે વચ્ચે મોટા અણીદાર સ્તંભો દરિયા ઉપર ઊતરી આવીને અદૃશ્ય થઈ જતા હતા. જાણે કે સમુદ્રના પાણીને ઉપર ખેંચવા માટે કોઈ ધિંગાં દોરડાં નાખીને પાછાં ખેંચી લેતું હોય તેમ લાગતું હતું.

એકાએક સમુદ્રમાંથી પાણીનો એક વિરાટ સ્તંભ ઊંચો થઈને આકાશ તરફ ચડવા લાગ્યો. ઘડીક વારમાં તેનો આકાર મોટા ડમરુ જેવો થઈ ગયો. આલ્બેટ્રોસ તેમાંથી છૂટવાનો પ્રયત્ન કરે તે પહેલાં તો તે જળસ્તંભ તેના પર અથડાયો. આસપાસ બીજા ૨૦ જેટલા જળ-સ્તંભો ઘૂમવા માંડ્યા. કાળા ભમ્મર જેવા આ સ્તંભો જાણે કે સમુદ્રના પાણીમાંથી કોઈ રાક્ષસી કદનાં પ્રાણીઓ આકાશમાં ચડવા મથતાં હોય એમ લાગવા માંડ્યું. સદ્ભાગ્યે આ જળસ્તંભોની ગતિ વિમાનના પંખાઓની ગતિથી ઊલટી દિશામાં હતી. નહિતો વિમાન તે ચક્રમાં આવીને દરિયામાં પડ્યું હોત. પણ વિમાને તરત જ ચક્કર

ચક્કર જોરથી ફરવા માંડ્યું. સ્થિતિ ખરેખર ખતરનાક હતી. વિમાન આ પાણીના ચડેલ વંટોળામાંથી છટકવા માટે ભારે મહેનત કરી રહ્યું હતું. વિમાન પરના માણસો કઠેડાને ઝોડની જેમ વળગીને બેસી ગયા હતા. એકમાત્ર રોબુરનો અવાજ આ બધાં તોફાનોમાં ગાજી રહ્યો હતો: ' હોશિયાર ! ગભરાશો નહિ. હિંમત રાખો ! '

વિમાન એક જળસ્તંભના સપાટામાંથી છટકે તો તરત જ પડખે જ બીજો જળસ્તંભ તેને ઘેરી લેવા તૈયાર હતો. રોબુરે હુકમ કર્યો: ' તોપ તૈયાર કરો. '

ટોમટર્નરે તોપ તૈયાર કરી અને આ જળસ્તંભોની ભૂતાવળ સામે તાકીને ફોડી. તરત જ જળસ્તંભો તૂટી પડ્યા અને વાતાવરણ જોતજોતામાં સ્વચ્છ થઈ ગયું.

' વિમાનને કંઈ ઇજા તો નથી થઇ ને ? ' રોબુરે પછ્યું.

' ના, ' ટોમટર્નરે કહ્યું. ' પણ હવે ફરી આવા ભમરડા બનવાનો પ્રયોગ નથી કરવો. ' જો આલ્બેટ્રોસ વિમાનનું કાઠું મજબૂત ન હોત તો આ તોફાનમાં તેના ભુક્કા બોલી ગયા હોત.

વિમાન આગળ વધ્યું, તેમ ઠંડી પણ વધવા લાગી. દિવસ ટૂંકો થવા લાગ્યો. રોબુર હવે ભાગ્યે જ બહાર દેખાતો. પોતાની ઓરડીમાં બેઠો બેઠો એ વિમાનનો ભવિષ્યનો માર્ગ આંકી રહ્યો હતો.

બંને અમેરિકનો દક્ષિણ પ્રદેશની ઠંડીના સામે ગરમ કપડાંનાં અંતરો પહેરીને ઓરડીમાં બેઠા બેઠા

રોબુરની ભવિષ્યની યોજના વિષે તર્ક કર્યા કરતા હતા. તેમણે ફ્રાઈકોલિન મારફતે વિમાન પરના સૌથી વધારે બોલકણા એવા રસોઇયા પાસેથી રોબુર સંબંધેની સાચી માહિતી કઢાવવાનો પ્રયત્ન કર્યો પણ તેની પાસેથી જે માહિતી મળી તે પ્રમાણે તો રોબુર એક કાળે આર્જિન્ટીના-નો કોઈ પ્રધાન હતો. એક કાળે તે નૌકાખાતાનો મુખ્ય અમલદાર હતો. અમેરિકાનાં સંયુક્ત રાજ્યોનો પ્રમુખ, સ્પેનના લશ્કરનો વડો, હિંદુસ્તાનનો વાયસરોય, એમ એ સર્વવ્યાપી હતો. કોઈ વાર રસોઇયા પાસેથી જાણવા મળતું કે રોબુર કરોડાધિપતિ છે. કોઈ વાર એમ પણ જાણવા મળતું કે આ વિમાન બનાવવામાં તેને માથે એટલું બધું દેવું થઈ ગયું છે કે તે લેણદારોથી ભાગતા ફરવા માટે આ વિમાનમાં ઊડ્યા જ કરે છે. રોબુર ક્યાં જવા માગે છે, તે પ્રશ્નના જવાબમાં એમ જાણવા મળ્યું કે જો ચંદ્ર ઉપર ઊતરવાની સારી સગવડ હશે તો તે ત્યાં પણ જવા ધારે છે.

બંને અમેરિકનોએ જોયું કે રોબુર વિષે કોઈ પણ જાતની માહિતી મેળવવી અશક્ય છે, એટલું જ નહિ પણ તેના પંજામાંથી છટકવું પણ અશક્ય છે. આ અકળામણ-ભર્યા વિચારોમાંથી તેઓ મરણિયા વિચાર તરફ વળ્યા: 'તો પછી શા માટે આ વિમાનનો, તેના માલિકનો અને આ વિમાન પરના સર્વસ્વનો નાશ ન કરી નાખવો ?'

આ વિચારે તેઓના મગજનો પૂરેપૂરો કબજો લઈ લીધો. કઈ રીતે આ વિચારને અમલમાં મૂકવો ? વિમાન-

માં રહેલ કોઈ સ્ફોટક પદાર્થને સળગાવીને આખા વિમાનને ભડાકામાં ઉડાડી દેવું, એમ તેમણે નિશ્ચય કર્યો. પણ એ સ્ફોટક પદાર્થ દારૂખાનાના ભંડકમાંથી મેળવવો કઈ રીતે?

સદ્‌ભાગ્યે ક્રાઇકોલિનને તેમણે આ યોજનાનો ઇશારો પણ નહિ કરેલો. નહિ તો આકાશમાં અદ્ધર વિમાન ફાટી જાય એ વિચારથી જ ગાંડો બનીને ત્યાં ને ત્યાં એ આખી યોજના જાહેર કરી દે!

૨૩મી જુલાઈએ વિમાન પરથી દક્ષિણ અમેરિકાના છેડા પરના ટાપુઓ તથા મેગેલીનની પ્રખ્યાત સામુદ્રધુની દેખાઈ. વિમાન સીધું દક્ષિણ ધ્રુવ તરફ જવાને બદલે સહેજ નૈઋત્ય તરફ વળ્યું હતું. જાણે કોઈ મોટા ગ્રહને આકાશમાંથી પછાડ્યો હોય ને તે ટુકડેટુકડા થઈને પડ્યો હોય એવો આ દક્ષિણ અમેરિકાનો છેડો ઉપરથી લાગતો હતો. ક્યાંક ક્યાંક ચીલી દેશનાં નાનાં નાનાં ગામડાંઓ, ક્યાંક ક્યાંક ઊંચા ડુંગરના ઢોળાવમાં ચરતાં પ્રાણીઓ, ક્યાંક દેવળનાં ઘુમ્મટો આ બધાં દૃશ્યો ઉપરથી ખૂબ મનોહર લાગતાં હતાં. ક્યાંક ક્યાંક તેમના તરફ બંદૂકની ગોળીઓ પણ મોકલવામાં આવતી હતી, પણ વિમાન તો એકધારી ગતિએ દક્ષિણ તરફ ચાલ્યું જતું હતું. નવી દુનિયાનો સાવ છેવટનો છેડો—હોર્નની ભૂશિર—પણ આવ્યો અને ત્યાંથી વિમાન બરાબર દક્ષિણ દિશામાં ચાલવા માંડ્યું. ટેરા-ડેલ-ફ્યુએગો ઉપર અત્યારે તો બરફ છવાયેલો હતો, પણ ૭ મહિના પછી વસંત ઋતુમાં અહીંની શોભા બદલાઈ જાય છે. આખી ભૂમિ લીલી હરિયાળી

બની જાય છે ને લોકો પોતાનાં જાનવરોનાં ટોળેટોળાં લઈને આ ભૂમિમાં ચારા માટે ઊતરી પડે છે. અત્યારે તો ફક્ત મોટાં મોટાં પેન્ગવીન પક્ષીઓ પાંખ પહોળી કરીને ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલાં નજરે પડતાં હતાં. વિમાન પરની વીજળીની બત્તી ભાળીને અનેક પક્ષીઓ આ પ્રકાશની હૂંફમાં આશ્રય લેવા માટે વિમાન પર ધસી આવ્યાં. રસોઇયાને વગર મહેનતે કેટલા ય દિવસનું સીધું-સામાન મળી ગયાં. ક્રાઈકોલિને આ કામમાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

બપોરના ત્રણ વાગ્યા. સૂર્ય આથમી ગયો. વિમાન અંધકારમાં વીંટાઈને દક્ષિણ અમેરિકાનો દક્ષિણ છેડો છોડીને દક્ષિણ ધ્રુવ મહાસાગરમાં આગળ વધવા લાગ્યું.

પ્રકરણ ચૌદમું

લંગર નાખ્યું

૨૪મી જુલાઈ! ૫૯° દક્ષિણ અક્ષાંશ પરથી વિમાન પસાર થયું. થર્મામિટર શૂન્યથી પણ વધારે નીચે પારો બતાવવા લાગ્યું. વિમાન જેમ જેમ દક્ષિણ ધ્રુવ તરફ વધારે ને વધારે જવા લાગ્યું, તેમ તેમ વિમાનની ઓરડીઓમાં કૃત્રિમ રીતે ગરમી રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. એ ઉપરાંત ઓઢવાનાં સાધનોની પણ તંગી ન હતી. રોબુર ભાગ્યે જ દેખાતો અને ટીબુકટુ પર થયેલ સંવાદ પછી તેણે એક શબ્દ પણ આ અમેરિકનો આગળ ઉચ્ચાર્યો ન હતો. ફ્રાઈકોલિન ધીરે ધીરે મુખ્ય રસોઇયા સાથે સારી રીતે મળી ગયો હતો. તે રસોઇયાએ પણ ફ્રાઈકોલિનની સેવાની કદર સારી રીતે કરી હતી. તેને પોતાના ઉપરસોઇયા તરીકેનો અધિકાર તેણે આપ્યો હતો. રસોડામાં ફ્રાઇકોલિનને મોટામાં મોટી અનુકૂળતા બે હતીઃ એક તો આ રસોડામાં તેને પોતાને અનુકૂળ વાતાવરણ તથા ખોરાક મળી રહેતાં હતાં, અને બીજું બહારની દુનિયાથી તે અલિપ્ત રહી શકતો હતો. પણ આ વિમાન ક્યાં જઈ રહ્યું હશે? આવા ભયંકર શિયાળામાં તે દક્ષિણ ધ્રુવ ઉપર તો જવા નહિ માગતું

હોય ને ? એમ હોય તો તો રેણુર પોતાના વિમાનનો પોતે જ નાશ કરવા માગતો હોવો જોઈએ.

પણ આજથી રેબુર વધારે કામમાં રોકાયેલો દેખાવ લાગ્યો હતો. તે કોઈ વાર કોઠાર તપાસતો હતો, તો કોઈ વાર ઍન્જિનનો ઓરડો તપાસતો, તો કોઈ વાર લાંબા વખત સુધી ટૉમટર્નર સાથે વાતો કરતો હતો. પ્રુડન્ટને લાગ્યું કે રેબુર કાંઈક નવી યોજના ઘડી રહ્યો છે. કદાચ કોઈ જગ્યાએ વિમાનને થોભાવવા માટેનો વિચાર તે કરી રહ્યો હોય !

પ્રુડન્ટની અટકળ ઘણે અંશે સાચી પડી. દક્ષિણ ધ્રુવ મહાસાગરમાં થોડેક સુધી આગળ વધ્યા પછી વિમાનમાંથી સમુદ્રમાં તરતાં બરફનાં મોટાં મોટાં મેદાનો નજરે પડવા લાગ્યાં. કોઈ કોઈ જગ્યાએ મોટા હિમપર્વતો પણ તરતા દેખાતા હતા. રેબુરે અહીંથી વિમાનને દક્ષિણ ધ્રુવ તરફ લેવાને બદલે પશ્ચિમ દિશામાં વાળ્યું.

ફિલ ઈવાન્સે વિમાનની દિશા બદલાયેલી જોઈ એટલે તેના મનમાં બે તર્કો ઊભા થયા : કાં તો વિમાને પૃથ્વીની બીજી પ્રદક્ષિણા શરૂ કરી, અને કાં તો પાસિફિક સમુદ્રના કોઈ અજાણ્યા એવા ટાપુ પર વિમાનને નાંગરવાની રેબુરની ગણતરી હોય.

વિમાન પાસિફિક સમુદ્રમાં પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું હતું. અમેરિકાનો કિનારો દેખાવો બંધ થઈ ગયો હતો. સમુદ્રનાં નીલા આકાશ જેવાં પાણી ક્ષિતિજ ભરીને પડેલાં હતાં. એવામાં એક દિવસ બપોરના એક

વાગે ટૉમટર્નરે દૂર ક્ષિતિજમાં દૂરબીનમાંથી જોતાં એક કાળું ધાબું હાલતુંચાલતું જોયું. તેણે રૅાબુર પાસે જઈને પૂછ્યું: 'ત્યાં એકે ય ટાપુ જેવું છે?'

'ના. આટલામાં ક્યાં ય જમીન નથી.'

'તો પછી એ કોઈ વહાણ કે હોડી હોવી જોઈએ.'

રૅાબુરે પોતાના હાથમાં દૂરબીન લીધું ને કાળજીથી નજર નાખી.

'એ હોડી છે, ને તેમાં થોડાંએક માણસો છે.' રૅાબુરે કહ્યું.

'તૂટીને ડૂબી ગયેલા વહાણમાંથી બચેલા ઉતારુઓ હોવા જોઈએ.' ટૉમટર્નરે કહ્યું.

'હા, એમ જ છે. તેઓ વહાણના નાશમાંથી બચી ગયા લાગે છે, પણ ભૂખ કે તરસમાંથી બચવાની આશા તેમણે છોડી દીધી હોવી જોઈએ. આટલામાં ક્યાં ય જમીન મળે તેમ નથી.'

આલ્બેટ્રોસે તેમની વહારે ધાવું જ જોઈએ. તરત જ હુકમ છોડવામાં આવ્યા. વિમાન દરિયા તરફ ઊતર્યું. બહુ જ કાળજીપૂર્વક તેને ધીમે ધીમે હોડીની બરાબર ઉપર સુધી લાવવામાં આવ્યું. હોડીમાં માણસો તો હતા, પણ કેટલાક તો લગભગ મરેલી અવસ્થામાં સૂતા પડ્યા હતા. કેટલાકમાં જીવ હતો, પણ બોલવાની કે હલવા-ચલવાની શક્તિ નહોતી. આલ્બેટ્રોસ આટલે નીચે આવ્યા છતાં કોઈનું ધ્યાન ખેંચાયું ન હતું. તેમની ઇંદ્રિયો સાવ શિથિલ બની ગયેલી હોવી જોઈએ.

ટોમટર્નરે તૂતકને છેડે આવીને નીચે ડોકાઈને જોરથી બૂમ મારી: 'એય ભાઈઓ!' પણ જવાબ ન મળ્યો. વિમાન હોડીથી માંડ ૮૦ ફૂટ જ ઊંચે હતું.

'બંદૂકનો ભડાકો કરો.' રોબુરે કહ્યું. બંદૂકનો અવાજ થતાં જ હોડી પરનો એક માણુસ સળવળ્યો. તેણે ઊંચે જોયું અને ભયથી ધ્રૂજવા લાગ્યો. તેની આંખો ફાટી ગઈ.

'ડરશો નહિ. અમે તમને મદદ કરવા આવ્યા છીએ. તમે કોણ છો?' રોબુરે ફ્રેંચ ભાષામાં કહ્યું. (હોડી પર ફ્રેંચ નામ હતું એટલે તે પરથી આ માણુસો ફ્રાંસના છે, એમ તેણે અટકળ કરેલી ને તે સાચી પડી.)

'અમે 'જીનેટ' વહાણુના ખલાસીઓ છીએ. પંદર દિવસ પહેલાં તે વહાણ ડૂબ્યું, ને અમે આ હોડીમાં જીવ બચાવવા કૂદી પડ્યા. પંદર દિવસથી અમે ખાધુંપીધું નથી.'

હોડીમાંથી બીજા ત્રણચાર માણુસો પણ આ અવાજથી સળવળ્યા ને બેઠા થયા હતા.

રોબુરે તરત જ હુકમ કર્યો. મીઠા પાણીની એક બાલદી દોરડાથી નીચે હોડીમાં ઉતારવામાં આવી. હોડીના માણુસો તેના પર તૂટી પડ્યા ને જોતજોતામાં ખાલી કરી નાખી.

'ખાવાનું આપો, ખાવાનું આપો.'

તરત જ બીજો ટોપલો રોટલાઓનો ઉતારવામાં આવ્યો. રોટલાઓ પર બધા તૂટી પડ્યા ને મોટાં મોટાં બટકાં મોઢેથી તોડીને ગળે ઉતારવા લાગ્યા.

શરીરમાં ચેતન આવ્યા પછી તેમણે પૂછ્યું:

'અત્યારે અમે કઈ જગ્યાએ છીએ ?'

'ચીલીના કિનારેથી પચાસ માઈલ દૂર છો.'

'ભગવાન તમારું ભલું કરે, હવે અમને નિરાંત થઈ.'

'હવે અમે તમને ઠેઠ કિનારા સુધી મૂકી જવાના છીએ.' રોબુરે કહ્યું.

'તમે કોણ છો ?'

'બીજાઓને મદદ કરીને સંતોષ પામનારા.'

હોડીના મુખ્ય માણસે વધારે પૂછવાનું માંડી વાળ્યું. તેઓ કોણ છે, તેનો ભેદ ઉકેલવાની મહેનત કરવા કરતાં તેમની મદદની તેમને વધારે જરૂર હતી.

થોડી વારે વિમાન ચીલીના કિનારા તરફ ચાલવા લાગ્યું, અને તેની પાછળ દોરડાથી બાંધેલ હોડી સમુદ્રમાં તરતી તરતી વહેવા લાગી. રાતના દસ વાગ્યે કિનારા પરની બત્તીઓ દેખાવા લાગી. કોનોસ બેટોમાંની ખાડીના મુખ પાસે હોડીને લઈ જઈને, રોબુરે હોડીવાળાઓને દોરડું છોડી મૂકવા કહ્યું. હોડી છૂટી પડી ગઈ. વિમાન પાછું સમુદ્ર તરફ ઊપડી ગયું. હોડીમાં બેઠેલા આભાર અને આશ્ચર્યની લાગણીથી કંઈ પણ બોલી ન શક્યા.

આ ભયંકર અને ક્રૂર રોબુરના વિમાનમાં કેટલીક સારી વસ્તુઓ પણ છે, તેમ આ અમેરિકનોને કબૂલ કરવું પડ્યું. શું બલૂનમાં આવી માનવસેવા કરવાની શક્તિ હોય ? બંને અમેરિકનોને આ માણસ પ્રત્યેના તિરસ્કારની લાગણી વચ્ચે પણ આ હકીકતનો ઘૂંટડો ઉતારવો પડ્યો.

વિમાન પાછું પોતાને માર્ગે પડ્યું. સમુદ્રમાં તોફાન-નાં ચિહ્નો વરતાવા લાગ્યાં. બૅરોમિટરનો પારો નીચે ઊતરવા માંડ્યો. ઘડીક પવનના સપાટા જોરથી વાગતા ને પાછો ઘડીક પવન સાવ પડી જતો.

સવારના એક વાગ્યે વળી પવન જોરથી ફૂંકાવા લાગ્યો. વાયવ્ય દિશામાં તેનો ધસારો હતો. વિમાન લગભગ તેની સામે જ જઈ રહ્યું હતું. આટલા જોશથી વહેતા પવન સામે તે ૧૫થી ૨૦ માઈલની ઝડપે ઊડી શકતું તે નવાઈ હતી.

પણ હજુ વધારે ભયંકર તોફાન આવવાના ભણકારા વાગતા હતા. આવાં તોફાનો મોટે ભાગે વંટોળના રૂપ-માં ઊડતાં હોય છે. ટાઈફૂન, ટોર્નેડો, વંટોળ એ બધાં તોફાનો ચક્રાકારે જ ઊડતાં હોય છે અને એક બાજુથી ફૂંકાતા પવનના તોફાન કરતાં આ ઘૂમરડી લેતા પવનનું તોફાન ભયંકર હોય છે. આ તોફાનમાં કોઈ પણ જગ્યાએ વધારેમાં વધારે સલામતી હોય તો તે તોફાનના ચક્રની બરાબર વચ્ચેના ભાગમાં.

રોબુર આવાં તોફાનોનો ભોમિયો હતો. મોટે ભાગે તો તે આવાં તોફાનો વખતે પોતાના વિમાનને એ તોફાનો-ની હદથી ખૂબ ઊંચે ચડાવીને બચાવી લેતો, પણ અત્યારે આ તોફાન ધાર્યા કરતાં ઘણી વધારે ઝડપથી આગળ ધપી રહ્યું હતું. એક મિનિટ પણ ગુમાવાય તેમ ન હતું. મોજાંઓ જોરથી ઊછળવા લાગ્યાં હતાં અને તેના શિખર પરથી પસાર થતો પવન પાણીને રૂપેરી ધૂળની જેમ ઉડાડતો હતો.

રોબુરે વિમાનને ઊંચે લેવાનો હુકમ કરી દીધો. ઊંચે ચડાવવા માટેના પંખાઓને તેની પૂરી ગતિમાં મૂકી દીધા. વિમાન ત્રાંસું થઈને ઊંચે ચડવા લાગ્યું. થોડી વારે બૅરૅામિટરનો પારો વધારે નીચે ઊતરી ગયો ને વિમાન એકાએક ચડતું અટકી ગયું. પવનનો પ્રવાહ એટલો જોરદાર હતો કે તે વિમાનને આગળ વધવા દે તેમ ન હતું. પંખા ખૂબ જોરથી ફરતા હતા, પણ વિમાન ત્યાંનું ત્યાં હતું. રોબુરે પરિસ્થિતિની ગંભીરતા સમજી લીધી. પણ તે ગભરાય તેમ ન હતો. વિમાનના ૭૪ પંખાઓ એકી સાથે કામે લાગી ગયા હતા. પણ ઝંઝાવાતમાંથી નીકળવું મુશ્કેલ હતું. જો આ ને આ સ્થિતિ લાંબો વખત રહી ને તોફાનનું જોર ઘટવાને બદલે વધતું જ ગયું તો આ વિમાન ક્યાંનું ક્યાં ફેંકાઈ જશે, તે કહેવાય તેમ ન હતું. રોબુર અને ટોમ એકબીજાનું બોલ્યું સાંભળી શકે તેમ ન હતું. બંને જણ નિશાનીઓથી વાતચીત કરતા હતા. બંને અમેરિકનો વિમાનના કઠેડાને વળગીને આ ભયંકર યુદ્ધ નિહાળી રહ્યા હતા. તેમને ખાતરી હતી કે વિમાનનો વિનાશ હવે ઘડીવેંતમાં છે.

વિમાન તોફાનની હદની ઉપર ચડવામાં નિષ્ફળ નીવડ્યું, પણ તોફાનના ચકરાવાની વચ્ચોવચ જો પહોંચી શકે તો પ્રમાણમાં ત્યાં સલામતી મળી રહે. પણ આ તોફાનની ઘૂમરડીમાં થઈને વચ્ચોવચ પહોંચવું કેમ ?

પણ એકાએક વાદળું ફાટ્યું અને ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. સવારના બે વાગ્યા હતા. જોતજોતામાં

ચક્રાકારે ફરતું આ વાવાઝોડું સીધી દિશામાં વાવા લાગ્યું. સામાન્ય રીતે આવા વંટોળ પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં ભાગ્યે જ જોવા મળે છે. તે ૩૦° ઉત્તર અક્ષાંશથી ૨૦° દક્ષિણ અક્ષાંશ સુધીના પ્રદેશોમાં આવા વંટોળા ઉત્પન્ન થાય છે અને આ અસાધારણ રીતે ઉત્પન્ન થયેલ વંટોળ તરત જ પ્રચંડવેગી પવનના રૂપમાં ફેરવાઈ ગયું, પણ તેનો વેગ કેટલો ભયંકર હતો! કલાકના ૩૦૦ માઈલની તેની ઝડપ હતી!

આલ્બટ્રોસ એક આપત્તિમાંથી ઊગરીને બીજી આપત્તિમાં સપડાયું. પવને તેને પોતાની આગળ ઉપાડયું. આમાંથી નીચે કે ઊંચે જવું કે છટકવું તેને માટે શકય ન હતું. દક્ષિણ તરફ ફૂંકાતા આ પવનના પ્રવાહમાં તે તીરની જેમ ઊડયે જતું હતું. પવન તેને જ્યાં દોરી જાય ત્યાં ગયા વિના છૂટકો ન હતો. પણ ટોમટર્નર સુકાન હાથમાં રાખીને બેઠો હતો. વિમાન પોતાની સમતુલા ન ગુમાવે તે ખૂબ જ જરૂરનું હતું. નહિ તો વિમાન ક્યારે ઊંધું વળી જાય તે કહેવાય તેમ નહોતું. દક્ષિણ ધ્રુવની લાંબી રાત્રિના દિવસો બેસી ચૂકયા હતા. સૂર્ય સાવ ફિક્કો ઘડીક ક્ષિતિજ પર દેખાઈને પાછો અદૃશ્ય થઈ ગયો. વિમાન જેમ જેમ દક્ષિણ તરફ આગળ ને આગળ વધતું ગયું તેમ તેમ રાત્રિ લંબાતી ચાલી. વિમાન અને તોફાન દક્ષિણ ધ્રુવબિંદુ તરફ દોડતાં હતાં. વિમાન જેમ જેમ દક્ષિણ ધ્રુવ તરફ આગળ વધતું હતું, તેમ તેમ તેનું વજન ઘટતું જતું હતું. ધ્રુવબિંદુઓ પર કોઈ પણ વસ્તુનું

વજન વિષુવવૃત્ત પરના તેના વજન કરતાં ઘટી જ જાય છે એ પૃથ્વીમાં રહેલ આકર્ષણોનો સિદ્ધાંત છે. એટલે વિમાન પોતાના ઉપરના પંખા સાવ બંધ કરી દે તોપણ તેને વાંધો આવે તેમ ન હતું. વળી તોફાનનું જોર એટલું સખત વધી ગયું કે રોબુરે પોતાના આગળ વધવા માટેના પંખાઓની ઝડપ પણ ઘટાડી દીધી; જેથી પવનની ગતિમાં તે પોતાની ગતિને લીધે માર ખાઈ ન બેસે. ફક્ત સુકાન પરનો કાબૂ રાખવા પૂરતા જ તેણે પંખાઓ ચાલુ રાખ્યા હતા.

છતાં પરિસ્થિતિ ખરેખર ભયંકર હતી. રોબુરે પોતાના મગજ પરનો કાબૂ અત્યારે ખરેખરો બતાવ્યો. વિમાન પરના તેના કાબૂ કરતાં આ કોઈ રીતે ઊતરે તેમ ન હતો. તેના સાથીઓ પણ જાણે રોબુરના જ હાથપગ ને ઈંદ્રિયો હોય તેમ વર્તતા હતા. પ્રુડન્ટ તથા ફિલ ઈવાન્સ તૂતક પરથી ઘડીભર ખસતા ન હતા. વિમાનના તૂતક પર પવન જરા પણ લાગતો ન હતો. વિમાન પવનની આગળ ચાલતું હોવાથી પવન સાથે તેનું ઘર્ષણ બિલકુલ થતું ન હતું.

દિવસ દરમિયાન તોફાન ઘટવાનાં કોઈ ચિહ્નો નજરે પડતાં ન હતાં. વિમાન પશ્ચિમ ૭૫° રેખાંશ નજીકથી દક્ષિણ ધ્રુવ વર્તુળમાં પ્રવેશ્યું. દક્ષિણ ધ્રુવનું વર્તુળ તે કાળે તદ્દન અભેદ્ય હતું અને દુર્ભાગ્યે અત્યારે ધ્રુવરાત્રિ શરૂ થઈ ગઈ હતી. એમાં વળી આ દિવસો કૃષ્ણપક્ષના હતા, એટલે ચંદ્રનો પ્રકાશ પણ નહોતો. એટલે આ રહસ્યથી

ભરેલ પૃથ્વીનો સૌથી વધારે રહસ્યમય ભાગ તેમની નીચે જ હોવા છતાં તેઓને તેનું દર્શન થઈ શકે તેમ પણ ન હતું.

વિમાન પર ધાર્યા કરતાં ઠંડી ઓછી હતી. કદાચ આ પવન ગરમ કટિબંધમાંથી થોડીક ગરમી પણ સાથે લેતો આવ્યો હોય—જેમ ગલ્ફ સ્ટ્રીમ ગરમ પાણી લઈને વહે છે તેમ.

મધ્યરાત્રિ પછી આકાશમાં ક્ષિતિજ પર એકાએક નવીન પ્રકારનો અપૂર્વ અદ્‌ભુત એવો પ્રકાશ છવાઈ ગયો. ધ્રુવ પ્રદેશમાં જ જોઈ શકાતો આ આકાશી પ્રકાશ એ કુદરતનું એક અનુપમ દૃશ્ય છે. આવો પ્રકાશ કઈ રીતે ક્યાંથી આવે છે તે હજુ પૂરેપૂરું સમજવામાં આવ્યું નથી. પણ ઉત્તરધ્રુવ–પ્રવાસીઓ આ દૃશ્ય જોઈને પોતાની જાતને ધન્ય માને છે. આ પ્રકાશ ઠેઠ માથા પરના સ્વસ્તિકના નક્ષત્ર સુધી દેખાતો હતો.

જેમ જેમ ધ્રુવબિંદુ પાસે આવતું ગયું તેમ તેમ હોકાયંત્ર વધારે ને વધારે ખળભળી ઊઠ્યું. વિમાન કઈ દિશામાં જાય છે, તે હોકાયંત્રથી કહેવું મુશ્કેલ થઈ પડ્યું. ધ્રુવનો કાંટો ઊંચો ને ઊંચો થવા લાગ્યો. આખરે જ્યારે કાંટો સાવ ઊભો થઈ ગયો ત્યારે રોબુરે ટોમટર્નરને કહ્યું: 'દક્ષિણધ્રુવ.' જેમ્સ રોસે શોધી કાઢેલ પૃથ્વીનો ચુંબક ધ્રુવ બરાબર નીચે હતો. નીચે સફેદ ચાદર જેવો બરફ છવાયેલો દેખાયો, ત્યાં તો ધ્રુવપ્રકાશ પણ દેખાતો બંધ થઈ ગયો. વળી અંધકાર પણ છવાઈ ગયો.

૯

તોફાન હજુ શમ્યું ન હતું અને વિમાન એટલી ઝડપથી ઊડયે જતું હતું કે જો રસ્તામાં એકાદ પર્વત આડે આવ્યો તો વિમાનના ભુક્કા બોલી જાય તેમ હતું. વળી આ તોફાનમાં વિમાનની આગળ વધવાની અને ઊંચે ચડવાની એમ બંને શક્તિઓ પણ ઘટી ગઈ હતી. વિમાન-નાં યંત્રો કંઈક ખોખરાં થવા લાગ્યાં હતાં. આ પ્રદેશમાં પર્વતો હોવાનો પણ પૂરો સંભવ હતો જ. અને હતું પણ એવું જ.

પવન દક્ષિણ ધ્રુવબિંદુ વટાવ્યા પછી પૂર્વ દિશા તરફ વળ્યો. દૂર ક્ષિતિજમાં બે ખૂબ પ્રકાશિત એવાં ટપકાંઓ દેખાવા લાગ્યાં. આ બંને રોસ પર્વતમાળામાં આવેલ જ્વાળામુખીઓ 'એરબુઝ' અને 'ટેરર' હતા. આલ્બે-ટ્રોસ આ જ્વાળામુખીની જ્વાળાઓમાં પતંગિયાની જેમ ભરખાઈ જશે ?

વિમાન પરના એકેએકના હૃદયમાં ભારે ઘમસાણ મચી રહ્યું હતું. એરબુઝ જ્વાળામુખી તો પોતાના મોઢા-માંથી મોટી મોટી જ્વાળાઓ કાઢી રહ્યો હતો. જાણે કે આ વિમાનને ભરખી જવા લાંબી લાલઘૂમ જીભ લંબાવી રહ્યો હતો. વિમાનમાંના દરેકના મુખ ઉપર અને આખા વિમાન પર આ જ્વાળામુખીનો પ્રકાશ ચમકવા લાગ્યો. દરેક જણ આ અગ્નિના મુખમાં હોમાઈ જવાની ક્ષણની વાટ જોયા વિના નિશ્ચેષ્ટપણે ઊભો હતો.

પણ જે પવનનું તોફાન આ વિમાનને અહીં ઢસડી લાવ્યું હતું, તે જ તોફાને આ વિમાનને મૃત્યુના મુખમાં-

થી બચાવ્યું. પવનના સપાટાએ જ્વાળામુખીની જ્વાળાઓને ઊંચે ચડવા ન દીધી, એટલું જ નહિ પણ તેને ઢાળી દીધી અને વિમાન તે જ્વાળાઓ ઉપર થઈને પસાર થઈ ગયું. વિમાનનો આ બચાવ ખરેખર ચમત્કારિક જ હતો. જોતજોતામાં આ જ્વાળામુખીઓ ક્ષિતિજમાં એક-એ નાનકડી મશાલોની જેમ દેખાઈને અદૃશ્ય થઈ ગયા. વિમાન પૂર્વ તરફ આગળ ને આગળ વધતું ધ્રુવ વર્તુળમાંથી નીકળી ૧૭૫° પશ્ચિમ રેખાંશ પર નીકળ્યું. તોફાન હવે કાંઈક શાંત પડવા લાગ્યું ને વિમાન પાછું રોબુરના કાબૂમાં આવવા લાગ્યું. વળી વિમાન પાછું દિવસની દુનિયામાં આવ્યું. ધ્રુવરાત્રિનો અંધકાર પાછળ રહી ગયો. સવારના આઠ વાગ્યે દિવસ ઊગ્યો !

ધ્રુવ પ્રદેશ પર થઈને તોફાને રોબુરના વિમાનને ઠેઠ પાસિફિકમાં હાંકી કાઢ્યું હતું. ૧૯ કલાકમાં બધું થઈને ૪૩૫૦ માઈલ જેટલું અંતર આ વિમાને કાપી નાખ્યું હતું. કલાકના ૮૦ માઈલની ઝડપે આ પવને વિમાનને તગડ્યું.

આકાશમાં હજુ વાદળાં છવાયેલાં હતાં. વળી હોકાયંત્ર-ચુંબક ધ્રુવ પાસેનાં તોફાનોને કારણે બગડી ગયું હતું, એટલે રોબુરને ખબર નહોતી પડતી કે અત્યારે તેનું વિમાન કયા પ્રદેશના આકાશમાં ઊડી રહ્યું છે.

અધૂરામાં પૂરું વિમાનના આગળ-પાછળના બંને પંખાઓ પણ આ તોફાનમાં બગડી ગયા હતા. આ નુકસાન લાંબો વખત ચલાવી લેવાય તેમ ન હતું. બંને

તો હમણાં ને હમણાં જ આ સમારકામ પતાવી નાખવું જરૂરનું હતું.

૨૭મી જુલાઈએ સવારના ઉત્તર તરફ જમીનની કોર દેખાઈ. થોડી વારમાં જ તે બેટ છે એમ ખાતરી થઈ. પણ તે પાસિફિકના કયા ભાગમાં આવેલો અને કયો બેટ છે, તે કહી શકાય તેમ નહોતું; તોપણ રોબુરે આ બેટ પાસે અટકવાનું નક્કી કર્યું, અને દિવસ દરમિયાન પંખાનું સમારકામ કરીને સાંજે ઊપડી જવાનું તેણે મનથી ઠરાવ્યું.

પવન સાવ પડી ગયો હતો, અને એને લીધે રોબુરને પોતાના વિમાનને બેટ પર કઈ જગ્યાએ લંગર નાખવું તે નક્કી કરવામાં બહુ અનુકૂળતા મળી ગઈ.

લગભગ ૧૫૦ ફૂટ લાંબું દોરડું છેડે લોઢાનું મોટું લંગર બાંધીને વિમાનમાંથી નીચે ઉતારવામાં આવ્યું. વિમાન બેટના કિનારા પાસે આવ્યું એટલે લંગર કિનારા પરના બે ખડકોની વચ્ચે બરાબર ભરાઈ ગયું. વિમાનના ઊંચેના પંખા ચાલુ કરી દેવામાં આવ્યા, એટલે લંગરનું દોરડું પાછું ખેંચાઈને ટટ્ટાર થઈ ગયું ને વિમાન આકાશમાં અદ્ધર સ્થિર થઈ ગયું.

ફિલાડેલ્ફિયા છોડ્યા પછી પહેલી જ વાર વિમાને જમીન સાથે સીધો સંબંધ જોડ્યો.

પ્રકરણ પંદરમું

મુક્તિ

આ ટાપુ ક્યા અક્ષાંશ–રેખાંશ પર છે, તે કહેવું અત્યારે મુશ્કેલ હતું. પણ તે પાસિફિક કે હિંદી મહાસાગરના કોઈ ભાગમાં હશે, એવી અટકળ હતી. ૧૫૦ ફૂટ ઊંચા વિમાન પરથી આ બેટ પંદર માઈલના ઘેરાવામાં હોય એમ લાગતું હતું. બેટની નૈઋત્ય બાજુ પર એક જુદો પડી ગયેલો નાનકડો બેટ હતો. બેટને કાંઠે ભરતીઓટનાં એંધાણ પડેલાં દેખાતાં ન હતાં અને એટલે જ રોબુરને થયું કે આ પાસિફિક મહાસાગરનો જ કોઈ ભાગ હોવો જોઈએ, કારણકે પાસિફિકમાં ભરતી-ઓટ લગભગ ન પારખી શકાય એવાં હોય છે. વાયવ્ય ભાગમાં એક નાનકડી ૨૮૦ ફૂટ જેટલી ઊંચી ટેકરી પણ હતી. બેટ પર કોઈ વસ્તીનું ચિહ્ન દેખાતું ન હતું. કદાચ આ વિચિત્ર પક્ષી જોઈને ત્યાંના લોકો ખડકોની અંદર કે ગુફાઓમાં સંતાઈ પણ ગયા હોય.

વિમાન જે જગ્યાએ લાંગરેલું હતું ત્યાંથી થોડે જ દૂર એક નાનકડું વહેળિયું ખડકોમાંથી નીકળીને સમુદ્રમાં વહેતું હતું. એનાથી આગળ નાનકડી ખીણમાં ઝાડપાન નજરે પડતાં હતાં. ઝાડીમાં અને ખડકો પર પક્ષીઓ કિલ-

કિલાટ કરી રહ્યાં હતાં. આ બેટ ખૂબ ઊંચીનીચી જમીન-વાળો હતો.

રોબુરે સૂર્ય ઊગ્યા પછી આ પ્રદેશના અક્ષાંશ–રેખાંશ માપી લેવાનું કામ નક્કી કર્યું હતું. તે દરમિયાન પંખા-ઓનું સમારકામ તેણે શરૂ કરી દીધું. વિમાનને ઊંચે ચડાવવા માટેના બધા પંખાઓ એવી ને એવી સારી હાલતમાં હતા. ફક્ત આગળ–પાછળના પંખાઓને જ સારી રીતે નુકસાન થયું હતું. તે પંખાના પાંખડાઓ તથા તેમની ધરીઓમાં નુકસાન થયું હતું. રોબુરની દેખ-રેખ નીચે પહેલાં આગળના પંખાનું સમારકામ શરૂ થઈ ગયું. કદાચ અહીંથી તરત જ ઊપડવું પડે તો આગળનો પંખો ચાલુ થઈ ગયો હોય તો મુશ્કેલી ન આવે.

દરમિયાન પ્રુડન્ટકાકા અને તેનો સાથી તૂતક પર એક બાજુ ખૂણામાં બેઠા હતા. ફ્રાઇકોલિનને પહેલી જ વાર કંઈક ધરપત થઈ. જમીનને ૧૫૦ ફૂટ જ નીચે તેણે કેટલે વખતે જોઈ !

ક્ષિતિજ પર સૂર્ય દેખાતાં જ રોબુરે સેક્સ્ટન્ટની મદદથી આ જગ્યાના રેખાંશ અને અક્ષાંશ માપી લીધા. આ જગ્યા ૧૭૬° ૧૦″ પશ્ચિમ રેખાંશ અને ૪૪° ૨૫″ દક્ષિણ અક્ષાંશ પર આવેલી હતી. નકશામાં આ જગ્યાએ ચેધામ બેટો અને ખાસ તો તે બેટ સમુદ્રમાંનો પિટબેટ આવેલો હતો.

‘ આપણે ધાર્યા કરતાં નજીક છીએ. ’ રોબુરે ટોમ-ટર્નરને કહ્યું.

'કેટલેક દૂર છીએ ?'

''ક્ષ' બેટથી ૪૯ અંશ દક્ષિણે એટલે કે ૨૮૦૦ માઈલ દક્ષિણે છીએ.'

'તો તો પછી આપણે પંખા અને તેટલી ઝડપથી તૈયાર કરી નાખવા જોઈએ. કદાચ પવન આપણી સામો થાય, અને આપણી પાસેનો કોઠાર ખૂટવા આવ્યો છે. આપણે જેમ બને તેમ જલદી ક્ષ બેટ પર પહોંચી જવું જોઈએ.'

'સાચું છે ! આપણે આજ રાત પહેલાં તો રસ્તે પડી જવું છે. એક આગલો પંખો ચાલુ થઈ જાય તોય વાંધો નથી. પાછલો તો રસ્તામાં ચાલુ વિમાને કરી લેશું.'

'આપણે આ બે અમેરિકન ગૃહસ્થો અને તેમના નોકરનું શું કરશું ?'

'કેમ ! આપણા ક્ષ બેટ પરની વસ્તીમાં આ ત્રણ માણસોનો ધરખમ વધારો થશે.'

ક્ષ બેટ આ વિશાળ પાસિફિકમાં અનેક ગુપ્ત-અપ્રગટ એવા બેટોમાંનો એક બેટ હતો. રેણુરે તેનું નામ 'ક્ષ' પાડ્યું હતું. બીજગણિતના દાખલાની જેમ ક્ષનો જવાબ જગતના ભૂગોળશાસ્ત્રીઓએ હજુ તો ખોળવાનો બાકી હતો. જગતના દરિયાઈ વાહન-વ્યવહારથી સાવ એક બાજુ આ બેટ આવેલો હતો. રેણુરે આ બેટ પર પોતાની નાનકડી પણ સમૃદ્ધ વસાહત જમાવેલી હતી, અને તેનું વિમાન પ્રવાસથી થાકયા પછી અહીં જ આરામ કરવા આવતું. આ બેટમાં રેણુરે અઢળક દ્રવ્ય ખરચીને મોટું વિમાનનું કારખાનું તથા ઘર બાંધ્યાં હતાં.

અહીં તે પોતાના વિમાનનું સમારકામ કરતો, અને જરૂર પડચે નવું પણ તૈયાર કરી શકે તેટલી અનુકૂળતા તેમાં હતી. આ બેટ ઉપર ૫૦ માણુસોની વસ્તી હતી. આ રોબુરના વફાદાર સાથીઓ હતા. તેમને માટે જોઈતી તમામ સાધનસામગ્રી રોબુરે ત્યાં એકઠી કરી હતી.

રોબુરનો ઇરાદો અમેરિકાના દક્ષિણ છેડેથી સીધા આ ક્ષ બેટ પર આવવાનો હતો. પવનના તોફાને તેને દક્ષિણ ધ્રુવ પર ચકરાવો ખવરાવીને ઠેઠ ચેથામ બેટો પાસે હાંકી કાઢયો. જોકે ક્ષ બેટના રેખાંશ પર જ તે હતો પણ બંને વચ્ચે હજુ ૨૮૦૦ માઈલનું અંતર હતું. જો વિમાનના પંખા બગડ્યા ન હોત તો રોબુરે અટકયા વગર વિમાનને પોતાના મથકે વખતસર પહોંચાડી દીધું હોત. હજુ પણ જો પવન સાનુકૂળ નીવડે તો ત્રણ કે ચાર દિવસમાં તે ક્ષ બેટ પર પહોંચી જાય તેમ હતું.

રોબુરે પંખાનું સમારકામ બને તેટલી ઝડપે ઉપાડયું હતું. વિમાનના તમામ ખલાસીઓ આ કામે લાગી ગયા હતા.

જે વખતે વિમાનીઓ બધા વિમાનના આગળના ભાગમાં સમારકામમાં લાગ્યા હતા, તે વખતે પેલા બંને અમેરિકન મિત્રો બહુ જ અગત્યની વાટાઘાટમાં પડ્યા હતા.

'ફિલ ઈવાન્સ! તમે પણ મારી જેમ જિંદગીનો ભોગ આપવાનો નિર્ણય કર્યો છે?'

'હા, તમારી જેમ જ.'

'હવે રોબુર પાસેથી સ્વાતંત્ર્યની આશા રાખવી નકામી છે.'

'બરાબર છે.'

'તો મેં મારા મનમાં નિશ્ચય કરી લીધો છે. આજે રાતે આલ્બેટ્રોસ પોતાનો પ્રવાસ શરૂ કરે, પણ કાલની સવાર આ વિમાન નહિ દેખે એની મને ખાતરી છે. આપણે રાત દરમિયાન આ વિમાનના ભુક્કેભુક્કા બોલાવી દેશું.'

બંને મિત્રો વિમાનની સાથે પોતાના પણ ભુક્કા બોલી જશે, એ બાબતમાં બિલકુલ બેદરકાર હતા.

'તમારે જોઈતાં બધાં સાધનો મળી ગયાં છે?' ફિલ ઈવાન્સે પૂછ્યું.

'હા, રાતે રોબુર અને તેના સાથીઓ વિમાનને સહીસલામત રાખવાની ઉપાધિમાં પડ્યા હતા, ત્યારે હું છાનોમાનો દારૂગોળાના ભંડકમાં પેસીને ડાઈનેમાઈટ કારતૂસ ઉપાડી લાવ્યો છું.'

'તો પછી આપણે તેને ગોઠવી દઈએ.' ફિલ ઈવાન્સની અધીરાઈ વધી પડી.

'ના, રાત સુધી આપણે ખમવું પડશે. રાતે આપણે કેબીનમાં જઈશું. ત્યાં તમને કંઈક નવું જોવા મળશે.'

સાંજે છ વાગ્યે બંને જણાએ રોજની જેમ ભોજન લીધું, ને આઠ વાગ્યે પોતાની ઓરડીમાં ગયા.

રોબુર કે તેના સાથીમાંથી કોઈને આ બંને અમેરિકનોની તરફ ધ્યાન આપવાની નવરાશ ન હતી.

પ્રુડન્ટની યોજના આ જાતની હતી:

આગળ કહ્યા પ્રમાણે તેણે દારૂગોળાના ભંડકિયામાં ઘૂસીને થોડોક દારૂ તથા એક સુરંગ ચોરી આણી હતી

અને પોતાની ઓરડીમાં સંતાડી મૂકી હતી. આ સુરંગ બશેરની ડાઈનેમાઈટવાળી હતી. તે આખા વિમાનના ભુક્કા ઉડાડી શકે તેટલી જોરદાર હતી.

પણ આ સુરંગ કયારે ચાંપવી અને કઈ રીતે ચાંપવી એ સવાલ ઘણો વધારે અગત્યનો હતો. સુરંગ વહેલી પણ ન ફૂટવી જોઈએ ને મોડી પણ ન ફૂટવી જોઈએ. પ્રુડન્ટની યોજના એવી હતી કે તેણે એ સુરંગની વાટ સાથે દારૂની એક ખૂબ લાંબી વાટ તૈયાર કરીને જોડી દેવી. આ વાટનો છેડો સળગતો સળગતો સુરંગ સુધી આવે ત્યાં સુધીમાં થોડોક વખત જાય એ જરૂરનું હતું. એટલે રાતે વિમાનનો આગળનો પંખો ચાલુ થાય ને વિમાન ઊપડે તો પછી મધરાતે આ સુરંગનો કાકડો સળગાવવો જેથી વહેલી સવારે ત્રણ કે ચાર વાગે ઊડતા વિમાને આ સુરંગ ફાટે ને હવામાં જ તેના ભુક્કા ઊડી જાય. ફિલ ઈવાન્સે પ્રુડન્ટની આ યોજનાને વધાવી લીધી. તેઓને આ વિમાનની સાથે પોતાનો વિનાશ પણ નક્કી જ છે, તેની ખાતરી હોવા છતાં રોબુર તરફના તિરસ્કારે તેમને મરણિયા બનાવી દીધા હતા.

આ બાજુ રોબુર અને તેના સાથીઓએ આખો દિવસ સતત મહેનત કરી, તોપણ આગળના પંખાનું સમારકામ પૂરું થઈ શકયું નહિ. વિમાનીઓ પણ થાકીને લોથપોથ થઈ ગયા હતા. આખરે રોબુર તથા ટોમટર્નરે નક્કી કર્યું કે વિમાનને રાત અહીં જ રોકવું ને વહેલી સવારે પાછું સમારકામ શરૂ કરીને દિવસના ભાગમાં બને

તેટલા વહેલા અહીંથી નીકળી જવું. રાતે થોડો આરામ કર્યા પછી પણ કામ ચાલુ રાખવા માટે રોાબુરના સાથીઓએ તૈયારી તો બતાવી, પણ વીજળીના પ્રકાશમાં આ કામ થઈ શકે તેમ નહોતું, એટલે એ વિચાર માંડી વાળવો પડ્યો.

પેલા બંને અમેરિકનોને આ છેલ્લી ઘડીએ થયેલ નિર્ણયની ખબર નહોતી. તેઓ તો પોતાની ઓરડીમાં ક્યારના ય દિવસ છતાં ભરાઈને બેસી ગયા હતા. વિમાન દસ વાગ્યે ઉપાડવાનું નક્કી થયેલું હતું, એટલે દસ વાગ્યે તેમણે ધારી લીધું કે વિમાન ઊપડી ચૂક્યું છે. પવન ધીમે ધીમે વધવા તો લાગ્યો જ હતો એટલે તેના અવાજમાં વિમાન પર કંઈ હિલચાલ થાય છે કે કેમ તેની ખબર પડે એમ ન હતું.

બાર વાગ્યા! પ્રુડન્ટની યોજના પ્રમાણે સુરંગ સાથે જોડેલ દારૂનો લાંબો કાકડો સળગાવવાનો વખત થઈ ગયો હતો. પ્રુડન્ટે આ કાકડો મિનિટમાં કેટલા ઈંચ બળે છે તેનો અખતરો આગળથી જ કરી લીધો હતો, અને એ જ પ્રમાણે અમુક લંબાઈનો કાકડો તેણે સુરંગ સાથે જોડેલો હતો અને તે ગણતરી પ્રમાણે ૧૨ વાગ્યે ચાંપેલ કાકડો બરાબર ત્રણ કલાકે સુરંગને લાગશે અને ધડાકો થશે એવી ગણતરી હતી.

સુરંગ બરાબર એક નાનકડા કોઠલામાં ગોઠવીને મૂકી હતી, અને તેની લાંબી વાટ પણ એ કોઠલામાં જ મૂકી હતી. જેથી તે સળગવા માંડે ત્યારે બહાર તેનો

ધુમાડો ન જાય. વાટને દીવાસળી ચાંપીને બંને જણુ ઓરડીની બહાર નીકળી ગયા.

બહાર આવીને જોયું તો તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. સુકાની વિમાનના સુકાનની જગ્યાએ જોવામાં ન આંવ્યો. ફિલ ઈવાન્સે કઠેડા પરથી નમીને નીચે જોયું.

'આલ્બેટ્રોસ હજુ ત્યાંનું ત્યાં જ છે.' તેણે ધીમેથી કહ્યું. 'કામ પત્યું લાગતું નથી. વિમાનને તેમણે ઉપાડ્યું જ નથી.'

'તો હવે ? આપણે કાકડો ઓલવી નાખીએ.' પ્રુડન્ટે નિરાશ થઈને કહ્યું.

'ના, ના. આપણે નાસી છૂટીએ.'

'નાસી છૂટીએ ? કેમ કરીને ?'

'લંગરના દોરડાથી ૫૦ વાર ઊતરવું કંઈ મુશ્કેલ નથી.' ફિલ ઈવાન્સે કહ્યું.

'એમાં કંઈ મુશ્કેલ નથી. આવો લાગ જવા દઈએ એટલા આપણે મૂરખ નથી.'

બંનેએ તરત જ નિર્ણય કરી લીધો અને તરત જ ઓરડીમાં જઈને જેટલો લઈ શકાય અને ઊંચકીને ઊતરી શકાય તેટલો સામાન તેમણે લઈ લીધો. આ ઉજ્જડ ટાપુ પર કોણ જાણે ક્યાં સુધી રહેવું પડશે. પછી ઓરડીનું બારણું બંધ કરીને તેઓ લપાતા લપાતા બહાર આવીને ફ્રાઇકોલિનને સાથે લઈ લેવા તેની ઓરડી તરફ ગયા.

અંધારું ખૂબ હતું. નૈઋત્યમાંથી વાદળાંઓ પણ ઘેરાવા લાગ્યાં હતાં. લંગરે બાંધેલું વિમાન ઝૂલી રહ્યું

હતું, અને લંગરનું દોરડું વધારે ને વધારે ખેંચાતું જતું હતું. આખા વિમાન પર સંપૂર્ણ શાંતિ હતી. એક બત્તી પણ બળતી ન હતી, તેમ કોઈ માણસની હિલચાલ પણ જણાતી ન હતી. વિમાન આખું નિંદ્રામાં પડ્યું હતું.

બંને જણ ક્રાઈકોલિનની ઓરડી નજીક આવ્યા. ત્યાં ફિલ ઈવાન્સે પ્રુડન્ટનો હાથ પકડ્યો. 'કોઈ જાગતું લાગે છે.'

થોડે દૂર અંધારામાં કોઈ માણસ જેવું હલતું દેખાયું. તે ચોકીદાર હશે! પણ વિમાનના બધા માણસો થાકીને લોથપોથ થઈ જવાને કારણે ચોકીના વારાવાળો પણ અરધો ઊંઘમાં હોય એમ લાગતું હતું. તોપણ કદાચ તે ઝબકીને જાગે ને આ બંનેને જોઈ જાય તો બૂમ પાડી ઊઠે ને તેમની આખી યોજના ધૂળ મળી જાય એમ હતું.

નજીકમાં જ થોડાંએક દોરડાં ને સમારકામ માટે વપરાતાં લૂગડાંના ગાભા પડ્યા હતા. એક ક્ષણ વારમાં તો આ બંને જણાએ તે માણસને મોઢે ડૂચો નાખી દીધો, ને તેની ઊંઘ ઊડે તે પહેલાં તો તેના હાથપગ બંધાઈ ગયા હતા, ને તેને કઠેડાના સળિયા સાથે જકડીને બાંધી દેવામાં આવ્યો. બિલકુલ અવાજ કર્યા વગર આ વિધિ બંને જણાએ પતાવી દીધો. પછી ત્યાંથી દબાતે પગે ક્રાઈકોલિનની ઓરડીએ પહોંચ્યા. ઓરડી ઉઘાડી હતી. વિમાનનો રસોઇયો જોરથી નસકોરાં ઘસડી રહ્યો હતો. પણ તેની પડખેની ક્રાઈકોલિનની પથારી ખાલી હતી!

'હવે?'

'ક્યાં ગયો હશે?' બંને જણ વિમાનના આગલા

ભાગમાં ગયા. કદાચ એ ઊંઘણશી ક્યાંક ખૂણામાં પડ્યો રહ્યો હોય! ત્યાં પણ તે ન હતો!

'આપણી પહેલાં તો તે નહિ ઊતરી ગયો હોય ને?' પ્રુડન્ટે કહ્યું.

'ગમે તેમ હોય; અત્યારે વાટ જોવાની નથી. આપણે તો ઊતરી જ જઈએ.' ફિલ ઈવાન્સે કહ્યું.

બંને જણ એક પછી એક લંગરના દોરડા પર થઈને વાંદરાની જેમ લટકતા લટકતા નીચે ઊતરી ગયા. થોડી વારે તેમના પગ કઠણ જમીનને અડ્યા.

કેટલા વખતે કઠણ ભૂમિનો સ્પર્શ તેમને થયો? તેમના દિલમાં આનંદનો પાર ન હતો. ભાવિમાં બીજું ગમે તે હોય પણ ધરતીમાતાનો ખોળો છે, તેનું ભાન માણસને માટે પૂરતું છે. નીચે ઊતરીને તેઓ પેલા નાનકડા ઝરણા તરફ ઊપડ્યા. એકાએક તેમની સામે કોઈ માણસની આકૃતિ ખડકમાંથી નીકળી હોય એમ બંને ભડક્યા! પણ બીજી જ ક્ષણે તે આકૃતિ ઓળખાઈ ગઈ. તે ફ્રાઈકોલિન હતો.

હબસીએ આ પહેલી જ વાર પોતાની સ્વતંત્ર બુદ્ધિનો ઉપયોગ કર્યો હતો. અત્યારે એકબીજાને ધન્યવાદ આપવાનો કે આનંદ વ્યક્ત કરવાનો વખત નહોતો. તેઓ કાંઠા પરના ખડકથી દૂર ગયા પછી થોડી વાર અટક્યા. 'પ્રુડન્ટકાકા!' ફિલ ઈવાન્સે કહ્યું. 'આપણે તો સલામત નીકળી ગયા. પેલો રોબુર અને તેના સાથીઓ અને તેનું વિમાન એક એક ક્ષણે ભયંકર મૃત્યુની ખાઈમાં ધકેલાઈ રહ્યાં છે. તે માણસ આવા મૃત્યુને જ પાત્ર છે. પણ હજુ ય

તે આપણને ફરી કેદી ન બનાવવાનું વચન આપે........'

'એવા માણસના વચન પર વિશ્વાસ....' પ્રુડન્ટ પોતાનું વાક્ય પૂરું કરે તે પહેલાં તો વિમાન પર હોહા થવા લાગી. કેદીઓ નાસી ગયાની વાતની જાણ થઈ ગઈ.

'દોડો દોડો,' પેલા કઠોડા સાથે બાંધેલા ચોકીદારે ગમે તે રીતે મોઢા પરનો ડૂચો ફગાવીને બૂમરાણ મચાવી મૂક્યું. વિમાનના તૂતક પર માણસોની દોડાદોડીના અવાજો થવા લાગ્યા. વીજળીના દીવાઓ વિમાનની ચારે બાજુ પ્રકાશ ફેંકવા લાગ્યા.

'એ રહ્યા.' ટોમટર્નરે બૂમ પાડી. વીજળીની એક મોટી બત્તીના પ્રકાશમાં આ ત્રણે ય જણ દેખાઈ ગયા.

બીજી જ ક્ષણે રોબુરે હુકમ કર્યો. વિમાનના ઉપરના પંખાઓ ધીમા પાડી દેવામાં આવ્યા. વિમાન નીચે ઊતરવા લાગ્યું. એજ વખતે ફિલ ઈવાન્સે બૂમ મારી: 'રોબુર! અમને આ બેટ પર છૂટા મૂકી દેવાનું વચન આપો છો?'

'બિલકુલ નહિ.' રોબુરે સામેથી ગર્જના કરી, અને તેની સાથે જ બંદૂકની એક ગોળી છૂટી ને તે ફિલ ઈવાન્સના ખભાને ચરકો કરીને ચાલી ગઈ.

'બદમાશ!' પ્રુડન્ટ બોલી ઊઠ્યો.

હાથમાં ચપ્પુ લઈને તે લંગરવાળા ખડક તરફ દોડ્યો. વિમાન માંડ ૫૦ ફૂટ જેટલે જ ઊંચે રહ્યું હતું.

પ્રુડન્ટે ચપ્પુથી લંગરનું દોરડું ઝડપથી કાપી નાખ્યું. પવન જોરથી વાવા લાગ્યો હતો. દોરડું કપાતાંની સાથે જ પવનના જોરે ખેંચાઈને વિમાન દૂર નીકળી ગયું.

પ્રકરણ સોળમું

આલ્બેટ્રોસનો અંત

મધરાત વીતી ગઈ હતી.

ઘાયલ ફિલ ઈવાન્સને ઊંચકીને પ્રુડન્ટ તથા ફ્રાઈકોલિન ખડકની ઓથે સંતાઈ ગયા. વિમાનમાંથી બીજા ચારપાંચ ગોળીબાર થયા હતા. પણ તે બધા ખાલી ગયા હતા. વિમાન દેખાતું બંધ થઈ ગયું.

વિમાન લંગરમાંથી છૂટયું કે તરત જ રોબુરે સમય-સૂચકતા વાપરીને વિમાનને ઉપર ચડાવવા માટેના પંખા જોરથી ચાલુ કરી દીધા અને જોતજોતામાં વિમાન ૩૦૦૦ ફૂટ ઊંચું ચડાવ્યું.

બંને અમેરિકનોના છટકી જવાના બનાવ પર રોબુરે પોતાના સાથી સાથે મંત્રણા કરી. જ્યારે ચોકી પરના માણસે મોઢા પરનો ડૂચો ફગાવીને બૂમ મારી ત્યારે ટોમ-ટર્નર તરત જ ત્યાં દોડી આવ્યો. તરત જ તપાસ શરૂ થઈ. ત્રણે ય કેદીઓ નાસી છૂટયા હતા. રોબુરના ક્રોધનો પાર ન રહ્યો. પોતે આટલા વખત સુધી કાળજીપૂર્વક સાચવેલું રહસ્ય હવે જગત પાસે ઉઘાડું થઈ જશે! તેનો ક્રોધ જરાક શાંત થતાં તેણે કહ્યું: 'કંઈ વાંધો નહિ.

તે ભલે છટકયા, પણ એ નાનકડા ટાપુ પરથી તેઓ છટકી શકવાના નથી. હું એક બે દિવસમાં જ મારું વિમાન લઈને પાછો આવીને તેમને પકડી લઈશ અને પછી....'

ત્રણે ય ભાગી છૂટેલા કેદીઓને પણ પોતાની સલામતી વિષે જરા ય ખાતરી ન હતી. પણ આ રોબુર પાછો આવીને તેમને પકડી શકશે નહિ, એ વિષે તો તેમને ખાતરી જ હતી. કારણકે તે વિમાનનો અને તેમાંના બધા માણસોના મૃત્યુના ઘડિયાળનો કાંટો બારના ટકોરાથી હવે બહુ દૂર ન હતો.

પણ આ બાબતમાં રોબુર કે તેના સાથીઓને કંઈ વહેમ હતો જ નહિ. તેમના મનમાં તો આ વિમાનને કાલે સવારે સમું કરીને પાછું આ નાસી છૂટેલાઓને પકડવા માટેની તાલાવેલી લાગેલી હતી.

પણ અત્યારે તો તેમની સ્થિતિ લાચાર હતી. વિમાન પવનના ઝપાટામાં નિરાધારની જેમ ઊડતું હતું. તેનો આગલો પંખો જેમ બને તેમ જલદી ચાલુ કરી જ દેવો જોઈએ. રોબુરે કહ્યું: 'આપણે વીજળીની બત્તીઓ ચાલુ કરી દો. રાતોરાત સમારકામ કરી નાખવું પડશે.'

વિમાનીઓ પાછા ઉત્સાહમાં આવી ગયા હતા. ભાગી છૂટેલા કેદીઓએ જાણે કે તેમનું અપમાન કર્યું હતું. તેનો બદલો લેવાનું ઝનૂન તેમનામાં વ્યાપ્યું હતું.

એક બાજુથી પંખાનું સમારકામ ધમધોકાર ચાલવા લાગ્યું. બીજી બાજુથી રોબુરે વિમાનને સમુદ્રની સપાટીની વધારે નજીક લાવવા માટે ધીરે ધીરે નીચે ઉતારવા

માંડ્યું. પવનનું જોર નીચેના ભાગમાં ઓછું હોવાનો સંભવ હતો. વિમાન સમુદ્રની સપાટીથી ૩૦૦ ફૂટ જેટલે ઊંચે આવીને અટકી ગયું.

પણ દુર્ભાગ્યે પવન પહેલાં કરતાં વધારે જોરથી વાવા લાગ્યો અને વિમાન ચેથામ બેટોથી વધારે ને વધારે દૂર જવા લાગ્યું. એટલે રોબુરે એથી ઊલટો જ માર્ગ લીધો. તેણે વિમાનને એકદમ ઊંચે–લગભગ ૧૦,૦૦૦ ફૂટ ઊંચે ઉપાડ્યું. ત્યાં વિમાનની ઘસડાવાની ગતિ પ્રમાણમાં ધીમી હતી. રોબુરને પેલા અમેરિકનો ભાગી જશે એની ચિંતા ન હતી. કદાચ ત્યાંના મળ વતનીઓ એ લોકોને રક્ષણ આપે તોપણ રોબુર તે બધા જંગલીઓને પણ પહોંચી વળવાની શક્તિ ધરાવતો હતો. એ કેદીઓ પાછા પકડાશે, અને તેમને ક્ષ બેટમાં કાયમનો વસવાટ કરવાનો રહેશે, એ વિષે રોબુરના મનમાં શંકા ન હતી.

લગભગ એક વાગે આગળના પંખાનું સમારકામ પૂરું થઈ ગયું. હવે તેને આગળના ભાગમાં જડવાનું કામ બાકી હતું. આમાં ઓછામાં ઓછો કલાક જાય તેમ હતું.

રોબુર પોતે બાંયો ચડાવીને કામે લાગી ગયો હતો. તેના મગજમાં એક જ વિચાર ઘૂમ્યા કરતો હતો: કોઈ પણ રીતે પોતાનું આ રહસ્ય જગત જાણી ન જાય, તે માટે બધું ય કરી છૂટવું. તે કેદીઓને ફરી પકડ્યા સિવાય તેમને જંપ વળે તેમ ન હતું. તેનું વિમાન, તેનો ક્ષ બેટ, તેના સાથીઓ, એ તેની પોતાની જ દુનિયા હતી. આ દુનિયામાં કોઈનો પ્રવેશ સાંખી તે શકે તેમ નહોતું.

તે કામમાં મશગૂલ હતો, ત્યાં ટોમટર્નર આવ્યો.

'મને લાગે છે કે પવન પડી જવાની તૈયારીમાં છે, ને તેની દિશા પણ બદલાવા લાગી છે.'

'એરોમિટર શું કહે છે?'

'તે સ્થિર થઈ ગયું છે. આપણી નીચે વાદળાં ઘેરાતાં હોય એમ લાગે છે.' ટોમે કહ્યું.

'હા, લાગે છે એવું. સમુદ્રમાં વરસાદ પડવો શરૂ થઈ જશે, પણ આપણે એ વાદળાંથી ઊંચે ને ઊંચે હોઈશું તો આપણને તે નડશે નહિ.'

'વરસાદ પડશે તો ય બહુ ભારે હોય એમ લાગતું નથી. વાદળાં એવાં ગાઢ જામેલાં નથી. અને હવે નીચે પવન પણ પડી ગયો લાગે છે.'

'તોપણ આપણે હજુ વિમાનને ઊંચે જ રાખીએ. પહેલાં આપણે વિમાનને પંખો જડી દઈએ. તે પછી આપણે જેમ કરવું હશે તેમ કરી શકીશું.'

પંખો તેની જગ્યાએ જડાઈ ગયો, ને ચાલુ પણ કરી દેવામાં આવ્યો, અને વિમાને જોતજોતામાં ગતિ પકડી. તે નૈઋત્યમાં ચેથામ બેટો તરફ ઊડવા લાગ્યું.

'આપણે લગભગ કલાકમાં તો તે બેટો પાસે પહોંચી જઈશું, કેમ?'

'હાજી, આપણે સેકંડના ૪૦ ફૂટની ઝડપે ઊડી રહ્યા છીએ. આપણે લગભગ ૩ાા વાગે તો ત્યાં પહોંચી જઈશું.'

'બસ, તો વાંધો નહિ. આપણે અંધારામાં જ ત્યાં

પહોંચી જઈએ. એ લોકો પણ અત્યારે નિરાંતે ઊંઘતા હશે. આપણે આટલા જલદી પાછા આવી જશું, એવી તેમને ક્યાંથી ખબર હોય ? પણ આપણે જરૂર પડશે. તો એકાદ બે દિવસ તે બેટ પર રોકાશું પણ ખરા.'

'હાજી, જો ત્યાંના વતની લોકો સાથે લડવું પડે તો મોડું પણ થાય.'

રોબુર વિમાન ચાલુ થયેલું જોઈને વધારે ઉત્સાહ-માં આવી ગયો હતો. તેણે પોતાના સાથીઓને કહ્યું: 'મિત્રો, હજુ આપણું અરધું કામ બાકી છે. પાછળનો પંખો પણ આપણે જેમ બને તેમ જલદી ચાલુ કરી દેવો છે.'

પણ ચાલુ વિમાને પાછલા પંખાને કાઢીને તૂતક પર લાવવો, એ કામ ખૂબ મુશ્કેલ હતું અને એને માટે થઈને વિમાનને થોભાવવું એ પણ બની શકે તેમ ન હતું. એટલે ચાલતે વિમાને પાછળનો પંખો કેમ કાઢવો, તેના વિચારમાં રોબુર તથા ટોમટર્નર વિમાનના પાછળ-ના ભાગમાં જતા હતા, ત્યાં પ્રુડન્ટ તથા ફિલ ઈવાન્સને રહેવા માટે આપેલી ઓરડીમાંથી કંઈક વાસ આવતી હોય એમ લાગ્યું

'કંઈક વાસ આવે છે, નહિ ?' રોબુરે કહ્યું.

'હાજી, આ ઓરડીમાંથી જ આવે છે.'

'તે બદમાશોએ કંઈ કર્યું તો નહિ હોય ને ?'

ટોમટર્નરે બારણાં ઉઘાડી નાખ્યાં.

'બારણાં ઊઘડતી વખતે એકાએક એક ભયંકર

ખડાકો થયો. આખું વિમાન ધ્રૂજી ઊઠ્યું. ઓરડીઓનાં પાટિયે પાટિયાં ખડની જેમ હવામાં ઊડવા લાગ્યાં. દીવાઓ ઓલવાઈ ગયા. વીજળીનો પ્રવાહ બંધ થઈ ગયો. ઉપરના પંખાઓમાંથી ઘણાખરા વાંકા વળી ગયા અને તૂટી ગયા. આગળના ભાગના કેટલાક હજુ ચાલુ હતા.

એ જ ક્ષણે વિમાનનો પાછળનો ભાગ વિમાનથી જુદો પડીને હવામાં અદૃશ્ય થઈ ગયો અને બાકીના પંખાઓ પણ ફરતા બંધ પડી ગયા અને જીવલેણ ઘાથી ઘવાયેલું આલ્બેટ્રોસ તરફડિયાં મારતું વેગથી નીચે ઊતરવા માંડ્યું.

દસ હજાર ફૂટ ઊંચેથી આ આઠ માણસો તૂટેલા અવશેષને વળગીને મૃત્યુના મુખમાં ધસી રહ્યા હતા.

રોબુરે જોયું કે હજુ આગળનો પંખો કામ કરી રહ્યો છે. તેને ચલાવનાર ઍન્જિન વિમાનના આગળના ભાગમાં હતું અને તે ઍન્જિન સ્વતંત્ર રીતે કામ કરી રહ્યું હતું. રોબુર તરત જ ત્યાં દોડ્યો અને તેણે લીવર પકડીને પંખાની ગતિને હતી તેનાથી ઊલટી દિશામાં ચાલુ કરી દીધી. વિમાન પડતી વખતે તેનો આગળનો પંખો ઉપર આવી ગયો હતો. તે પંખાને બરાબર કાબૂમાં લઈને રોબુરે તેને વિમાનને ઊંચે ચડાવનાર પંખા તરીકે ઉપયોગમાં લઈ લીધો. પણ મરવા પડેલા ઍન્જિનમાં શક્તિ કેટલી હોય? તોપણ રોબુરના આ પ્રયત્નથી વિમાનની નીચે ઊતરવાની ગતિ કંઈક ધીમી થઈ. ગુરુત્વાકર્ષણના નિયમને વશ થઈને નીચે ઊતરતા વિમાનને

થોડુંક કાબૂમાં રાખી શકાયું. વિમાન ધીમી ગતિએ પણ નીચે જ ઊતરી રહ્યું હતું. મોત નક્કી હતું. પણ તે પહેલાં સમુદ્ર સાથે યુદ્ધ કરવા માટેનો અવકાશ હવે હતો. જો વિમાન ખૂબ વેગથી નીચે ઊતર્યું હોત તો વિમાનના બધા માણસો શ્વાસ ન લઈ શકવાને કારણે અંદર જ મરી ગયા હોત. ધડાકો થયા પછી દોઢ કે બે મિનિટમાં જ વિમાન સમુદ્રનાં મોજાંમાં અદૃશ્ય થઈ ગયું.

પ્રકરણ સત્તરમું

વેલ્ડન સંસ્થાની બીજી બેઠક

વેલ્ડન સંસ્થાની ૧૩મી જૂને ભરાયેલ ઐતિહાસિક અને ચકચાર મચાવનારી બેઠકની વાત આપણે જાણીએ છીએ. બીજે દિવસે સવારે આખા ફિલાડેલ્ફિયા-માં સૌને મોઢે એક જ વાત સંભળાતી હતી: રોબુર જેવું વિચિત્ર નામ ધારણ કરીને કોઈ વિચિત્ર માણસ આખી સંસ્થાનું, ફિલાડેલ્ફિયાનું, અરે આખા અમેરિકાનું અપમાન કરીને ચાલ્યો ગયો, અને તેનો પત્તો કોઈ રીતે ન લાગ્યો.

પણ આ ખળભળાટ હજુ થોડો હતો. જ્યારે બીજે દિવસે આ મહાન સંસ્થાના પ્રમુખ અને મહામંત્રી ગુમ થઈ ગયા છે અને તેનો નોકર પણ ક્યાં ય દેખાતો નથી, એવા ખબર ફેલાયા ત્યારે તો આખા ફિલાડેલ્ફિયામાં હાહાકાર મચી ગયો. શહેરમાં તેમના કોઈ પણ મિત્રને ખબર ન હતી. બેચાર જણાએ આગલે દિવસે તે બંનેને શહેર બહાર ફરવા જવાને રસ્તે ચર્ચામાં રાતાપીળા થઈને ચાલતા જતા જોયા હતા. તેમની ચર્ચા એટલી બધી ગરમ હોવાનો સંભવ નહોતો, કે તે ગરમીમાં બંને એકબીજા-ને જાનનું નુકસાન કરી બેસે. એટલે ગઈકાલના બનાવ સાથે આ બનાવને જરૂર સંબંધ છે એમ બધાંને લાગ્યું.

પોલીસોએ તરત જ આ કેસની તપાસનું કામ રાબેતા મુજબ હાથ ધર્યું. અઠવાડિયા સુધી ફિલાડેલ્ફિયા અને તેની આસપાસના બધા ભાગોમાં ખૂબ તપાસ કરવા છતાં આ વિષે કોઈ પણ જાતની માહિતી મળી શકી નહિ.

છાપાવાળાઓએ પણ આ બાબતને ઉપાડી લીધી. જાહેરખબરો, લેખો, ફોટાઓ દ્વારા આ બનાવને તેમણે અમેરિકાનો એક સળગતો પ્રશ્ન બનાવી મૂક્યો. હબસી લોકો તરફથી નીકળતા એક પત્રે ફ્રાઈકોલિનનો એક છેલ્લામાં છેલ્લો ફોટો પણ પ્રસિદ્ધ કર્યો. વેલ્ડન સંસ્થાએ આ ત્રણે ય જણને શોધી આપનારને માટે ૫૦૦૦ ડૉલરનું ઇનામ જાહેર કર્યું.

પણ એ ત્રણેયનો કંઈ પત્તો ન લાગ્યો. વેલ્ડન સંસ્થાની આખી કાર્યવાહીને ભારે મોટો ફટકો લાગ્યો. જે બલૂન તે મંડળ તરફથી તૈયાર થઈ રહ્યું હતું, તેમાં પંખો આગળ મૂકવો કે પાછળ તે બાબતની ચર્ચા અધૂરી રહી ગઈ તે રહી જ ગઈ. અને જ્યાં સુધી આ સભાના પ્રમુખ અને મંત્રી ન આવે ત્યાં સુધીમાં આ બાબતમાં આગળ કંઈ ન થઈ શકે. કારણકે તેઓ ગુજરી ગયા છે, એમ ખાતરી ન થાય અથવા તો તેમનાં રાજીનામાં ન આવે ત્યાં સુધી નવી ચૂંટણી પણ બંધારણીય રીતે ન થઈ શકે. એટલે રાહ જોવી અને સભાને અચોક્કસ મુદત સુધી મુલતવી રાખવી એ જ ઉપાય હતો.

દરમિયાનમાં વળી પેલા વિચિત્ર આકાશી પદાર્થની વાત હવામાં વહેતી થઈ ગઈ હતી. પણ એ આકાશી

પદાર્થને અને સંસ્થાની સભાના બનાવને કાંઈ પણ સંબંધ હોય એમ કોઈને સ્વપ્નામાં પણ માનવામાં આવે એમ ન હતું. ફક્ત એટલું બન્યું કે હવે દુનિયાના જુદા જુદા સ્થળેથી એ વિચિત્ર આકાશી પદાર્થની વધારે અને એકસરખી વિગતો મળવા લાગી. કેનેડામાંથી, ચીનમાંથી, હિંદમાંથી એકસરખા અહેવાલો મળવા લાગ્યા. કેનેડામાં-થી તો ત્યાંની એક રેલ્વેનાં ઉતારુઓએ બહુ જ નજીકથી આ આકાશી પદાર્થને જોયો હતો. અને એના આકારના વિગતવાર વર્ણન ઉપરથી વિદ્વાન વૈજ્ઞાનિકોએ લગભગ સર્વાનુમતે નક્કી કર્યું હતું કે આ આકાશી પદાર્થ કોઈ એક પ્રકારનું યંત્ર હોવું જોઈએ અને તે હવા કરતાં ભારે હોવું જોઈએ. પણ તે યંત્ર કેવા પ્રકારનું હશે, તેની અટકળ કોઈ કરી શકતું ન હતું. આટલી ઝડપથી અને સહેલાઈથી દુનિયા પર બધે ફરી વળનાર યંત્ર કોઈ અસાધારણ શક્તિ ધરાવતું હોવું જોઈએ, એ વિષે કોઈને શંકા ન હતી. કોઈ કોઈ વૈજ્ઞાનિકને એવી શંકા થવા લાગી હતી કે કદાચ ફિલાડેલ્ફિયામાં આવી ચડેલ અને વેલ્ડન સંસ્થાની સભામાં ધમાલ મચાવી ગયેલ રોબુરે આવા યંત્રની વાત ત્યાં કરી હતી, તે જ આ યંત્ર નહિ હોય!

એકાએક ૧૩મી જુલાઈએ ફ્રાંસમાંથી એક તાર-સંદેશો આવ્યો. પ્રુડન્ટે અને ફિલ ઈવાન્સે છીંકણીની ડાબલીમાં નાંખેલ ચિઠ્ઠીનું લખાણ તાર દ્વારા અમેરિકામાં મોકલવામાં આવ્યું. પેલું આકાશી યંત્ર, રોબુર અને વેલ્ડન સંસ્થાના પ્રમુખ તથા મંત્રીનું ભેદી ગુમ થવું આ ત્રણે ય

વસ્તુનો પૂર્વાપર સંબંધ આખરે મળ્યો ! એ યંત્રનું ખરું રહસ્ય તો તે બંને અમેરિકનો આવીને કહે ત્યારે સમજાય ! પણ એ હવે પાછા આવશે ખરા ? આવી શકશે ખરા ?

ફિલાડેલ્ફિયામાં અને અમેરિકામાં વળી પાછી ચકચાર મચી ગઈ. વેલ્ડન સંસ્થાના તમામ સભ્યોને તેમના પ્રમુખનો આ સંદેશો પહોંચાડવામાં આવ્યો. ઘણાએ આ વાત માની જ નહિ. કેટલાકે આ રોબુરે કરેલી ક્રૂર મશ્કરી જ માની. આલ્બેટ્રોસ ફિલાડેલ્ફિયાના મેદાનમાં આવે ને કોઈને ખબર ન પડે એ કેમ બની શકે ? પણ જ્યારે ફ્રાંસથી આવતી સ્ટીમરમાં પ્રમુખની છીંકણીની ડાબલી આવી પહોંચી ત્યારે તે પ્રખ્યાત ડાબલીએ ઘણાની શંકાઓ તોડી નાખી. તેના મિત્રોએ આ ડાબલીને તરત જ ઓળખી કાઢી અને ડાબલીમાંની ચિઠ્ઠીમાંના અક્ષરો પણ બધાએ ઓળખી કાઢ્યા.

પણ આનાથી તો ઊલટી સૌની મૂંઝવણ વધી. આકાશમાં કેદ થઈને ઊડી રહેલા મિત્રોને બચાવવા માટે શું થઈ શકે ? અમેરિકન લોકો આવી લાચારીના અનુભવથી વધારે ને વધારે અકળાવા લાગ્યા. બધાએ હવે આ બે અમેરિકન બહાદુરોને જીવતા પાછા ફરેલા જોવાની આશા મૂકી દીધી.

પેલા આકાશી યંત્રના ખબર પણ હવે આવતા બંધ થઈ ગયા. જુલાઈ ગયો, ઑગસ્ટ ગયો. કોઈ પણ જાતના ખબર દુનિયાના કોઈ છેડેથી આવતા ન હતા. શું એ કેદ પકડનાર રોબુરનો પણ વિનાશ થઈ ગયો હશે ?

સપ્ટેમ્બર લગભગ પૂરો થવા આવ્યો. ૨૮મીએ એકાએક ફિલાડેલ્ફિયામાં અફવા ઊડી કે પ્રુડન્ટ તથા ફિલ ઈવાન્સ બપોરે પ્રુડન્ટના ઘરના આંગણામાં પેસતા દેખાયા. આવી અફવા માનવા લોકો તૈયાર ન હતા.

પણ અફવા સાચી ઠરી. પ્રુડન્ટના ઘરમાં આ બેય મિત્રોને કેટલાએ નજરોનજર જોયા. વેલ્ડન સંસ્થાના કેટલાક સભ્યો ત્યાં દોડી આવ્યા. ખરેખર એ બંને મૂર્તિઓ–હાલતીચાલતી મૂર્તિઓ–તેમની જ હતી. મિત્રોએ હર્ષનાદથી શેરી આખીને ગજવી મૂકી.

એ જ સાંજે વેલ્ડન સંસ્થાની અઠવાડિક સભા ટૂંકી નોટિસથી બોલાવવામાં આવી. સંસ્થાના તમામ સભ્યો ખૂબ વહેલા આવીને પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા હતા. દરેક જણ પ્રમુખ તથા મંત્રીના ૩ મહિના દરમિયાનનાં પરાક્રમોનો વૃત્તાંત સાંભળવા ખૂબ આતુર હતા. શહેરના ઘણા લોકો સભાગૃહની બહાર એકઠા મળ્યા હતા.

વખત થતાં જ પ્રમુખ તથા મંત્રી સભાગૃહમાં આવી ગયા ને પોતાના કાયમના સ્થાને બેસી ગયા. અત્યાર સુધીમાં તેઓએ પોતાના આ ભેદી પ્રવાસ સંબંધે કોઈની પાસે એક અક્ષર પણ ઉચ્ચાર્યો ન હતો. વાચાળ એવો ફ્રાઈકોલિન પણ આજે સાવ મૂગો હતો.

પણ આ બંને અમેરિકનો પાછા કઈ રીતે પોતાને ઘેર પહોંચ્યા તે આપણે જાણી લઈએ.

૨૭મી ને ૨૮મી જુલાઈએ શું બન્યું તે આપણે જાણીએ છીએ. આલ્બેટ્રોસ દેખાતું બંધ થયા પછી તેમને

કોઈ જાતનો ડર ન હતો. ફિલ ઈવાન્સને બહુ વાગ્યું ન હતું. સવાર પડતાં જ ત્રણે ય જણ કિનારાથી અંદરના ભાગમાં આગળ વધ્યા. અંદરના ભાગમાં તેમને ત્યાંના મૂળ વતનીઓનું એક ટોળું મળ્યું. આ વતનીઓ રાત આખી પેલા ભયંકર પ્રકાશિત એવા આકાશી ભૂતથી થરથર ધ્રૂજતા જાગતા બેસી રહ્યા હતા. આ ત્રણ જણને જોઈને તેઓ તેમને દેવ માનીને તેમનાથી ડરતા દૂર ઊભા રહ્યા. તેમનો ડર ઓછો થતાં તેઓએ પાસે આવીને તેમની આગતા–સ્વાગતા કરી.

ધાર્યા પ્રમાણે જ પેલું વિમાન પાછું દેખાયું નહિ એટલે એના અંત વિષે હવે તેમને શંકા ન રહી. પણ હવે આ બેટ ઉપરથી કઈ રીતે બહાર નીકળવું એ સવાલ હતો. આ બાજુ કોઈ સ્ટીમરનો કે વેપારી વહાણોનો જળમાર્ગ ન હતો. ઘડીક તો તેમને થયું કે આ તો આકાશી કેદખાનામાંથી દરિયાઈ કેદખાનામાં આવી પડ્યા.

પણ સદ્ભાગ્યે ૩જી સપ્ટેમ્બરે કોઈ વહાણ મીઠું પાણી લેવા માટે આ બેટને કિનારે આવી પહોંચ્યું. આપણે જાણીએ છીએ કે પ્રુડન્ટ જ્યારે આ રોબુરના હાથમાં પકડાયો ત્યારે તેના ખિસ્સામાં ડોલરની નોટોનો થોકડો પડેલો જ હતો. બેટ પરના તેમના યજમાન વતનીઓનો આભાર માનીને આ ત્રણે ય જણ તે વહાણમાં બેસીને ઓકલેંડના બંદર પર પહોંચ્યા. ત્યાંથી તરત જ અમેરિકા જવા ઊપડતી ટપાલ-ની સ્ટીમરમાં તેઓ સાન્ફ્રાંસિસ્કો પહોંચ્યા. ત્યાંથી પહેલી ગાડી પકડીને તેઓ ૨૭મીએ ફિલાડેલ્ફિયા પહોંચ્યા.

પણ સભામાં બેઠેલા આ બંને જણના મોઢા પર કોઈ પણ જાતના ભાવો દેખાતા ન હતા. જાણે કે આ ત્રણ મહિના દરમિયાન કંઈ જ બન્યું ન હોય એમ બંને જણ બેઠા હતા.

પણ વેલ્ડન સંસ્થાના સભ્યોને મન તો આ બંને વીરત્વની મૂર્તિ સમા બની ગયા હતા. વારંવાર તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લેવામાં આવતા હતા. સભા શરૂ થવાનો સમય થતાં જ પ્રુડન્ટ ખુરશી પરથી ઊભો થયો. તાળીઓનો ગડગડાટ ફરી શરૂ થયો અને કેટલીક મિનિટો સુધી ચાલ્યો. ગડગડાટ શમ્યો એટલે તેણે ગંભીર અને સ્પષ્ટ અવાજે કહ્યું: 'સદ્‌ગૃહસ્થો! હવે સભાનું કામ શરૂ થાય છે.'

વળી તાળીઓની ગર્જના ઊઠી. પ્રમુખે ઉચ્ચારેલા શબ્દોમાં કંઈ નવીન નહોતું. પણ તે ઉચ્ચારનારની આસપાસ કંઈક નવું જ વાતાવરણ ગુંજતું હતું.

'આપણી છેલ્લી સભામાં જે ચર્ચા ચાલી રહી હતી, તે કોઈ કારણથી વચ્ચેથી મુલતવી રહી હતી ('સાંભળો, સાંભળો'ના પોકારો) બલૂનનો પંખો આગળ રાખવો કે પાછળ તે બાબતમાં આપણી સંસ્થાના સભ્યોમાં મતભેદ પડ્યો હતો. (આશ્ચર્ય!) અમે આ મતભેદનું નિવારણ થાય એવો એક ઉપાય શોધી કાઢ્યો છે. અમને લાગે છે કે તેનાથી બંને પક્ષોને પૂરતો સંતોષ થશે. આપણે બલૂનના ડબ્બાની બંને બાજુએ—આગળ ને પાછળ—બે પંખાઓ મૂકશું.' (શાંતિ!)

બસ પ્રમુખનું વક્તવ્ય પૂરું. આ ત્રણ માસ દરમિયાન શું થયું તે વિષે એક પણ શબ્દ નહિ! આલ્બેટ્રોસ, રોબુર, પ્રવાસ વગેરે વિષે કંઈ ઉલ્લેખ જ નહિ!

સભાના બધા સભ્યો આ વિષે જાણવા માટે ખૂબ આતુર હતા. પણ આ બંને જણ એ વિષય પરત્વે કંઈ પણ બોલવા તૈયાર ન હોય એમ તેમના મોઢાના ભાવો પરથી લાગતું હતું. એટલે કોઈએ તે પૂછવાની હિંમત ન કરી. બધાને લાગ્યું કે તે રહસ્ય પ્રગટ કરવાને માટે હજુ યોગ્ય સમય નહિ આવ્યો હોય.

થોડી વારે પ્રુડન્ટે આગળ ચલાવ્યું: 'ગૃહસ્થો! હવે આપણે એ આપણું બલૂન તૈયાર કરવાના કામમાં લાગી જવાનું રહે છે. આકાશ પર વિજય મેળવવાનું કામ આપણા એ બલૂન–'આગે બઢો'–નું છે. સભા હવે બરખાસ્ત થાય છે.'

પ્રકરણ અઢારમું

આલ્બેટ્રોસ કે તેનું ભૂત ?

આ પછી સાત મહિને—એપ્રિલની ૧૯મી તારીખે ફિલાડેલ્ફિયામાં વળી મોટા પાયા પર ધમાલ જામી હતી. તે દિવસોમાં કંઈ ચૂંટણીઓ કે જાહેર સભાઓ એવું કંઈ ન હતું. પણ વેલ્ડન સંસ્થાએ તૈયાર કરેલ 'આગે બઢો' બલૂન આજે પહેલી વાર આકાશમાં ઊડવાનું હતું.

આ બલૂનનો સંચાલક પ્રખ્યાત હેરી ડબલ્યુ. ટીંડર હતો. બલૂનના પ્રવાસીઓ તરીકેનો અધિકાર માત્ર બે જ જણને મળ્યો હતો. વેલ્ડન સંસ્થાના પ્રમુખ પ્રુડન્ટ તથા તેના મંત્રી ફિલ ઈવાન્સને. આ અધિકાર વિષે કોઈ શંકા કે વાંધો ઉઠાવે તેમ ન હતું.

આ સાત મહિના દરમિયાન આ બંને સાહસિકોએ પોતાનાં પરાક્રમો વિષે એક અક્ષર પણ ઉચ્ચાર્યો ન હતો. ફ્રાઈકોલિન પણ આ બાબતમાં પોતાના શેઠને પૂરેપૂરો વફાદાર રહ્યો હતો. તે બંનેની ઇચ્છા એવી હતી કે જે બલૂન તેઓ તૈયાર કરી રહ્યા છે તેની શક્તિ વિષે કોઈના મનમાં શંકા ઊભી થવી ન જોઈએ. તેઓ જાણતા હતા કે એ બલૂનથી પણ વધારે શક્તિશાળી એવું યંત્ર

હોઈ શકે છે, પણ તે યંત્રનું હવે અસ્તિત્વ નથી. તેને તો તેઓએ પાસિફિક મહાસાગરના ઊંડાણમાં હંમેશને માટે મોકલી દીધું હતું. હવે તો તેમનું બલૂન જ આ પૃથ્વીના આકાશ પર સામ્રાજ્ય ભોગવવાનું. રોબુર, તેનો ક્ષ બેટ, તેનું વિમાન એ બધું તો હવે કેવળ એક સ્વપ્ન જ માનવાનું, અને જગતને એવા સ્વપ્નની વાત શું કરવી ?

જે મહાન પ્રયોગની વાટ જોવાઈ રહી હતી, તેનો ઐતિહાસિક દિવસ આખરે આવી પહોંચ્યો. આકાશ-ઉડ્ડયનમાં છેલ્લામાં છેલ્લી જે શોધો થઈ હતી, તે બધીનો લાભ લઈને આ નવીન પ્રકારનું આકાશયંત્ર તૈયાર કરવામાં આવ્યું હતું. તેનો વિસ્તાર એવડો હતો કે આકાશમાં અત્યાર સુધીનાં ઉડ્ડયનોમાં સૌથી વધારે ઊંચાઈએ તે ઊડી શકે તેમ હતું. આકાશમાં ઘણા લાંબા કાળ સુધી ટકી શકે તેટલો તેનો દેહ હવા કે બહાર કોઈ દબાણથી અભેદ્ય હતો. પવન કે વરસાદના તોફાનમાં તેને કોઈ જાતની ઇજા ન થાય તેટલું મજબૂત તેનું કલેવર હતું. તેનું બળ એટલું બધું હતું કે તેના બીજા બધા સામાનની સાથે એક વીજળીની મોટર પણ તે ઊંચકી શકે તેમ હતું. આવી એક મોટર તેમાં મૂકવામાં આવી હતી. બલૂનના ડબ્બાની બંને બાજુએ બે પંખાઓ મૂકવામાં આવ્યા હતા. અને આ પંખાઓને વીજળીથી ચલાવી શકાય તેમ હતું.

બલૂનનો આકાર સાવ ગોળ હોવાને બદલે લંબગોળ હતો. આથી તે વધારે વિસ્તારમાં જગ્યા રોકી શકતું હતું. બલૂનના ગભારાની નીચે જોડેલું વ્યાસપીઠ કેબ્સ અને

રેનાર્ડના બલૂનના ડબ્બા જેવું હતું. તેના પર જરૂરી બધાં સાધનો, દોરડાંઓ, લંગર અને વીજળીની મોટર ચલાવવા માટેનાં સાધનો પણ ગોઠવેલાં હતાં. ડબ્બાની બંને બાજુએ એક એક પંખો તથા પાછળના ભાગમાં સુકાન પણ મૂકવામાં આવ્યું હતું. અલબત્ત વીજળીની મોટર બહુ જ નાની હતી અને આલ્બેટ્રોસના પ્રમાણમાં તો રમકડા જેવી ગણાય.

'આગેબઢો'ને ફિલાડેલ્ફિયા શહેરની બહાર આવેલ પ્રખ્યાત મેદાનમાં લાવવામાં આવ્યું હતું.

આ બલૂનની વિશાળ કોથળીમાં હાઈડ્રોજન વાયુ ભરવામાં આવ્યો હતો. બધા વાયુઓમાં એક હેલિયમ વાયુને બાદ કરતાં વજનમાં એ વાયુ સૌથી હલકામાં હલકો છે અને એટલે જ તેની ઊંચે ચડવાની શક્તિ સૌથી વધારે છે.

૨૯મી એપ્રિલે બધું તૈયાર થઈ ગયું. ૧૧ વાગ્યાથી બલૂનને તેની જગ્યાએ લાવીને ગોઠવી દેવામાં આવ્યું હતું. આજે હવા પણ ખૂબ સાનુકૂળ હતી. જાણે કે આજના પ્રયોગ માટે ખાસ હવાની ગોઠવણ થઈ હોય એમ લાગતું હતું. જોકે હવા જરા જોરથી ચાલતી હોત તો આ બલૂનની શક્તિ વિષેનો ખ્યાલ વધારે સારી રીતે આવી શકત. શાંત વાતાવરણમાં બલૂનને ધારી દિશામાં વાળી શકાય છે, એ વિષે તો અત્યાર સુધીમાં કોઈને શંકા ન હતી. ફક્ત પ્રતિકૂળ હવામાનમાં તે પંખાઓની મદદથી તેને ધારી દિશામાં લઈ જઈ શકાય કે કેમ, તેનો જ પ્રયોગ થવાનો હતો.

પણ આજે હવામાન શાંત હોવાથી એ પ્રયોગ બરાબર સફળ થવાની ધારણા ન હતી. તોપણ નક્કી કરેલ દિવસે કાર્યક્રમમાં ફેરફાર ન કરવાનો પ્રમુખનો નિશ્ચય હતો.

મેદાનમાં લોકોનાં ટોળેટોળાં જમા થયાં હતાં. આખા પેન્સીલ્વેનિયા રાજ્યમાંથી આગગાડીઓ ભરાઈ ભરાઈને અહીં ઠલવાવા લાગી હતી. શહેરની તમામ પ્રવૃત્તિઓ વેપાર–રોજગાર બધું બંધ હતું. એકઠાં થયેલાં લોકોમાં આતુરતા અને ઉશ્કેરાટનો પાર ન હતો. ધક્કાધક્કીને લીધે જાણે માણસોનાં મોજાં આવતાં જતાં હોય એમ લાગતું હતું. બલુનના ડબ્બાસાં જે વખતે વેલ્ડન સંસ્થાના પ્રમુખ તથા મંત્રી ચડ્યા અને ત્યાં અમેરિકાનો વાવટો ફરકાવ્યો, ત્યારે તાળીઓના ગડગડાટથી, ખુશાલીના હર્ષનાદોથી આકાશ ગાજી ઊઠ્યું. દૂર દૂરથી આવેલાં લોકો કેવળ બલૂન જોવા જ નહોતાં આવ્યાં, બલૂનના પ્રવાસીઓ અને આકાશની સફર કરી આવેલા બે વીર અમેરિકનોને જોવા માટે પણ આવ્યાં હતાં. આ વીરોની સાથેના યશમાં ભાગીદાર થવા માટે ફ્રાઈકોલિન હવે તૈયાર ન હતો. આલ્બેટ્રોસના વિમાનના પ્રવાસથી તે ધરાઈ ગયો હતો અને એને લીધે તેને જોઈતો યશ મળી ગયો હતો.

૧૧–૨૦ મિનિટે તોપ ફૂટવાનો અવાજ થયો. બલૂન ઊપડવા માટેની આ પહેલી ઘંટડી હતી. ૧૧–૨૫ મિનિટે બીજી તોપ ફૂટી. હવે પાંચ મિનિટની જ વાર હતી. જમીનથી લગભગ ૧૫૦ ફૂટ ઊંચે ‘ આગેમઢો ’ બલૂન દોરડાથી બાંધેલા વિરાટ હાથીની જેમ ડોલી રહ્યું હતું.

પ્રુડન્ટ તથા ફિલ ઈવાન્સ લોકોએ તેમને આપેલા માન બદલ વારંવાર નીચા નમીને અને ચારે ય બાજુ ફરીને આભારની લાગણી વ્યક્ત કરી રહ્યા હતા.

ત્રીજી તોપ ફૂટી.

'ચલાવો.' પ્રુડન્ટે ગર્જના કરીને હાથ આકાશ તરફ ઊંચો કર્યો અને 'આગેબઢો' ભવ્ય અદાથી ઊંચે ચડવા માંડ્યું.

દૃશ્ય ખરેખર ભવ્ય હતું ! કોઈ મહાન વાદળું જાણે આકાશમાં ધીરે ધીરે ચડી રહ્યું હતું. 'આગેબઢો' બરાબર સીધી લીટીમાં ઉપર ચડતું હતું. હવા કેટલી શાંત હતી, તેની આ સાબિતી હતી. બલૂન ૮૦૦ ફૂટની ઊંચાઈએ આવીને અટક્યું.

આટલે ઊંચે પહોંચ્યા પછી બલૂને અત્યાર સુધી-માં કોઈ પણ બલૂને નહિ બતાવેલી એવી નવી શક્તિનું પ્રદર્શન કરવા માંડ્યું. બલૂને પોતાની વીજળિક મોટરથી પંખા ચાલુ કર્યા અને તેના વડે તે પૂર્વ દિશામાં સેકંડ-ના ૧૨ વારની ઝડપે આગળ વધવા માંડ્યું. દરિયાઈ વ્હેલ માછલીની ઝડપ આટલી જ હોય છે. આ બલૂનનો આકાર પણ કંઈક વ્હેલ માછલીને મળતો જ હતો.

લોકોએ હર્ષનાદોથી વાતાવરણ ભરી મૂક્યું. આખરે બલૂનને પણ ધારી દિશામાં હાંકી શકાય છે, એ અમે-રિકનોએ સિદ્ધ કરી બતાવ્યું. બલૂનના કપ્તાને સુકાનને ફેરવીને ધારી દિશામાં વાંક વાળવા માંડ્યું. હવે તો

બીજા ગમે તેવા નાસ્તિકને પણ આ સિદ્ધાંતમાં માન્યા સિવાય છૂટકો ન હતો.

પણ હજુ આ સિદ્ધાંતના પ્રયોગમાં એક મોટી ખામી હતી. અત્યારે તો હવામાન તદ્દન શાંત હતું. પણ હવા જોરથી ચાલતી હોય ત્યારે આ પ્રયોગ થઈ શકે એમ છે કે કેમ તેની ખાતરી કરાવવાની બાકી હતી. પણ પવન ન હોય ત્યાં કરવું શું? બલૂનના કપ્તાને પવનને મેળવવા માટે બલૂનને હજુ વધારે ઊંચે લીધું. કદાચ વાતાવરણના ઉપલા થરમાં પવનનો પ્રવાહ મળી જાય.

બલૂન ધીમે ધીમે ઊંચે ને ઊંચે ચડતું ગયું અને નીચે ઊભેલા પ્રેક્ષકો તે નાના નાના થતા જતા બલૂન સામે તાકી રહ્યા હતા. તેમની આંખો તથા ડોક અકડાઈ ગઈ હતી. ૧૪૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી આ બલૂન ગયું પણ આજે હવામાન એટલું ચોકખું હતું કે આટલી ઊંચાઈએ પણ તે જોઈ શકાતું હતું.

બલૂન આ ઊંચાઈએ જઈને પણ તેના હેતુમાં સફળ ન થયું. પવન તો અહીં પણ સ્થિર જ હતો. બલૂનના કપ્તાને બલૂનને આગળ–પાછળ એમ જુદી જુદી રીતે હંકારી બતાવ્યું. પણ તેમાં બલૂનની ખરી પરીક્ષા નથી તેનું તેને ભાન હતું.

એકાએક પ્રેક્ષકોના ટોળામાંથી એક બૂમ સંભળાઈ અને તેની પાછળ હજારો બૂમો ઊઠી. હજારો નજરો ક્ષિતિજના એક ખૂણે મંડાઈ. હજારો હાથો તે બાજુ

ઊંચા થયા. ક્ષિતિજના વાયવ્ય ખૂણામાં આ આખા ટોળા-નું લક્ષ્ય કેંદ્રિત થયું.

તે દિશામાંથી કંઈક પદાર્થ ધીમે ધીમે પાસે ને પાસે આવતો જતો હતો અને કદમાં મોટો ને મોટો થતો જતો હતો.

આ કોઈ પક્ષી હશે ? કોઈ ખરતો તારો ધોળે દિવસે પ્રકાશી રહ્યો હશે ?

ગમે તે હોય પણ તે પદાર્થ અસાધારણ ગતિએ પાસે ને પાસે આવી રહ્યો હતો. પ્રેક્ષકોના દિલમાંથી ભય અને શંકાની ધ્રુજારી પસાર થઈ ગઈ.

આકાશમાં પોતાના પ્રયોગો કરી રહેલ બલૂનનું ધ્યાન પણ આ આકાશમાંથી ધસી આવતા પદાર્થ તરફ ગયું હોય એમ લાગતું હતું. થોડી જ વારમાં તે બલૂન પર પણ ભયની અસર થઈ હોય એમ લાગ્યું. તેણે પોતા-ની ઝડપ વધારીને પૂર્વ દિશામાં ભાગવા લાગ્યું.

પ્રેક્ષકો થોડા જ વખતમાં આખી પરિસ્થિતિ સમજી ગયાં હોય એમ ટોળામાંથી એક બૂમ ઊઠી ને જાણે તેનો જ પડઘો પડ્યો હોય તેમ આખું વાતાવરણ એ પ્રેક્ષકોની બૂમથી ગાજી ઊઠયું: ' આલ્બેટ્રોસ ! આલ્બેટ્રોસ.'

પ્રકરણ ઓગણીશમું

વિજય

એ આલ્બેટ્રોસ જ હતું. રોબુર ફરી અમેરિકાના આકાશમાં પોતાનું વિમાન લઈને આવી પહોંચ્યો હતો. કોઈ નાનકડા હોલાની પાછળ પડેલ ગરુડની જેમ તે વિમાન ' આગેબઢો 'ની પાછળ ધસી રહ્યું હતું.

હજુ તો નવ મહિના પહેલાં આ આલ્બેટ્રોસ વેલ્ડન સંસ્થાના બે પ્રમુખ કાર્યકર્તાઓની નજરોનજર ભાંગીને ભુક્કો થઈને દરિયામાં અદૃશ્ય થઈ ગયું હતું.

પણ રોબુર એમ મૃત્યુને સ્વીકારી લે તેવો નહોતો. તૂટી ગયેલ વિમાનના તૂતકનો કેટલોક ભાગ તરતો હતો. તેનો તરાપો બનાવીને રોબુર તથા તેના સાથીઓ તેને આધારે સમુદ્રમાં ટકી રહ્યા. તૂતક પરથી તેને પોતાની ઓરડીમાંથી પૈસા તથા બીજાં થોડાંએક સાધનો તથા રબ્બરની હોડી મળી આવ્યાં હતાં.

બીજે દિવસે તેમણે દૂરથી પસાર થતું એક વહાણ જોયું. વહાણે તેમને જોયા, અને તે બધાને વહાણ ઉપર ઊંચકી લીધા. રોબુરે બહુ પૂછપરછ પછી ફક્ત એટલું જ કહ્યું કે તેનું વહાણ દરિયાના તોફાનમાં તૂટી ગયું છે અને આટલા જ જણ બચી શકયા છે. વહાણ ઓસ્ટ્રેલિયાના

મેલબોર્ન બંદરે જતું હતું, એટલે શેબુર અને તેના સાથીઓને પણ ત્યાં જ ગયા વગર છૂટકો ન હતો. મેલબોર્ન બંદરે ઊતર્યા પછી શેબુરે પોતાની પાસેના પૈસાથી એક નાનકડું વહાણ ખરીદ્યું અને કોઈને ખબર ન પડે તેમ ક્ષ બેટ પર ઊપડી ગયો.

તેના મનમાં આ બધા વખત દરમિયાન એક જ વિચાર હતો, વેરનો બદલો લેવો. પણ તે બદલો લેવાનો ઉપાય એક જ હતો અને તે એ કે ફરી બીજું આલ્બે-ટ્રોસ તૈયાર કરવું. તે કામ તેને માટે મુશ્કેલ ન હતું; કારણકે તે તેને માટે નવું ન હતું. જોઈતાં સાધનો તેણે પોતાના વહાણ મારફતે ઓસ્ટ્રેલિયામાંથી ભેગાં કરી લીધાં ને આઠ મહિનામાં રાતદિવસ તેની પાછળ મહેનત કરીને બરાબર પહેલા વિમાનના જેવું જ અને તેના જેવડું જ વિમાન તેણે તૈયાર કરી લીધું.

એપ્રિલના પહેલા અઠવાડિયામાં તેણે ક્ષ બેટ ઉપર-થી પોતાના વિમાનને ઉપાડ્યું અને દુનિયા પર કોઈને ખબર ન પડે તે માટે તેણે વિમાનને ખૂબ ઊંચે વાદળાં-ઓમાં આકાશની ઉપર રાખીને જ હંકાર્યું. ઉત્તર અમે-રિકાના આકાશમાં તે આવ્યો ત્યારે જ તેણે વિમાનને નીચે ઉતાર્યું ને અમેરિકાનાં સંયુક્ત રાજ્યોના પશ્ચિમ બાજુના એકાંત પ્રદેશમાં તેણે વિમાનને સંતાડી રાખ્યું. ત્યાંથી તેણે વેલ્ડન સંસ્થાની તમામ પ્રવૃત્તિઓની ભાળ મેળવી અને તેમનું 'આગેબઢો' બલૂનનું કયે દિવસે વાસ્તુ થવાનું છે, તે તેણે જાણી લીધું. ૨૯મી એપ્રિલને

દિવસે લોકોના મોટા ટોળાની હાજરીમાં જ ' આલ્બેટ્રોસ '-ને ' આગેબઢો 'ની ભેટ થાય, એમ રોબુરે મનમાં નક્કી કર્યું. એમાં તેના મહેમાનો પ્રુડન્ટ તથા ફિલ ઈવાન્સને પણ પરચો બતાવી શકશે ને દુનિયાને ત્યાં પ્રત્યક્ષ કરાવી શકાશે કે આકાશમાં કોનું રાજ્ય થઈ શકે–બલૂનનું કે આવા યાંત્રિક વિમાનનું ?

અને બરાબર વખતસર રોબુર અંતરિક્ષનું પડ ચીરી-ને ' આગેબઢો 'ની તરફ ચીલ–ઝડપે બઢી રહ્યું.

પ્રેક્ષકોમાંથી કોઈને શંકા ન રહી. આ જ આલ્બેટ્રોસ !

' આગેબઢો ' પોતાની પૂર ઝડપે નાસી રહ્યું હતું. પણ થોડી જ વારમાં તેણે જોયું કે આગળ નાસવામાં સારું નથી, એટલે તેણે પોતાની ગતિ ઊંચે આકાશ તરફ કરી. થોડા જ વખતમાં બલૂન ૧૬૦૦૦ ફૂટની ઊંચાઈ-એ પહોંચ્યું.

પણ આલ્બેટ્રોસ બરાબર તેની પાછળ પડ્યું હતું. તે પણ બલૂનની પાછળ ઊંચે ને ઊંચે ચડવા લાગ્યું. તે બલૂન ફરતું મોટો ચકરાવો લઈને ગોળ ગોળ ફરવા લાગ્યું. ધીમે ધીમે તેનો ચકરાવો સાંકડો ને સાંકડો થતો ગયો અને કોઈ કરોળિયો પોતાના શિકાર ફરતો ચક્કર લેતો હોય તેમ તે વિમાન આ બલૂનને પોતાની જાળમાં સપડાવતું હતું. અલબત્ત બલૂન કદમાં તો વિમાન કરતાં ઘણું ય મોટું હતું પણ દરિયામાં મોટી મોટી વહેલ માછલીઓનો શિકાર કરનાર માછલીઓ કદમાં તેના કરતાં ક્યાં ય નાની હોય છે !

પ્રેક્ષકો એકી શ્વાસે ને એકી ટસે આ આકાશી શિકાર–ખેલ નિહાળી રહ્યા હતા. કોઈ માણસને ઊંચેથી પડતો જોઇને જે લાગણી થાય, તેવી લાગણી આ બધાં પ્રેક્ષકો અનુભવી રહ્યાં હતાં. હવાઈ યુદ્ધ સંડાવાની તૈયારી થઇ ગઈ હતી. આ યુદ્ધમાં બલૂનના પરિણામ વિષે લગભગ બધાને ખાતરી હતી. બલૂનનું આ પહેલું અને છેલ્લું જ ઉડ્ડયન બનશે ? આકાશમાં ફરકી રહેલો અમેરિકાનો વાવટો શું પાછો આકાશમાં જ લય પામી જશે ? પણ આલ્બેટ્રોસ આગળ આ બલૂન લાચાર હતું, એ સ્પષ્ટ જોઈ શકાતું હતું. બલૂને આ શિકારીના પંજામાંથી છટકવા હજુ પણ ઊંચે ચડવા માંડ્યું. બલૂનમાંનો સામાન એક પછી એક નીચે ફેંકીને તેનું વજન હલકું બનાવવા માંડ્યું. વળી બલૂન ૩૦૦૦ ફૂટ વધારે ઊંચાઈએ પહોંચ્યું. નીચે- થી હવે તે માત્ર એક કાળા ટપકા જેવું જ દેખાતું હતું. આલ્બેટ્રોસ તો હવે જોઈ પણ શકાતું ન હતું.

એકાએક પ્રેક્ષકોમાંથી ભયની ચિચિયારી નીકળી ગઈ. ટપકા જેવું દેખાતું બલૂન ધીમે ધીમે મોટું ને મોટું દેખાવા લાગ્યું. તે નીચે ને નીચે આવતું જતું હતું. તેની સાથે જ પેલું વિમાન પણ નીચે ઊતરતું હતું. બલૂન આ વખતે નીચે ઊતરતું ન હતું, પણ પડતું હતું, એ સ્પષ્ટ દેખાતું હતું. વાયુની કોથળી તૂટી ગઈ હતી અને વાયુ ઝડપથી નીકળવા લાગ્યો હતો. વાતાવરણના ઉપલા થરમાં આ વાયુ ખૂબ ફૂલી ગયો હતો, અને આખરે તેણે બલૂનને તોડી નાખ્યું. બલૂન પણ આ વાયુને લીધે

અરધું સળગી ઊઠયું હતું, અને સળગતી હાલતમાં જ તે નીચે ઊતરી રહ્યું હતું.

આલ્બેટ્રોસે પણ પોતાના થોડાક પંખાઓને બંધ કરી દીધા હતા, એટલે તે પણ તે બલૂનની જ ઝડપે નીચે આવી રહ્યું હતું.

બલૂન તથા વિમાન પૃથ્વીથી લગભગ ૪૦૦૦ ફૂટ જેટલે ઊંચે આવી પહોંચ્યાં. હવે શું થશે? બલૂનનો તથા તેના પ્રવાસીઓનો સર્વનાશ? ના. એમ ન થયું. એથી ઊલટું જ થયું. આલ્બેટ્રોસના કુશળ કપ્તાને પોતાના વિમાનના તૂતક પર આ પડતા બલૂનના ડબ્બાને ઝીલી લીધો. વિમાન પરના માણસોએ ડબ્બામાંથી પ્રુડન્ટ, ફિલ ઇવાન્સ તથા તેના કપ્તાનને બહાર ખેંચી કાઢયા. સાવ ખાલી થઈ ગયેલું બલૂન વિમાન પરથી ઊથલીને નીચે પડયું અને મેદાન પાસે આવેલી ઝાડીમાં અટવાઈ ગયું.

પ્રેક્ષકોમાંથી કેટલાં ય આ દૃશ્ય જોઈને આંખો મીંચી ગયાં. તેમને થયું કે જાણે તેમનું જ મૃત્યુ સામે આવીને ઊભું છે. પ્રુડન્ટ તથા ફિલ ઈવાન્સ ફરી પાછા એ જ રોબુરના કેદી બન્યા. હવે રોબુર તેમને છોડે ખરો? બસ, ખલાસ! આ મહાન વિજયને દિવસે આવા વિનાશની તો કોઈએ કલ્પના પણ શાની કરી હોય? નિરાશા, સર્વનાશનો ઘોર અંધકાર છવાઈ ગયો.

એકાએક વિમાન અદૃશ્ય થવાને બદલે નીચે ઊતરવા લાગ્યું. ભવ્ય ગતિથી તે ધીરે ધીરે જમીનની નજીક ને નજીક આવતું ગયું, તેમ આપોઆપ જ પ્રેક્ષકો એ

ભાગમાં વહેંચાઈ ગયાં ને વિમાનને જમીન પર ઊતરવા માટેની જગ્યા કરી આપી. નિરાશાના અંધકારમાં કુતૂહલ-ની વીજળી ચમકવા લાગી.

આલ્બેટ્રોસ જમીનની લગભગ અડોઅડ આવી ગયું. માત્ર છ જ ફૂટ જમીનથી ઊંચે રહીને અટકી ગયું. પ્રેક્ષકો આ ભવ્ય દૃશ્યને થંભેલ શ્વાસે જોઈ રહ્યા. વિમાનના તૂતક પર કઠોડાને અઢેલીને રોબુર ઊભો રહ્યો. આખા વાતા-વરણમાં ગાઢ શાંતિ છવાઈ ગઈ. એક માત્ર વિમાનના ઉપરના પંખાઓનો એકધારો અવાજ કોઈ દૂર પડતા ધોધમાંથી આવતો હોય એમ આવ્યા કરતો હતો. જાણે આ અવાજનો પડઘો પાડતા હોય એવા એક ગંભીર અવાજે રોબુર બોલ્યો:

'અમેરિકાનાં નાગરિકો, તમારી વેલ્ડન સંસ્થાના પ્રમુખ તથા મંત્રી ફરી મારા કબજામાં આવ્યા છે. તેમને મારા કબજામાં રાખવામાં હું કાંઈ ખોટું કરું છું, એમ નથી. તે મારો અધિકાર છે. પણ આલ્બેટ્રોસના આ મહાન વિજયે તેમના દિલમાં ઇર્ષ્યાની આગ ઉત્પન્ન કરી છે. હવાઈ ઉડ્ડયનના શાસ્ત્રમાં જે મહાન ક્રાંતિ આવી રહી છે, તે જોવા માટે તેમની નજર આંધળી બની ગઈ છે. જાઓ! તમને બંનેને હું છૂટા કરું છું.'

પ્રમુખ, મંત્રી અને બલૂનના કપ્તાન ત્રણે ય જણ વિમાન પરથી કૂદીને નીચે પડ્યા.

આલ્બેટ્રોસ જમીનથી ૪૦ ફૂટ ઊંચે ચડ્યું. રોબુરે આગળ ચલાવ્યું:

'અમેરિકાના નાગરિકો, મારો પ્રયોગ આજે પૂરો થાય છે. મારા દિલમાં એક મુરાદ હતી કે મારા આ પ્રયોગમાં તમને પણ ભાગીદાર બનાવું, પણ મને લાગે છે કે એ માટે હજુ વખત પાકયો નથી. તમે આ શોધ તથા શોધકનું તેજ ઝીલવા જેવા ઉદાર નથી. હજુ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે પણ વેર ભરેલાં છે. આવી સ્થિતિમાં આ મારી મહાન શોધ તમારી પાસે ખુલ્લી કરવી, તે બાળકના હાથમાં છરી આપવા જેવું છે.

'એટલે જ હું અત્યારે જાઉં છું. મારું રહસ્ય મારી પાસે જ સાચવી રાખું છું. પણ તે રહસ્ય એક કાળે માનવી સમસ્તની મિલકત બનવાનું છે, એમાં મને શંકા નથી. આ મહાન શોધનો ઉપયોગ જગતના કલ્યાણમાં કરવા જેટલા તમે ડાહ્યા થશો, અને તેનો દુરુપયોગ ન થાય તેની કાળજી રાખો તેવા થશો, ત્યારે આ મહાન રહસ્ય તમારી સમક્ષ ખુલ્લું થશે. બસ ! સલામ.'

આલ્બેટ્રોસ પોતાના ૭૪ પંખાઓને ચાલુ કરીને આવ્યું હતું, તે જ દિશામાં ઊપડી ગયું, અને જોતજોતામાં અદૃશ્ય થઈ ગયું. પ્રેક્ષકોમાંથી તાળીઓની ગર્જના ઊઠી.

પ્રુડન્ટ અને ફિલ ઈવાન્સની શરમનો પાર ન હતો. વેલ્ડન સંસ્થાનો એકેએક સભ્ય શરમથી ઊંચું માથું ન કરી શકયો. તેમને શું કરવું તે જ સૂઝતું ન હતું. તેમને માટે એક જ માર્ગ હતો અને તે ઘરે જવાનો.

વેલ્ડન સંસ્થાના પ્રયોગનો આ અંત જોઈને પ્રેક્ષકા-

એ આ નીચે મોંએ ઘર તરફ વળી રહેલા વેલ્ડન સંસ્થાના સભ્યોને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા. આ તાળીઓ પાછળનો ભાવ સમજવો કોઈ સભ્યના માટે અઘરો ન હતો. તેમનાં મોઢાં પર શરમનાં ફૂંડાં જ ઢળી પડ્યાં.

*

અને આ રોબુર કોણ છે? આપણે તેને ઓળખ્યો?

હા. આજે આપણે તેને ઓળખી ગયા છીએ. રોબુર એ ભવિષ્યનું વિજ્ઞાન છે, આવતી કાલના વિજ્ઞાનની તે મૂર્તિ છે.

આલ્બેટ્રોસ હજુ પણ ગગનમાં ઘૂમી રહ્યું હશે? હજુ પણ તેનું ગગનસામ્રાજ્ય અખંડિત હશે? એમાં શંકા લાવવાનું અત્યારે કંઈ કારણ દેખાતું નથી. રોબુર વળી પાછો તેના કહ્યા પ્રમાણે આપણી સમક્ષ આવીને પોતાનું પરમ રહસ્ય પ્રગટ કરશે? જરૂર. એ રહસ્ય પ્રગટ થવાનું અને તેની સાથે જ દુનિયાની સામાજિક, આર્થિક પરિસ્થિતિમાં ક્રાંતિ ઉત્પન્ન થશે.

બલૂન ગગનગામી થઈ શકે ખરું પણ ગગનરાજ તો આ વિમાન જ થવાનું. હવા પરના વિજયની પતાકા તો આલ્બેટ્રોસ પર જ ફરકવાની.

●

નવાં પ્રકાશનો

અજનને ગોખે નિરંજન વર્મા	જયમલ્લ પરમાર	૩-૮
જીવનશિલ્પીઓ	,,	૨-૮
ખંડિત કલેવરો	,,	૩-૦
જગડામાં વસનારાં	,,	૧-૦
પ્રેમી પંખીડાં	,,	,,
આંગણાંનાં શણગાર	,,	,,
ઊડતાં ભંગી	,,	,,
કંઠે સોહામણાં	,,	,,
રૂપરૂપનાં અંબાર	,,	,,
પશમી અને બીજી વાતો	સ્વ. હરજીવન સોમૈયા	૨-૮
રાષ્ટ્રગીત	સં. કરશનદાસ માણેક	૧-૮
રવિવંદના		૨-૮
લગ્ન-એક સમસ્યા	'સોપાન'	૨-૮
શોધને અંતે	લાભુબેન મહેતા	૨-૦
પુરુષાર્થની પ્રતિમાઓ	ચંદ્રભાઈ	૨-૪
પ્રવાસપત્રો	,, રા. ના પાઠક	૦-૧૨
પાવકજ્વાળા	ચુનીલાલ મડિયા	૩-૮
વિશ્વદર્શન (૪૩/૪૪)	છો. મા.	૬-૮
જીવનનાં વહેણો	ર. છો. પરીખ	૩-૦
પશ્ચિમના સમરાંગણે	હ. સૌ.	૩-૦
બે વિચારધારા	દર્શક	૨-૧૨
પરિભ્રમણ	ઝવેરચંદ મેઘાણી	૩-૦
રવીન્દ્રવીણા	,,	૨-૮
વેરાનમાં	,,	૨-૦
સાંબેલાના સૂર	,,	૨-૮
'રંગ છે બારોટ!'	,,	૩-૦
માણસાઈના દીવા	ઝ. મેઘાણી	૨-૮
સંત દેવિદાસ	,,	૧-૦
લખચોરાસી	પન્નાલાલ પટેલ	૩-૦
પ્રાચીના	ઉમાશંકર જોષી	૨-૮
આલોચના	રા. વિ. પાઠક	૩-૮
સાહિત્યવિહાર	અનંતરાય રાવળ	૩-૦
પુનરાગમન ભા. ૧—૨	સ્વ. હરજીવન સોમૈયા	૫-૮
કાંટાની વાડ	હોલ કેઇન	૨-૮
દીઠું મેં ગામડું જ્યાં	રતિલાલ અદાણી	૩-૦
દીપનિર્વાણ	'દર્શક'	૩-૪
સુવર્ણમૃગ	રા. ના. પાઠક	૩-૦
દવાનો છેલ્લો ઘૂંટડો	ભૂપતરાય દવે	૨-૧૨
હઠીલાં દર્દો	,,	૧-૮
દૂધ	કાંતિલાલ શાહ	૨-૦
સત્તાવન	નગીનદાસ પારેખ	૨-૮
પરિવર્તન	પીતાંબર પટેલ	૪-૦
મેડકકુમારી	મયૂર	૦-૧૨
જંગલનો રાજા	,,	૦-૧૨
ફૂલમણી	,,	૦-૧૨
ભૂતાવળ	,,	૧-૦
સર્પયજ્ઞ	,,	૧-૦
દેવ અને દાનવ	,,	૧-૮
વૈશાખી પૂનમ	,,	૨-૧૨
કાયાકલ્પ ખંડ ૧-૨	પ્રેમચંદજી	૪-૦
ખંડ ૩		૩-૦
ક્રાન્તિ		૪-૦
કાળચક્ર	ઝવેરચંદ મેઘાણી	૩-૮

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ગ્રામદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર નાં પ્રકાશનો

દીપનિર્વાણ (બીજી આવૃત્તિ)
દર્શક ૩-૪-૦

બે વિચારધારા
દર્શક ૨-૧૨-૦

કેળવણીની પગદંડી
નાનાભાઈ ભટ્ટ ૩-૮-૦

અંધારના સીમાડા (નાટક)
મૂળશંકર ભટ્ટ ૧-૮-૦

નાનસેન
મૂળશંકર ભટ્ટ ૧-૪-૦

ઇતિહાસકથાઓ-૧: રોમ
દર્શક ૧-૮-૦

ઇતિહાસકથાઓ-૨: ગ્રીસ (બે ભાગ)
દર્શક ૧-૧૨-૦

દૃષ્ટાંતકથાઓ
નાનાભાઈ ભટ્ટ ૧-૦-૦

હવે પછી

ઉત્તરયાત્રા
સ્વામી આનંદ

ધૂળધોયા
દર્શક

અબ્રાહમ લિંકન
મૂળશંકર ભટ્ટ

મુખ્ય વિક્રેતા

ભારતી સાહિત્ય સંઘ લિ.
અમદાવાદ : મુંબઈ

કોડિયું

ગામડાંના અને રાષ્ટ્રના પુનરુત્થાનના
પ્રશ્નોની કેળવણીની દૃષ્ટિએ
ચર્ચા કરતું માસિક

તંત્રી
નાનાભાઈ ભટ્ટ

•

વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ચાર : પરદેશમાં શિલિંગ આઠ

ગ્રામદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
આંબલા

મુખ્ય વિક્રેતા

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
મુંબઈ અને અમદાવાદ

श्री सरस्वती छापखानुं : भावनगर